હઝરત સલ્લ૦ એ ફરમાવ્યું છે,
"ખુદા જેના વિષે ભલાઈ ચાહે છે તેને
દીનમાં સમજ આપે છે."

વસીલતુન નજાત

અથવા

છુટકારાનો વસીલો.

ફારસીથી ભાષાંતર કરી છપાવી
પ્રસિદ્ધ કરનાર
મુનશી ઈબ્રાહીમ પીરભાઈ [illegible]
એડીટર "મુમન મિત્ર"
મુંબઈ નં-૭

કીંમત દશ આના.

હઝરત સલઠ એ ફરમાવ્યું છે,
"ખુદા જેના વિષે ભલાઇ ધારેછે તેને
દીનમાં સમજ આપેછે."

વસીલતુન નજાત

અથવા

છુટકારાનો વસીલો.

ફારસીથી ભાષાંતર કરી છપાવી
પ્રસિદ્ધ કરનાર

મુનશી ઈબ્રાહીમ પીરમહંમદ
એડીટર "મુમન મિત્ર"
મુંબઈ નં-૭

કીંમત દસ આના.

મોહરમ સને ૧૩૪૦ હીજરી.

આવૃતી પહેલી. નકલ. ૧૦૦૦

ધી અમરસિંહજી પ્રી. પ્રેસમાં પઠાણ નુરખાન અમીરખાન
વકીલે છાપ્યું.

લાલ દરવાજા—અમદાવાદ.

અર્પણ પત્રિકા.

મહેરબાન જનાબ હામીએ કોમ

શેઠ હાજી અલીમહંમદ જલાલુદીન

મુ. મુંબઇ

દુઆ અને સલામ સાથ જણાવવાની રજા લઉં છું કે:—આપ સાહેબની આમ ઇસલામી સેવાઓ સારી રીતે જાણીતી છે. તેમજ કેટલાક વર્ષોથી ખાસ કરીને પોતાની મુમન કોમની સંસારિક, ધાર્મીક અને નૈતિક વગેરે સ્થિતિ સુધારવાની આપની સતત કોશીશ અને તેવાજ મુમનોના ઉદય અર્થે કેળવણીની ખીલવણી માટે મુંબઇ, મહીકાંઠા વીગેરે તરફ આપના તન, મન અને ધનના ખરચાળુ પ્રયત્નો; ઉપરાંત આપ સાહેબના અનેક સોનેરી કાર્યો અને સદ્‌ગુણો તેમજ હીતકારી કાર્યોથી આકર્ષાઇ અમારી તરફથી પ્રગટ થએલી આ નાહનકડી મઝહબી કિતાબ આપને અતિ માનપુર્વક પ્રેમ સાથે અર્પણ કરૂં છું.

લી. ખાકસાર

મુનશી ઈબ્રાહીમ પીરમહંમદ

એડીટર "મુમન મિત્ર"

પ્રસ્તાવના.

અલહમ્દો લિલ્લા હિલલઝી અલા મા અનઅમ વ સલલ્લાહો અલા સૈયદેના વ નબીયેના વ મૌલાના મોહંમદીંવ વ અલા આલેહી વ જમીએ અસ્હાબેહી વ જમીએ અઝવાજેહી વ અનસારેહી, મન હલલતિદ હિયમ વમા જુરરત અલલ મુઝનેબીના અઝયાલુલ કરમ વ સલ્લમા તસલીમંવ વ શરરફ્ા વ કર્રંમ.

માનવંત વાંચક વર્ગની જનાબમાં ઘણીજ નમ્ર વિનંતી છે કે કેટલાક વર્ષોથી ગુજરાત પ્રાંતમાં સુન્ની અને શીઆ મુસલમાન ભાઇયો વચ્ચે મઝહબી બાબતમાં ભારે ખટપટે દેખાવ દીધો છે. તવારીખ જોતાં બન્ને મઝહબવાળાઓને ધડો લેવો જોઇતો હતો કે સ્વાર્થીઓએ જ્યારે પણ આવી તકરારો ઉભી કરી, મટી ગયલી દુશ્મની અને દ્વેષભાવને તાજા કીધા છે ત્યારે હંમેશ ઇસ્લામના દુશ્મનોએ એવા કંકાસની તકનો લાભ લઇ બંને કોમોને જાન માલની ભારેમાં ભારે હાની પહોંચાડી છે. જે કોઇ સાહેબને એવા

બનાવની ખબર નહીં હોય અને તેઓ સાહેબ એવા સેંકડો દાખલામાંનો એકાદ નમૂનો જાણવાને આતૂર હોય તો તેઓ સાહેબે હિંદુસ્તાનના પ્રખ્યાત ઈતિહાસક અને નોવેલિસ્ટ લખનૌવાળા મૌલાના અબ્દુલ હલીમ " શરર " સાહેબની " ઝવાલે બગદાદ " નામે એજ વિષયપર લખેલી ચોપડી વાંચી પોતાની ખાત્રી કરવી.

મારી મુમન કોમમાં પણ ભોળા લોકો, કેટલાક સ્વાર્થી અને પેટ પૂંજીયાઓના ઉશ્કેરવાથી, મજકુર માર્ગ તરફ દોરાઈ તેનાપર હાલ ચાલી રહ્યા છે અને તેઓના શીકાર બને છે. ઇસ્લામપર આ જમાનામાં જે આફ્તો આવી પડી છે અને હજુ ભવિષ્યમાં આવતી જણાય છે તેને દુર કરવા માટે દરેક સુન્ની અને શીયા ભાઇએ જાન માલથી તૈયાર થવાનાં સાધનો શોધવામાં અને વિચારવામાં પોતાનો કીમતી વખત ગાળવો જોઇએ, કે જે રવૈયો હાલ હિંદુસ્તાનના શીઆ અને સુન્ની ભાઇયોએ અખત્યાર કીધો છે અને શીઆ પંથના હાલના નામીચા મુજતહેદ સાહેબો દિલ્હીની જમઇયતે ઓલમાએ હિંદમાં શામેલ થઇ પોતાની શીઆ કોમને તે તરફ દોરી રહ્યા છે. કારણ કે એવી

આફ્તોની વખતે એવીજ રીતે એકત્ર થઇ તે આફ્તોને પોત પોતાની શક્તિ મૂજબ દૂર કરવાનાં સાધનો તૈયાર કરવાનો ખુદાઇ ખુલ્લો હુકમ કુરઆને શરીફ્માં છે કે " વ અઇદ્દૂલહુમ મસ્તતઅતુમ "

મુમન કોમનાં જે કારણુથી દિન પ્રતી દિન કુસપ વધતો જાય છે, અને દરેક તરાહના ફીસાદે પગ પેસારો કર્યો છે તેનું મૂળ કારણુ કુરઆન તથા હદીસ અને પોતાના બુઝુર્ગોએ બતાવેલા ખરા માર્ગથી ભટકવાનું તેમજ હક નાહકને બરોબર ન સમજી શકવાનું છે. જેથી આ ફેલાયલી વ્યાધિને જાણી તેનો બની શકે તેવો સારો ઇલાજ મને એજ જણાયો કે સુન્ની અને શીઆ પંથો વચ્ચે જે અસલ મતભેદ છે તેનાપર સારી રોશની નંખાશે તોજ એ રોગ ફેલાતો અટકી, મારી કોમપણુ એકત્ર થઇ ઇસ્લામના રક્ષણુમાં ભાગ લેવા, બીજી કોમો સાથે તૈયાર થઇ જશે અને પોતાના જાન માલને હાનિકરતા કામોને એકદમ હાલ પડતા મુકશે.

શીઆ અને સુન્ની પંથમાં સૌથી મોટો મતફેર, સઘળા સહાબીયો [રદી૦] ને અને તાબઇનો [રહ૦] ને પાકા અને સાચા મુસ્લમાન માનવા કે માત્ર

પાંચ સાતેકનેજ ખરા મુસલમાનો માની બાકીનાઓને "મુનાફિક" એટલે ઢોંગીઆ ખોટા મુસલમાનો માનવાનો છે. સુન્નીઓ, તેઓ સઘળાઓને પાકા અને ખરા સાચા દીનદાર મોમિન મુસલમાનો માનવાને પોતાની પાસે કુરઆન, હદીસ અને "ખૈરૂલ કોરૂન" એટલે, ર૭૦ હિજરી સન સુધીના સઘળા દીનચુસ્ત મુસલમાનોના એક મતને પોતાના પંથની મુખ્ય મજબૂત અને ખુલ્લી ત્રણ દલીલો માને છે.

શીઆ પંથવાળા મ્હોંથી દાવો તો કરે છે કે અમે પણ કુરઆનને, અહેલે બૈતના ઈમામો (રદી૦)ની હદીસોને અને "ઈજમાઅ" એટલે શીઆ પંથના આગલા સઘળા આલેમોના એકત્ર મતને અમારા પંથની ત્રણ દલીલો તરીકે બેશક માનીએ છીએ પણ જયારે સહાબા [રદી૦] ના કુફ્ર અને નિફાકના વિષયના ખરા ખોટારાં તપાસવા બેસતાં શીઆ પંથની મજકુર દલીલોજ તેઓના સાચા મોમિન મુસલમાન હોવા બાબત કોઇ રજુ કરે છે ત્યારે શીઆ ભાઇઓ તે ખુલ્લી દલીલોમાં તકીય્યહ વીગેરેનાં ખોટા બહાનાઓનો આશરો લઈ "વોહી આલુકી તરકારી જો અવ્વલ થી વો અબ ભી હય" ની કહેવત પ્રમાણે ખરી વાતને ઉડાવી દે છે, જે

આજ સુધીના હમેશના અનુભવથી સાબેત થયલી વાત છે, અને તેથીજ એવી બાબતપર કંઇ અજવાળુ નાંખવાથી દરેક માણસનું મન સંકોચાય છે.

પણ નહીં એવા વિચારથી કે દરેક કોમમાં બધા માણસો જક્કી કે બેઈન્સાફ હોતાં નથી; સોમાં પાંચ તો એવા જરૂર હશે કે જે આ ચોપડીપર અને તેની પ્રસ્તાવનાપર ઈન્સાફની નજર નાંખી ધર્માંધ-પણુ પોતાના ભેજામાંથી થોડીવારને માટે કાઢી નાંખી જરૂર વિચારશે કે " અરે ! અમે આ શું માની રહ્યા છીએ ? (૧) ખુદાપાકના ખુલ્લા કલામ, (૨) ઇમામો [રદી૦] એ કીધેલી તેની ખુલ્લી તફસીરો (૩) ઈમામો [રદી૦] ની અમારાજ મઝહબની જાહેર હદીસો. એ ત્રણે તો એવી ચુસ્ત, સાચી અને ખુલ્લી દલીલો છે કે જેનાપર અમારા દીન અને પંથનો પાયો છે. તેઓથી શું અમારે મ્હોં ફેરવી નકાર કરવો જોઇએ ? કદિ નહીં, કદિ નહીં.

ઇનશાઅલ્લાહો તઆલા જે માણુસ મજકુર વીચાર મનમાં લાવી આ પ્રસ્તાવનાની અને કીતાબની શીઆ પંથની લાજવાબ દલીલોપર નજર નાંખશે તેને ખરૂં ખોટું દેખાયા વગર રહેશે નહીં. ખરૂં

દેખાયા પછી તે પર ચાલવું અથવા નહીં ચાલવું, અલબત્ત, એ ખુદાઈ તૌફીક અને તે માણુસની હિંમતપર આધાર રાખે છે.

શીઆ પંથના એકત્ર મત કે "ઇજમાઅ" માટે પણુ થોડું લખું છું કે તે કયા પ્રકારનો છે. ઇસ્નાઅશરી શીઆ પંથવાળા "ઈજમાઅ" તેજ એકત્ર મતને માને છે કે જેની સાથે બાર ઇમામો [રદી૦] માંથી એક પણુ ઈમામ [રદી૦] નો કોલ દાખલ હોય. જો એવો કોઇ એકત્ર મત હશે કે જેની સાથે બારમાંથી એકપણુ ઈમામ (રદી૦) નો કોલ નહીં હશે તો તેવા " ઇજમાઅ " ને તેઓ એકેમતે બાતેલ માને છે. જેના પરથી સાબીત થઇ ગયું કે " ઇજમાઅ " નામની દલીલ તેઓએ પોતાના પંથમાં ફોકટ, માત્ર નામની ખાતર રાખેલી છે. ખરૂં જોતાં તેઓના મઝહબની નકલ કરવામાં આવતી બેજ દલીલો છેઃ— [૧] કુરઆન [૨] બાર ઇમામો (રદી૦) માંથી એક પણુ ઈમામનો કૌલ કે વચન કે હદીસ અને તેથી કરીને સાબેત થઇ ગયું કે જે કોઇ બાબતમાં એક પણુ ઇમામ [રદી૦] નો ખુલ્લો કૌલ કે ખુલ્લી હદીસ હશે તેવો દરેક કૌલ શીઆ પંથના આગલા વિદ્વા-

નોનો એકત્ર મત કે " ઇજમાઅ " માનવોજ પડશે, અને તેથી કરીને સઘળા કે એક પણ સહાબી [રદી૦] ના સાચા અને પાકા મોમિન મુસલમાન હોવા માટે બાર ઇમામોમાંથી જે કોઇ ઇમામનો કોલ કે હદીસ હશે, તેવી વાત શીયા પંથની બે દલીલો [૧] હદીસે ઇમામ અને [૨] ઇજમાઅથી સાબેત થયલી દરેક શીઆ ભાઇને માનવીજ પડશે.

હવે સઘળા સહાબા અને ત્રણે ખલીફાઓ (રદી૦) માટે પ્રસ્તાવના અને કિતાબમાં મજકુર બન્ને દલીલોજ લખી હું અને આખી ઈસ્લામી દુન્યા અજમાવવા માંગીએ છીએ કે કુરઆન મજીદ અને બાર ઇમામો (રદી૦) ને માનવાનો શીઆ પંથ જે દાવો કરે છે તેમાં તેઓ કેટલે દરજજે સાચા છે. જો તેઓએ બેઇન્સાફી વાપરી બહાના કાઢયાં તો આખી ઇસ્લામી ઇન્સાફી દુન્યાપર સૂર્ય કરતાં પણ વધારે સાફ રીતે રોશન થઇ જશે કે એ તેઓના મ્હોંનો માત્ર દાવોજ દાવો છે. ખરૂં જોતાં તેઓ પોતાના નફસાની તરંગો [મનો વૃત્તીઓ] ના તાબેદાર છે; જે તરફ તેઓના તરંગ ખેંચે છે, ખરૂં ખોટું તપાસ્યા વગર, કુરઆન કે ઇમામની હદીસની દરકાર

કીધા વગર, તેઓ તે તરફ દોડયા જાય છે અને તેજ માર્ગપર ચાલે છે. વસ્સલામો અલા મનિત્ત-બઅલહુદા.

હવે માત્ર કુરઆનથી અને ઇમામો (રઝી૦) ના શીઆ પંથમાં એકમતે મનાયલા સાચા વચ-નોથી મારા દાવાને સાબેત કરનારી દલીલો નકલ કરૂં છું:—

અહેલે બૈતના ઇમામો, પોતાના મોમિન બંદા-ઓની આગળ કુરઆનને દેખાડીને, સુચનાઓ આપીને અને પોતાના અસરકારક ભાષણોથી ચોક્કસ ધ્યાન ખેંચીને પોતાના મુખલિસ શીઆઓને શી શીખામણ આપતા તે સાંભળો:—" હઝરત ઇમામ જઅફરે સાદિક (અલ૦) થી રીવાયત છે કે આપે ફરમાવ્યું કે, બેશક આજ કુરઆન (કે જે લોકોના અને અમારા હાથમાં છે) દીનનો સાચો રસ્તો મેળવવા અને તેપર ચાલવા માટે પૂરેપૂરો પ્રકાશ (અનવાર) છે અને એવા ચકચકીત દીવો છે કે જે વડે દીનથી ફરી જવાનું અને સાચા રસ્તાપરથી ભટકી જવાનું અંધારૂ તદન નાબૂદ થઇ જાય છે." વળી બીજી

રીવાયત હ. ઇમામ મોહંમદ બાકિર (રદી૦) થી આવેલી છે કે આપે ફરમાવ્યું "જે વખતે અને જે સમયમાં અંધારી ઘોર રાત્રીઓ સમાન દીનમાં એવો ફિત્નો ફેલાય કે જેમાં ખરૂં ખોટું લોકો પારખી શકે નહીં તે વખતે (ઓ લોકો ! ઓ અમારા ખરા દિલથી ચાહનારા અને માનનારા (મુખલિસ) શીઆઓ ! !) બધી ચીજો છોડી કુરઆનનો આશરો લો. કેમકે (એજ કુરઆન શફાઅત કરનારૂં છે અને એની શફાઅત અલ્લાહની જનાબમાં કબુલ પણ થાય છે. જે માણસે એને પોતાના (દરેક કામમાં) આગળ રાખી તેની આગેવાની પાછળ ચાલ્યો તેને કુરઆન (બેશક) જન્નતમાં લઇ જાય છે." (લખનૌના શીયા પંથના સુલતાનુલ ઉલમા જનાબ મૌલવી સયદ દિલદારઅલીની, સને ૧૨૧૮ હિ૦ માં કલકત્તામાં છપાયલી કીતાબ સવારિમ પાનુ ૧૮૬)

શીઆ પંથના ઇમામુલ મોહકકેકીન સૈયુદુત તાએફા અલ્લામાં તુસી સાહેબ પોતાની પ્રખ્યાત તફસીરમાં લખે છે કે, "પછી ખુદાપાક મોહાજિરીન અને અનસારના બયાનને શરૂ કરે છે, અને તેઓની તારીફો કરે છે કે (જે લોકો ઇમાન લાવ્યા અને

તેઓએ હિજરત કીધી અને ખુદાના રસ્તામાં જિહાદ કીધો) એટલે જે લોકોએ ખુદા અને રસુલને જીભ અને દિલવડે સાચવ્યા અને પોતાના ઘરો અને વતનોથી હિજરત કીધી એટલે મક્કાને છોડી મદીનામાં આવી રહ્યા અને માત્ર એટલીજ ઇજાઓ ખમી બેસી ન રેહતાં દીનને પ્રસારવાને માટે અલ્લાહની રાહમાં જેહાદ પણ કીધા [અને જે લોકોએ] એટલે અનસારીઓએ (તે લોકોને) એટલે હિજરત કરીને આવનારાઓને પોતાને ત્યાં (આશરો આપ્યો) અને જનાબ નબી (સલ૦) ની (મદદ કીધી એજ પાકા સાચા મોમિન બંદાઓ છે) (સીપારો ૧૦ મો રૂકુઅ ૬ ઠો) એટલે એજ લોકો એવા સાચા મોમિન બંદાઓ છે કે હિજરત, જિહાદ ફી સબીલિલ્લાહ અને (જનાબ નબીયે અકરમ (સલ૦) ની મદદ કરીને જેઓએ પોતાનું ઇમાન સાબેત કરી દેખાડ્યું પણ જે લોકો મુશરિકોના મુલકમાં (તેઓની સાથે) રહી ગયા તેઓએ એમાંનું કંઇજ કીધું નહીં (એટલે તેઓ મજકુર લોકોમાં ગણાયા પણ નહીં.)”

ઇરાન દેશની રાજધાની તેહરાનમાં હી. સ. ૧૨૭૫ માં છપાયલી શીઆ પંથમાં સૌથી ઉત્તમ જે

તફસીરો મનાય છે તેમાંની એક તફસીર શીઆ પંથના નામાંકિત આગેવાન અલ્લામા તબરસીની તફસીર મજમઉલ બયાનના પાના ૨૦૦ માં મજકુર આયતની તફસીરમાં છે કે " પહેલાં તો ખુદાપાકે સારાં કામોની આજ્ઞા અને નઠારાં કામોથી રોકાણ તથા અટકાવ કરવાનું બયાન કરી પછી તે લોકોનું વર્ણન કીધું કે જેઓ સારાં કામોજ કરવાનો હુકમ કરે છે અને નઠારાં કામો કરવાની (સખ્ત) મનાઈ કરે છે. અને તેથી કરીને ઉમ્મતના બીજા લોકો હંમેશ તેઓની તાબેદારી કરે એટલાજ માટે (ખુદાપાક અને રસૂલ (સલ.) ની જનાબમાં તેઓ કેવી પ્રસંશા (તારીફો) ને લાયક છે તે) જાહેર કરવા આખી ઉમ્મત આગળ તેઓને ઉદ્દેશીને (મુખાતબ કરીને) ફરમાવ્યું કે " કુન તુમ ખૈરા ઉમ્મતિન " જેમાં મહાન મુફસ્સિર સાહેબે પોતે કબુલ રાખ્યું અને પોતાના શીઆ પંથવાળાઓને ખુલ્લી રીતે જણાવી દીધું કે એ આયતમાં તેજ લોકોની તારીફ છે કે જે લોકોને, ખુદા અને રસૂલે (સલ૦) આગલી અને પાછલી ઉમ્મતોમાં ઇમાન અને ઇસ્લામમાં સૌ કરતાં ઉંચા દરજ્જાના ગણ્યા છે, ગણે છે અને

ગણુશે. હવે તે કયા લોકો છે તેને માટે અલ્લામા સાહેબ પોતે કબુલ રાખી, સઘળા શીઆ સાહેબોને કબૂલ રાખવા ફરમાવે છે કે "એ આયતમાં કયા લોકોને મુખાતબ કીધા છે તેમાં (શીઆ પંથના આલેમોનો) મતફેર છે. (૧) કેટલાક આલીમોનો મત એ છે કે એ આયત ખાસ કરીને હિજરત કરનારા (મોહાજેરીન) જેટલા (સહાબીયો) છે તે સઘળાઓના માટે છે, (૨) અને કેટલાક આલિમો ફરમાવે છે કે એ આયતમાં (પાંચ સાત સહાબીયો અને પંજેતન પાક તથા અહલે બૈતે નબી (સલ૦) અને તેઓ પછીના બીજા ઇમામો (અલ૦) એકલા નથી પણ જનાબ નબી (સલ૦) ના) સઘળા સહાબા [રદી૦] તરફ આ ખિતાબ કરવામાં આવ્યો છે [સુબહાનલ્લાહ] [પછી મુફસ્સિર સાહેબ ત્રીજા કોલને મંજુર રાખી ભાર દઇને ફરમાવે છે કે] (૩) પણ [એ ખિતાબમાં તો મોહાજેરીન તેમજ સઘળા સહાબાઓ જેમ દાખેલ છે તેમજ જનાબ નબી [સલ.]ની] સઘળી ઉમ્મત પણ શામેલ છે." જેને માટે આખી દુન્યાના સુન્નત જમાત મુસલમાનો તરફથી હું મોફસ્સિર સાહેબનો ઉપકાર માની શુક્રીયા અદા કરૂં

છુ કે તેઓએ પોતાની દાનાઇથી સુન્ની શીઆનો ભેદ કાંઢી નાંખી સઘળી મોહમદી ઉમ્મતને એક ગણી કુસંપનો નાશ કરવાની શીઆ અને સુન્ની બન્ને પંથોને અહીં ખાસ સૂચના ફરમાવી છે. તેમજ બારીકીથી જોતાં ખુલ્લે ચોક તેઓએ કબૂલ રાખ્યું છે કે ત્રણે મહાન ખલીફા [રદી૦] તેમજ બીજા સહાબીઓએ ખિલાફત, ફીદક વિગેરે માટે જે કંઇ કીધું છે તેમાં એક પણ ડગલું તેઓએ પોતાના અથવા પારકાના અથવા અહેલે બૈતના હકો માટે એવું ભર્યું નથી કે જેથી એક લેશ માત્ર પણ ખુદા અને રસૂલ [સલ૦] તેઓથી એક પલકવારને માટે પણ નાખુશ થાય.

પછી મજકુર અલ્લામા લખે છે કે "(કુનતુમ ખૈરા ઉમ્મતિન)" ફરમાવી ખુદાપાકે સખ્ત તાકીદ કરી દીધી કે બેશક ભવિષ્ય એટલે આવતા વખતમાં (એટલે જ્યાં સુધી તેઓ દુન્યામાં જીવતા રેહશે ત્યાં સુધી) તેઓ એમજ રહેશે અને હમેશ માટે તેવાજ સૌથી શ્રેષ્ટ રેહવામાં કંઇ પણ ફેરફાર તેઓમાં આવશે અથવા કરવામાં આવશે નહીં. અને તેના માટે દાખલા તરીકે એક આયત એ છે કે ખુદાપાક (પોતાને માટે) ફરમાવે છે કે "વકાનલ્લાહો ગફૂરર રહીમા"

એટલે ખુદાપાક ગુનાહોનો માફ કરનાર અને માયાળુ હતો. પણ અહીં વર્તમાન, ભુત અને ભવિષ્ય (હાલ, માઝી અને મુસતકબિલ)ને માટે તાકીદ કરવાની અને જરા પણ શક શુબેહ વગર ત્રણે કાળ અથવા જમાનામાં તેઓજ માફ કરનાર અને માયાળુ હોવાની તે પોતાની તારીફ કરે છે. તેવીજ રીતે ઉપલો ખિતાબ "કુનતુમ" અગરજે માઝી (ભૂતકાળ) માં છે, પણ તેને ત્રણે કાળ (ઝમાના) લાગુ પડે છે." સઘળા સહાબાના ઇમાન અને ઇસલામ માટે જે શંકા શીઆ પંથ તરફથી હંમેશ ઉભી કરવામાં આવતી હતી કે તેઓ સઘળાઓના ઇમાન અને ઈસ્લામ તથા મોટાઈયો માટે જેટલી આયતો કુરઆનમાં છે તે સઘળી આયતો ઉતરવાને વખતે સઘળા સહાબા (રદી૦) તેવાજ સારા હતા પણ જનાબ નબી (સલ૦) ની વફાત પછી તેઓ બદલાઈ જઇ શીઆ પંથના માનવા પ્રમાણે દીનથી ફરી જઇ (મુર્તદ) થઇ શકે છે, તેનો સંપુર્ણ રદ મજકુર તફસીરે સારી રીતે જાહેર કરી દીધો કે જેવી રીતે ખુદા પાકને માટે " કાના ગફૂરર રહીમા " (એટલે ખુદાપાક માફી આપનાર માયાળુ હતો) શબ્દો હોવા છતાં તેના અર્થ ખુદાપાક

માફી આપનાર, માયાળુ હતો, છે અને રહેશે, લેવા જોઇએ તેવીજ રીતે સઘળા સહાબાની મોટાઇઓ માટે આવેલી સઘળી આયતોના પણ એજ અર્થો લેવા જોઇએ કે તેઓ સઘળા સદ્‌ગુણો તેમજ ખુદા અને રસૂલ (સલ૦) ના માનીતા હોવામાં મોહંમદી ઉમ્મતમાં સૌથી ચઢીઆતા હતા, છે અને રેહશે, અને એજ સુન્નત જમાતનો અકીદો છે.

જનાબ નબીએ અકરમ (સલ) ના વખતમાં એક મોટો બનાવ બનેલો છે તે અત્રે વિગતવાર લખવું યોગ્ય જણાય છે. હુઝુર પુરનુરે (સલ) ઉમરો કરવાનો ઈરાદો કીધો અને મક્કાના કાફિરો રખેને લડવા તૈયાર થઇ જશે અને રખેને મક્કામાં દાખલ થવા દેશે નહીં એવો સંભવ હોવાને લીધે, આપે સહાબીઓ (રદી) ઉપરાંત બીજા ગામડિયા લોકોને એ સફરમાં આપ (સલ) ની સાથે ચાલવા નોતર્યા. પણ ગામડાઓમાં રેહનારા ઘણા અરાબોએ આપ (સલ) ના હુકમ તરફ બેદરકારી દેખાડી અને આપ (સલ) ની સાથે થયા નહીં. માત્ર તેજ સાહેબો આપ (સલ) ની સાથે થયા કે જેઓ ઇમાનથી અને આપની મોહબ્બતથી ભરપૂર હતા. જ્યારે મક્કાની પાસે પોંહચ્યા

ત્યારે કુરૈશના કાફિરો આડે આવ્યા ત્યારે આપે (સલ) હરીશ [રદી] ને મક્કાના આગેવાનો પાસે મોકલ્યા કે તેઓને આવવાનું કારણ કહે પણ મક્કાવાળા જ્યારે તેઓને કતલ કરવા તૈયાર થયા ત્યારે તેઓ પાછા આવ્યા. પછી આપે [સલ] હઝરત ઉસમાન (રદી. ત્રીજા ખલીફા) ને તેઓને સમજાવવા મોકલ્યા, જેઓને મક્કાના કાફિરોએ તરત કેદ કરી લીધા પણ લોકોમાં એવી અફ્વા ફેલાઇ ગઈ કે તેઓને કતલ કરવામાં આવ્યા. એ ખબર સાંભળતાંજ હુઝુરે [સલ] સઘળા સહાબિયો [રદી] કે જેઓની ગણત્રી રિવાયતોના મતફેર પ્રમાણે ચારસોથી લઇને ૨૩૦૦ સુધીની હતી બોલાવ્યા અને એક ઝાડની નીચે બેસીને એક પછી એક તેઓ સઘળા પાસે એ બાબતનો એકરાર, કોલકરાર અથવા બૈઅત લીધી કે મરી જઇએ ત્યાં સુધી કુરેશની સાથે કતલ ચલાવશું. હઝરત ઉસમાનનું વેર લેશું, અને ગમે તે થઇ જાય પૂઠ ફેરવશું નહીં પછી તેઓએ દરેકે ઘણીજ રાજીખુશીથી બૈઅત કીધી માત્ર કૈદ બિન કૈસે કે જે મોનાફિક હતો, બૈઅત કીધી નહીં. આ સફર અને બૈયતથી મોનાફિકો અને સાચા મોમિનો કોણ છે તે જાહેર થઇ ગયું, અને

સાચાઓથી જુઠા સાફ પરખાઈ ગયા તેથીજ એ બૈઅતનું નામ બૈઅતુર રિદવાન પાડવામાં આવ્યું.

મજકુર બૈઅત કરનારાઓમાંજ સુંનત જમાઅત જે દસ સહાબીઓને અશરતુલ મોબશશરા કહે છે એટલે જેઓને માટે જંનતી હોવાની જનાબ રસુલુલ્લાહે (સ. અ. સ.) પોતે ખુશખબરી આપી છે* તેઓ પણ હતા. અને જાહેર છે કે તેઓમાં આપ (સલ)ના ચારે ખલીફાઓ (રદી) પણ આવી જાય છે. એજ સઘળા સાહેબોને માટે અલ્લાહ પાકે એ આયતો નાઝિલ કીધી કે "ખોદા પાક રાઝી થઇ ગયો તે મોમિનોથી કે જેઓએ ઝાડની નીચે આપની બૈઅત કીધી. તેઓના દિલોની સાંચી મોહબ્બત એથી જાહેર થઇ ગઈ કે જો તેઓ મોનાફિક હોત તો કદી પણ એવા ભયભરેલા વખતે બૈઅત કરતે નહીં જેવી રીતે કે મોનાફિકોએ

---

* તે દસ સહાબીઓનાં નામ:—

૧— હઝરત અબુબકર, ૨—હઝરત ઓમર, ૩— હઝરત ઓસમાન, ૪—હઝરત અલી, ૫—હઝરત તલહા, ૬—હઝરત ઝોબૈર ૭ હઝરત સઅદ બીન અબી વક્કાસ, ૮ હઝરત સઇદ બિન ઝૈદ, ૯—હઝરત અબદુરરહમાન બિન ઔફ ૧૦—હઝરત અબુઓબૈદા (રદીયલ્લાહો અનહુમ અજમઇન.)

કીધી નહીં તેઓના દિલોને શાન્તિ આપવામાં આવી કે જેથી જરા પણ બીક કે ભય વગર તેઓ લડવા તૈયાર થઇ ગયા અને મરવા મારવાપર તમારા હાથપર બૈઅત કીધી.” [સીપારા ૨૬ નો ૧૧ મો રૂકુઅ તફસીર સાથે.]

હવે મોટો સવાલ એ ઉભો થાય છે કે એ આયત કુઆનની છે કે નહીં ? જો છે તો જે લોકોએ ઝાડની નીચે આપ [સલ]ના હાથપર બૈઅત કીધી તેઓનેજ માટે છે કે નહીં ? જો તેઓ માટેજ છે તો તેમાં હઝરત અબુબકર (રદી). હઝરત ઉમર [રદી] અને હઝરત ઉસમાન [રદી] વીગેરે મહાન સહાબીયો દાખલ હતા કે નહીં ? જો હતા તો ખોદાપાકે તે સઘળાઓને માટે જે કહ્યું છે કે “ખોદાપાક તે મોમિનોથી રાજી થઈ ગયો” તેઓમાં તે સાહેબો પણ દાખલ ગણાશે કે નહીં ? જો નહીં તો તેઓને કમી કરવાની કુર્આનની કંઇ મજબુત દલીલ છે ? અને જો તેઓ પણ તે બૈઅત કરનારાઓમાં ગણાઇ ગયા તો જાહેર છે કે તેઓથી દુશમનાઇ રાખવી કે જેઓથી ખોદા રાઝી થયલો તે પોતે ફરમાવે, એ કુઓનથી ઇન્કાર કરવો છે કે નહીં ? હવે શિઆ પંથની જે

હદીસોમાં આવેલું છે કે હઝરત જનાબે અલી (રદી,) અહલેબૈત અને બાકીના ઇમામો, ત્રણ કે ચાર સહાબીયો સિવાય બધાઓને કાફિર મુર્તદ ગણતા હતા, એ દાવો કેવી રીતે સાબેત થશે ? જો હદીસોને ખરી માનવા જઇએ છીએ તો કુર્આનનો ઈન્કાર લાગુ પડે છે અને કુર્આનને માનવા જઇએ તો શીઆ પંથની હદીસોથી હાથ ઉઠાવવો પડે છે.

જો એવી શંકા ઉભી કરવામાં આવે કે તેઓએ જાહેરમાં બૈઅત કીધી પણ તેઓનું દિલ સાફ નહીં હતું અને દિલની ખબર કેવી રીતે જાણી શકીએ ? તો પોતે એજ મજકુર આયતમાં તેનો પણ જવાબ છે કે " તેઓના દિલોમાં શું હતું તે જાણી લીધું " અને તેથીજ તેઓનાં દિલોને શાન્તિથી ભરપુર કરી દીધાં. જો તેઓ મોનાફિક હોત તો કદી પણ તેઓનાં દિલોપર ખોદાપાક શાન્તિ ઉતારતે નહીં. કોઇ સાહેબના મનમાં એવી શંકા ઉભી થાય કે જ્યારે આવી ખુલ્લી આયતો અને હદીસો મૌજુદ છે છતાં શીઆ પંથના આલિમો તેઓની મોટાઈ તો કોરે રહી તેઓના ઇમાનથીજ ઈન્કાર કેમ કરે છે, કોઇ પણ કારણ હોવુંજ જોઇએ. નહિ તો એમ તો થઈ શકતુંજ નથી

કે શીઆ પંથના સઘળા આલીમો, મૌલવીઓ, મુજ-તહિદો અને દાઇઓ એટલા બધા અણુસમજુ હોય ? એનો જવાબ તેમની ઘણીજ માનીતી ગણાતી કીતાબોના લખાણોજ તેઓને ખાત્રીપૂર્વક આપશે કે તેઓ બધા અણુસમજુ હતા કે અક્કલના ભંડાર હતા, ઇનસાફી અને નિષ્પક્ષપાત હતા કે પક્ષપાત (તઅસ્સુબ) વાળાા હતા, જેનો દરેક ઇન્સાફી સમજુ માણસ પોતેજ ફેંસલે કરી શકશે.

હવે મજકુર આયતની તફસીર કરતાં શિઆ પંથના જાણીતા અને ઘણાજ માનીતા આગેવાન અલ્લામએ કાશાની પોતાની તફસીરમાં શું ફરમાવે છે તે ખાસ ધ્યાન દેવા લાયક વાત છે કે " આપે (સલ) ફરમાવ્યું કે જે મોમિનોએ ઝાડની નીચે (મારી) બૈઅત કીધી તેઓમાંથી એક પણ માણસ જહંનમમાં જશે નહી" અને બૈઅતનું નામ એટલાજ માટે બૈઅતે રિદવાન પાડવામાં આવ્યું કે અલ્લાહ પાકેજ તેઓને માટે ફરમાવી દીધું કે " લકદ રદેયલ્લાહો અનિલ મોમિનીન ઇ." એવી ખુલ્લી આયત અને તેની તફસીર કરનાર એવી ખુલ્લી હદીસ અને તેને રીવા-યત કરનાર શીઆ પંથના આવા મહાન આગેવાન મોજુદ હોવા છતાં મજકુર સઘળા સહાબીયોને જો

કોઇ જહંનમી ગણે અગરજો તેઓમાંના એકને પણ જહંનમી માનવાની મનાઇ હદીસ મજકુરના ખુલા શબ્દોમાં છે, તો તેનું કારણ શીઆ પંથના આગેવાનોને પ્રગટ કરવુંજ જોઇએ. જો એમ કહેવામાં આવે કે એ આયત બધાઓને લાગુ પડતી નથી તો પાછો સવાલ એ ઉઠશે કે આયતમાં તો બધા સહાબીયોથી રાજી થવાનું બયાન છે. જો શીઆ પંથના માનવા પ્રમાણેજ હોય તો જેટલાઓથી ખુદા પાક નારાઝ હતો તેટલાઓનાં નામ પ્રગટ કરી દેવાં હતાં, અથવા તો આયત એવી રીતે હોવી જોઇતી હતી કે ઝાડની નીચે બઅત કરનાર સઘળા મોમિનોથી ખુદા રાજી નથી પણ કેટલાએકથી બલ્કે માત્ર પાંચ સાતથીજ રાજી છે. કેમકે જેવી રીતે બધા મોમિનોથી રાજી થવાનું જાહેર કરવું અલ્લાહ પાકને ઠીક જણાયું તેના કરતાં ખરા મોમિનો અને જૂઠા મોનાફિકોને જાહેર કરવા એ ઇસ્લામને માટે ઘણુંજ અગત્યનું અને ઘણુંજ ફાયદાકારક હતું વળી જો એમ કહેવામાં આવે કે અહલે બૈતના મજકુર કુઆનમાં કે જેનું બયાન હું ઉપર લખી આવ્યો છું, અને જે કુઆન હઝરત ઇમામે ગાયબની પાસેજ સંતાડી રાખવામાં આવેલો છે, મજકુર તમામ સહાબીયોનાં નામ છે કે જેઓ મોનાફિક હતા અને

જે સઘળા મુર્તદ થઇ જવાના હતા, ત્યારે વાંધો ઉઠાવનાર તો કહેશે કે મહોંનો દાવો સાબિતી વગર નકામો છે. જ્યાં સુધી તે કુર્આનને અમે અમારી આંખે જોઇએ નહીં અને હઝરત ઇમામે ગાયબ અલૈહિસ્સલામ, એ વાતને સાચવે નહીં કે બેશક આ કુરઆન તેજ ગાયબ કુરઆન છે અને બેશક તેમાં લખેલાં સઘળા સહાબા (નઉઝો બિલ્લાહ) મોનફિક અને મુર્તદ હતા, ત્યાં સુધી અમે કબુલ રાખી શકતા નથી.

હઝરત ઈમામ અસકરી અલૈહિસલામે, કે જેઓને શીઆ પંથનો મોટો ભાગ ઇમામે ગાયબ માને છે. એક કામ ઠીક કીધેલું જણાય છે તે એ કે અસલી કુર્આન તો પોતે લઇ ગયા પણ હાલમાં જે મોજુદ કુર્આન છે તેની એક તફસીર શીઆ પંથ માટે તેઓમાં છોડી ગયા છે. નવાઈ જેવી વાત છે કે જે કુર્આનને એવો ખોટો પોતે ઇમામો માને તેનીજ તફસીર કરવામાં અને લખવામાં ખોદા પાકની ઇબાદત છોડી તેઓ પોતાનો કીમતી વખત નકામો ખુએ! એથી તો સાબિત થાય છે કે જે કુર્આન મોજુદ છે એજ અસલી કુર્આન છે, નહીં તો તે સાહેબો એની તફસીર લખવામાં પોતાનો વખત ગાળવાને ઇબાદત ગણુતે નહી.

કેમકે એ વાતને તો બંને ટોળાં શીઆ અને સુન્ની એકેમતે માને છે કે તેઓ પોતાના વખતની એક સેંકડ પણ ખુદા પાકના કામ વગર બીજા કોઇ કામમાં ગાળનારા હતા નહીં. હવે તેજ તફસીરમાં કેટલી બધી નવાઇની વાત છે કે હઝરત ઇમામે ગાયબ સાહેબ લખે છે કે " જો કોઇ માણસ (હઝરત) મોહંમદ (સ. અ. સ.) ની આલ સાથે અથવા (હઝરત) મોહંમદ (સલ) ના સહાબાની સાથે અથવા તેઓમાંના એકની સાથે પણ દુશ્મની રાખશે તો તે (એકલા) ના ઉપર ખુદા પાક એવો સખત અઝાબ કરશે કે જો તે (અઝાબ) ને સઘળી મખલુકપર વહેંચવામાં આવે તો તેઓ સઘળા નાબૂદ થઇ જાય. " જેના ખુલ્લા શબ્દોપરથી એ વાત જાહેર થાય છે કે જેવી રીતે આલે રસૂલ (સ. અ. સ.) માંથી એકની પણ દુશ્મની દિલમાં રાખવી હરામ છે :તેવીજ રીતે જનાબ રસૂલુલ્લાહ (સ. અ. વ.) ના એક પણ સહાબીની દુશ્મની રાખવી હરામ છે.

મને અત્રે યોગ્ય લાગે છે કે " સહાબી " એ શબ્દના અર્થો પણ શીઆ પંથની રૂએ શા લેવાયલા છે તે નકલ કરૂં. મહા વિદ્વાન જનાબ કાઝી

નૂરૂલ્લાહ શોસ્રી સાહેબ પોતાની જગપ્રસિદ્ધ કિતાબ મજાલિસુલ મોમીનીનમાં મજકુર શબ્દની વ્યાખ્યા (તઅરીફ) એવી રીતે લખે છે કે સઉથી વધારે જાહેર કોલ મૂજબ " સહાબી " તે માણસને કહેવામાં આવે છે કે જેણે હઝરત પયગમ્બર (સ. અ. સ.) ની મુલાકાત એવી હાલતમાં લીધી હોય કે તે આપ (સ. અ. સ.) પર ઇમાન લાવ્યો હોય " પણ સુન્નત જમાતવાળા મજકુર બે શરતો ઉપરાંત એક ત્રીજી શરત સહાબી હોવા માટે એ પણ લગાડે છે કે જનાબ નબી (સ. અ. સ.) પર ઈમાન લાવે અને આપ (સલ) ની જીંદગીમાંજ આપને જુએ એટલુંજ નહીં પણ પોતે મરી જાય ત્યાં સુધી ઇસ્લામ ઇમાન અને શરીઅતપર કાયમ પણ તે રહ્યો હોય એ શરત શીઆ પંથની ઉપલી બે શરતો કરતાં કેટલી જરૂરી છે તે ધ્યાન આપવાને લાયક છે.

હવે રખેને કોઇ સાહેબને શંકા પેદા થાય કે શીઆ પંથની કિતાબોમાં વપરાયલા " સહાબીયો " અથવા " હઝરત મોહંમદ (સલ.) ના સહાબા " એ શબ્દની મતલબ અહલેબૈતની લેવાઈ હશે, તો તેને માટે પોતે તેઓને ત્યાં એકેમતે મનાયલી લુગાત

(શબ્દાર્થ) અને હદીસોજ એનો જવાબ આપણને આપી રહેલાં છે. લુગાતમાં " અસહાબ " કે " સહાબી " એ શબ્દ, સાથે ઉઠનાર બેસનાર, યાર દોસ્તોપર વપરાય છે, અને " અહલેબૈત " નો શબ્દ ખાસ કરીને ધણિઆણીઓપર અને સાધારણ રીતે આલ ઓલાદપર પણ કોઇ વખતે વપરાય છે. હવે ઈસ્લામી દીનને તપાસતાં શીઆ પંથ અને સુન્ની પંથ બંનેમાં "સહાબી" કે "અસહાબ" અથવા "સહાબા" એ શબ્દો જનાબ નબી (સલ) પર આપની જીંદગીમાં ઇમાન લાવી આપ (સલ.) ના રફીકો બની રહેલા લોકોને માટે ઈમામોનાં કૌલોમાં અને હદીસોમાં વપરાયલા મળી આવે છે. અને "અહલેબૈત" એ શબ્દ ઘણું કરીને બની ફાતેમાના ઉપર વપરાયલો જોવામાં આવે છે જેથી સાફ જાહેર થાય છે કે મજકુર બંને શબ્દોનો સબંધ બે જુદી જુદી પાર્ટીઓ સાથે છે, ઇમામો (રદી) ના કોલો અને જનાબ રસુલુલ્લાહ (સલ.) ની હદીસો જો આપ (સ. અ. સ.) ના રફીકોને માટે હોય છે ત્યાં "અસહાબી" કે " સહાબી " નો શબ્દ વપરાયલો હોય છે. અને જે ઠેકાણે હઝરત નબી (સલ.) ની બીબીઓ (રદી) અથવા આપ (સલ.) ના ખાનદાન અથવા કુટુંબ

કે આલ ઓલાદ (રઝી.) જેવા કે ઇમામો (રઝી.) ને માટે કંઇ બયાન કરવાનું હોય છે ત્યાં "અહલે બૈત" અથવા "ઇતરત" ના શબ્દો વપરાયલા નજરે પડે છે. દાખલા તરીકે "સકલૈન" વાળી હદીસમાં શબ્દ "ઇતરતી" અને "સફીના" વાળી હદીસમાં "મસલો અહલે બૈતી શબ્દોનો વપરાશ, એ બાબત ખુલ્લી દલીલો છે. જો "અસહાબ" અથવા "સહાબી" એ શબ્દો અલ્લાહના રસૂલ (સલ.) ના સાથીઓને માટે જ ખાસ નહીં હોત અને તે શબ્દો અહલેબૈતે નબવીને માટે પણ હોત તો આ ઉપલી હદીસોમાં "ઇતરતી" અને "અહલે બૈતી" શબ્દો ખાસ કરીને વાપરવાની કંઇ જરૂર જણાતી નથી ત્યારે તો આપ (સલ) ને "કિતાબુલ્લાહ વ અસહાબી" અને "મસલો અસહાબી" શબ્દો વાપરવાજ બસ હતા. તેમજ જો "અસહાબ"ની મતલબ અહલે બૈતે રસૂલની હોત તો હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (રઝી)ના સહીફએ કામિલામાં "અલ્લાહુમ્મા વ અસહાબે મોહંમદીન સલલલ્લાહો અલૈહે વ આલેહી વસલ્લમ"ની ઇબારતમાં "વ આલેહી" ફરીથી લાવવાની અને બોલવાની કંઇજ જરૂર જણાતી નથી. કેમકે તેજ આલનું

તો બયાન છે તેથી કરીને "સલલલ્લાહો અલૈહે વ અલૈહિમ વ સલ્લમ" કહેવુંજ જોઈતું હતું પણ આ દોઆમાં માત્ર સહાબાનુંજ બયાન કરવું હઝરત ઈમામ સાહેબ ચાહતા હતા તેથીજ કરીને "વ આલેહી" શબ્દો લાવીને સહાબા (રદી)ને આલે નબીથી જુદા પાડી તેઓની તારીફો કીધી.

શીઆ પંથના ઘણાજ માનીતા આગેવાનો હઝરત શેખ સોદુક સાહેબે પોતાની કિતાબ મઆનીચુલ અખબારમાં, અને અલ્લામા તબરસી સાહેબે પોતાની કિતાબ એહતેજાજમાં, અને ઇમામુલ મોહક્કેકીન અમીરૂલ મુજતહેદીન, જનાબ ફઝીલત મઆબ, જામેએ મઅકૂલો મનકુલ, હાવીએ ફોરૂઓ ઉસૂલ, ફાઝિલે મોહક્કિક, ખબીરે મોદક્કિક, મુલ્લા બાકિર મજલસી સાહેબે પોતાની સૌથી માનીતી અને મહાન કિતાબ બિહારૂલ અનવારમાં, અને મુલ્લા હયદર સાહેબ આમેલીએ પોતાની જગત પ્રસિદ્ધ કિતાબ જામેઉલ અસરારમાં, શીઆ પંથમાં ઘણીજ માતબર મનાતી કિતાબ ઓચુને અખબારથી લખ્યું છે, કે હાકિમ અબુ અલી અલ હસન બિન અહદુલ ત્રેહકીએ કહ્યું કે અમારી આગળ મોહંમદ બિન

યહ્યા અરસૌલીએ અને તેઓને મોહંમદ બિન મૂસા બિન નસરૂર રાઝીએ હદીસ બયાન કીધી કે મારા બાપે હદીસની રિવાયત કરી કહ્યું કે "કોઇએ હઝરત ઇમામ મૂસી રિઝા અલયહિસ્સલામથી પૂછ્યું કે જનાબ નબી (સ. અ. સ.)ની જે હદીસ છે કે મારા સહાબાઓ (આકાશના) તારાઓ જેવા છે, તેઓમાંથી જે કોઇની પણ તમે તાબેદારી કરશો તો હિદાયત અને (ખુદા પાકના આ પાક દીન ઇસ્લામનો) સાચો માર્ગ મેળવશો," અને બીજી હદીસ છે કે "મારા સહાબીયોને મારે માટે છોડો." એ હદીસો કેવી છે? ત્યારે આપે અલૈહિસ્સલામે ફરમાવ્યું કે આ ખરી [હદીસો] છે.

હઝરત ઇમામ મુસી રિઝા (રદી) થી આટલા બધા વિદ્વાનો જે હદીસને નકલ કરે અને તેમાં પોતે સવાલ કરનારને, કે એ બંને હદીસો ખરી છે કે ખોટી, ઝઇફ છે કે કવી, અહલેબૈતની શાનમાં છે કે સઘળા સહાબા (રદી)ની તારીફમાં, તો તેના જવાબમાં હઝરત ઇમામ સાહેબ જ્યારે ફરમાવી દીએ કે તે બંને "સહીહ" હદીસો છે, એટલે ખોટી નથી, ઝઇફ નથી, અને સહાબીઓ સિવાય બીજી બીજા કોઇની તારીફમાં નથી, તો પછી

કોઇ દલીલ લખવાની જરૂર જણાતી નથી. છતાં શંક-ઓનો નાશ થાય અને દરેક રીતે સઘળા સહાબીયોની દરેક તરેહની મોટાઈ, પુરેપુરૂં ઇસ્લામ અને સંપુર્ણ ઇમાન સાબેત થતાં હોય અને મજકુર હદીસોને પુરેપુરો લાજવાબ ટેકો મળતો હોય તેવી બીજી બે હદીસો અત્રે નકલ કીધા વગર મારાથી રહેવાતું નથી.

મહા વિદ્વાન જનાબ મુલ્લા હૈદર આમિલી સાહેબ પોતાની મશહુર કિતાબ જામેઉલ ઇસતફસારમાં હદીસ લખે છે કે "જનાબ નબી (સલ) ફરમાવ્યું કે "હું સૂરજ જેવો છું અને અલી ચાંદ જેવા છે અને મારા સહાબા તારાઓ (ગ્રહો) જેવા છે. તેઓમાંથી જે કોઇની તમે પૂઠે ચાલશો તો હિદાયત પામશો." એ હદીસની તફસીરમાં શીઆ પંથના મજકુર મહા વિદ્વાન લખે છે કે "કોમના મહાવરામાં વલાયતને સૂર્ય અને ચંદ્રની સાથે (ઉપમા) અપાય છે અને સૂર્ય અને ચંદ્રથી મતલબ નબીની વલાયત અને વલીની વલાયત છે. અને સઘળા આલેમોનો સંબંધ (નબી અને વલી)ની સાથે એવો છે કે જેવો સૂર્ય અને ચંદ્રની સાથે તારાઓને સંબંધ હોય છે ઇ૦ તેવીજ રીતે વસીઓ જાતે મોજૂદ હોય અને તેઓની

વલાયતનો પ્રકાશ હોય તે વખતે આલિમોને તાકાત અને પોતાને જાહેર કરવાની શક્તિ હોતી નથી અને એ સઘળી વાતોનો આધાર તે (હદીસ)પર છે કે જેની તરફ જનાબે નબીએ (સ. અ. સ.) પોતે એમ ફરમાવી ઇશારો કીધો છે કે "હું સૂર્ય જેવો છું અને (હઝરત) અલી ચંદ્ર જેવા છે અને મારા સહાબીઓ તારાઓ જેવા છે. તેઓમાંના એકની પણ જો તમે પૂઠે ચાલશો તો હિદાયત પામશો." જે ઉપરથી એટલી વાત તો ચોક્કસ સાબેત થઇ કે ઇમામો તો વસીઓમાં દાખલ ગણાયલા છે આલિમોમાં ગણાયલા નથી. અને મજકુર ઉપમાથી ઉલમાજ તારાઓ સાબેત થયા જે સહાબા સિવાય બીજા કોઈ થઈ શકતા નથી. કેમકે વસીઓ તો ચંદ્ર ગણાયા છે. અને તેથીજ અલ્લામા મજકુરના લખાણપરથી સાફ જણાઈ આવ્યું કે "મારા સહાબા તારા જેવા છે" એ હદીસમાં સહાબાથી મતલબ અહલેબૈતે રસૂલ અને ઇમામો નથી, પણ હઝરત નબી (સલ)ના સાથીઓ છે અને એજ મતલબ મારે અહીં સાબેત કરવી હતી. બીજો એક નુકતો એમાં એ પણ મળી આવ્યો કે જે આકાશમાં સૂર્ય અને ચંદ્ર હોય તેમાં બીજા તારાઓ

પણ હોવાજ જોઇએ અને જ્યારે હઝરત (સ. અ. સ.)ના મુબારક જમાનાના આકાશના સૂર્ય પોતે આપ (સલ) અને ચંદ્ર હઝરત અલી (રદી) ગણાયા તો સહાબીયો સિવાય બીજા કોઇને પણ તારાઓનો ઓધ્ધો લેવાને લાયક કોઇ સાબિત કરી શકશેજ નહીં, એ તો એક તદન ખુલ્લી વાત છે કેમકે જનાબ નબી (સલ) ના જમાનામાં તેઓ સિવાય બીજા કયા આલેમો હોઇ શકે ? બીજો એક ઘણોજ ઉમ્દા નુકતો એ પણ જાહેર થાય છે કે સહાબીયો (રદી) ને તારાઓની સાથે ઉપમા આપવામાં આપે (સ. અ. સ.) જેવી રીતે તેઓની તાબેદારી કરવાથી હિદાયત પામવાની મતલબ લીધી છે તેવીજ રીતે સહાબા, ચાર પાંચ વીસ પચ્ચીસ, સો બસો, હજાર દશ હજાર નહીં પણ લાખોની ગણત્રીમાં છે એ પણ મતલબ લીધી છે કેમકે એ તો દેખીતું છે કે તારાઓની સંખ્યા બે ચાર દશ વીશ, સો બસો, હજાર દશ હજારની હોતી નથી પણ લાખોની હોય છે. જેવી રીતે કે શીઆ પંથની માનીતી રિવાયતોથી હું ઉપર સાબેત કરી આવ્યો છું, અને તેથી કરીને શીઆ મઝહબમાં જે ચાર કે પાંચ સહાબા બાઇમાન ગણાઇ બાકીના બધા મુર્તદ ગણાયાર્ના

રિવાયતો છે તેનું ખંડન સાબેત થઇ એ પણ સાબેત થયું કે "મારા સહાબીઓ તારાઓ જેવા છે" એ હદીસ સહાબા (રદી)ને માટે શીઆ પંથમાં તદન ખરી છે, નહીં તો આટલો મોટો શીઆ મોહદદિસ તેનાથી દલીલ પકડતે નહીં.

ત્રીજી રીતે મજકુર હદીસને શીઆ પંથની હદીસોના મહાન આલિમ અને ઇમામોના ખાસ સહાબી શેખ સોદુક સાહેબે પોતાની કિતાબ મઆનિયુલ અખબારમાં રિવાયત કીધી :છે કે અમને મોહંમદ બિન અલહસન અહમદલ વલીદે તેઓને મોહંમદ બિન અલહસન સુફારે તેઓને હસન બિન મુસા ખશશાબે તેઓને ગિયાસ બિન કલુબે તેઓને ઇસહાક બિન અમ્મારે તેઓને હઝરત ઇમામે જઆફર (સાદિક) બિન મોહંમદ અને તેઓએ પોતાના બાપદાદા અલૈહિમુસ્સલામથી રિવાયત કીધી કે જનાબ રસુલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "ખુદાની કિતાબમાં તમને જે કંઇ મળી આવે તેનાપર તમને ચાલવુંજ જોઇએ તેને છોડવાને માટે તમને કોઈ પણ ઉજર થઇ શકતો નથી. અને ખુદાની કિતાબમાં જે કંઈ તમને (જાહેરમાં) મળી નહીં આવે તેવી બાબતમાં મારી સુંનતપર

તમારે ચાલવું. મારી સુંનતને છોડવા માટે તમને કોઇ પણ ઉજર થઇ શકતો નથી. અને જે બાબત મારી સુંનતમાં પણ નહિ હોય ત્યારે મારા સહાબીઓએ તે બાબત જે કંઇ કહ્યું હોય તે પ્રમાણે તમે પણ ચાલો. કેમકે બેશક મારા સહાબીયો તમારામાં એવા છે કે જેવા (અંધારી રાતમાં, મુસાફર અને વહાણવટીઓને માટે) તારાઓ (કે જેઓના અજવાળામાં તેઓને રસ્તો તેમજ કંઇ દિશાએ જવું જોઇએ એ બંને નજરે પડી તેઓ પોતાના ખરા માર્ગથી આમતેમ ભટકી જતા નથી. તેવીજ રીતે મારી શરીઅતના તેઓ તારા છે) જે કોઈ તેઓમાંના કોઇનાં પણ પગલે ચાલશે તો તે ખરા માર્ગપર રહેશે (દીનથી ભટકશે નહીં.) મારા સહાબીયોમાં જે કોઇના વચનોની તમે તાબેદારી કરશો તો સાચા માર્ગપરજ રહેશો અને સહાબીયોનો મતફેર તમારે માટે રહમત (અલ્લાહ પાકની કૃપા) છે." મજકુર હદીસ શીઆ પંથની સનદની રૂએ સહીહ હોવાને શીઆ પંથમાં હદીસોના ઇમામ અલ્લામા તબરિસી સાહેબે પોતાની કિતાબ એહતેજાજમાં અને જનાબ મુલ્લા બાકિર મજલસી સાહેબે બેહારૂલ અનવારમાં કબૂલ રાખેલું. વળી

સુન્નત જમાઅતની દલીલો કે મઝહબની અને દીનની દરેક વાતની દલીલ કુર્આનમાં સઉથી પહેલાં ઢુંઢવી, તેમાં નહીં મળી આવે તોજ હદીસોમાં ઢુંઢવી અને તેમાં નહીં મળી આવે ત્યારેજ સહાબા (રદી) ના અસરો (કૃત્યો અને વચનો) માં ઢુંઢી તેપર અમલ કરવું મજકુર હદીસથી સાફ સાબિત થઇ ગઇ અને એ પણ સાબિત થઇ ગયું કે જે બાબતોમાં સહાબીયોમાં મતફેર હોય, ઈમામ માટે હોય કે ખિલાફત માટે અથવા બીજા દીની કામો માટે. તે મતફેર તેઓ પોતાનો નથી પણ ખોદાપાકની ખાસ રહમત એટલે કૃપાથકી પેદા થયલો છે. અને એ બાબત તે મહાન લોકોને માટે કોઈપણ ખોટો વિચાર રાખવો અથવા લાવવો તે ખોદાપાકની રહમતને ધિકારવું છે. તેથીજ સુંનત જમાતવાળા એ બાબત પોતાની જીભ અને મનોવૃત્તિ [નફ્સાની ખ્યાલો] પર અંકુશ રાખે છે પણ આવી ખુલ્લી સાચી સહીહ હદીસને, શીઆ પંથવાળા કેમ છોડી બેઠા છે એનું યોગ્ય કારણ પ્રગટ થવું જોઇએ.

હુઝુર શમ્સે રિસાલત (સ. અ. સ.) ના દીનના અને અમારી હિદાયતના સઘળા તારાઓ [રદી] ની આવી મોટાઇ તેઓનું સંપુર્ણ ઇમાન અને જંનતી

હોવું સાબિત થયા પછી એ વાતની જરૂર રેહતી નથી કે આપ (સલ.) ના ખાસ ત્રણે ખલીફા હઝરત અબૂબકર સિદ્દીક [રદી] હઝરત ઉમરૂલ ફારૂક [રદી] અને હઝરત ઉસમાન ઝિન્નૂરૈન [રદી] ની મોટાઇ અને હરેક તરેહના આરોપોથી પાક હોવું સાબિત કરવાં પડે. પણ આ રિસાલો ઇસલામી દીનના આવા મહાન આગેવાનોની તારીફોથી ખાલી રહી જાય એ યોગ્ય નહીં જણાતાં શીઆ પંથનીજ માતબર દલીલોથીજ તેને મુબારક બનાવું છું.

ત્રણે મહાન ખલીફાઓની તારીફ. શીઆ પંથની હદીસોના મહા વિદ્વાન શેખ ઇબ્ને બાબૂયા કુમી સાહેબના પ્રખ્યાત નામથી કોઈ અજાણ નથી તેઓ પોતાની માતબર અને માનીતી કિતાબ મઆનિયુલ અખબારમાં હઝરત ઇમામ મૂસી રિઝા અલયહિસ્સલામથી રિવાયત છે કે હઝરત હસન બિન [રદી] થી રીવાયત છે કે જનાબ રસુલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે " અબૂબકર મારી સાંભળવાની શકિત ઠેકાણે છે અને ઓમર મારી જોવાની શકિતને ઠેકાણેછે. અને ઉસમાન મારા હૃદયને ઠેકાણુ છે." જ્યારે હઝરત ઇમામ હસન [રદી] હદીસથી સાબિત

ફરમાવે છે કે મજકુર ત્રણે ખલીફાને જનાબ નબી [સલ] ના ત્રણ મહાન ઘણાજ જરૂરી ગુણોને ઠેકાણેજ ઓ મુસલમાનો ! તમારે માનવા, ત્યારે જાહેર છે કે તેઓ જે મુબારક શરીરનાં ખાસ મોટા ગુણો છે તેની મોહબ્બત રાખવી અને તેઓની તાબેદારી કરવી તો દરેક મુસલમાનપર શીઆ હોય કે સુન્ની ફરજ હોય. પણ પોતે તે પાક શરીરના મજકુર ત્રણે મહાન જરૂરી ગુણોને દુશ્મન ગણવા બલ્કે કાફિર ગણવા ફરઝ હોય એ તમામ દુન્યાની અક્કલ અને નકલથી વિરૂધ્ધ જણાય છે, જે શીઆ પંથના અકીદાઓનું મૂળ છે. કેમકે વિશેષણ (સિફત) પોતાના વિશેષ્ય (મૌસૂફ) થી તદન જુદું હોય, વિશેષણ કુફરનું હોય અને તેજ વિશેષણનો વિશેષ્ય ઇમાન અને ઇસ્લામનો મુળ ભંડાર હોય, ગુણો તદન કુફરનાં હોય અને તેજ ગુણો કામેલમાં કામેલ ઇમાન અને ઇસલામ ધરાવનારી જાત (બદન) ને આપવામાં આવે અથવા તેની સાથે સંબંધ ધરાવે, એ દુન્યાની કોઇપણ ભાષાના વ્યાકરણ અથવા મનતક (ન્યાય શાસ્ત્ર) થી કોઇ સાબેત કરી શકશે ? સુબહાનલ્લાહ ! જાત તો હોય જનાબ નબી (સલ) જેવા ઇમાન અને ઇસલામ ધરાવનારી કે જે જાતેપાકને

શીઆ અને સુન્ની પંથો એકેમતે " બઅદઅઝ ખુદા બુઝુર્ગ તુઇ કિસ્સા મોખતસર " એટલે ખુદા-પાકની કદીમ જાતને અને તેની કદીમ સિફતોને છોડી અઝલથી અબદ સુધી પેદા કીધેલી તેની સર્વ મખલુકમાં સૌથી મોટો દરજ્જો, રૂત્બો અથવા પદ્વિ આપનેજ ઘટે છે. અને તેવી સર્વોત્તમ જાતના ગુણો (નઉઝો બિલ્લાહ] કુફ્રનાં હોય ! વિશેષ્ય તો હોય સૈયદુલ અંબીયાએ વલ મુરસલીનનો અને તેનાં વિશે-ષણો દુન્યામાં સૌથી મોટામાં મોટા કુફ્રનાં ! ! ખુદા-તઆલા આવા ખ્યાલોથી બચાવે.

હઝરાતે શૈખેન એટલે પેહલા ખલીફા હઝરત અબુબકર અને બીજા ખલીફા હઝરત ઉમર (રદી)ની મોટાઇમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિ-સલામે ફરમાવ્યું છે કે " તેઓ બંને ઈમામો છે, અને બંને ઇન્સાફવાળા અને બંનેઆદિલો છે. બંને હક અને સાચ્ચાઇપર હતા અને (તેજ) સત્ય ઉપર તેઓ બંને મરણુ પામ્યા અને કેયામતને દહાડે તેઓ બંનેપર અલ્લાહની રહમત થાય." અહિલ્સએ નકિય્યા શીઆ પંથના સુલતાનુલ ઉલમા, મોજતહેદ, સઈયદ મોહંમદ સાહેબની સને ૧૨૮૨ હિં.માં લુધ્યાણાં શેહેરમાં છપાયલી કિતાબ.

શીઆ પંથના ઘણાજ પ્રખ્યાત આગેવાન અલ્લામા શૈખ હિલ્લી સાહેબ પોતાની અતિ પ્રખ્યાત કિતાબ શરહે તજરીદમાં લખે છે કે આપ (હઝરત અલી) અલૈહિસ્સલામે એક દહાડે મિંબરપર (ઉભા રહી પોતાના ખુતબામાં) ફરમાવ્યું કે હું છું સિદ્દીકે અકબર (એટલે અબુબકર) અને હું છું ફારૂકે આઝમ (એટલે ઉમર). અબુબકર મુસલમાન થાય તે પેહલાં હું ઇસલામ લાવ્યો અને તે (એટલે અબુબકર) ઈમાન લાવે તે પેહલાં હું ઇમાન લાવ્યો." સુબહાનલ્લાહ વલ હમ્દોલિલ્લાહ ! હઝરત અમીરૂલ મોમિનીન અલી (કરમ) નેજ મોઢે બંને ખલીફાઓનું ઇમાન અને ઈસ્લામવાળા હોવું કેવા ખુલ્લા શબ્દોમાં સાબિત થઈ ગયું ! કોઇને શંકા પેદા થાય કે હઝરત અબૂબકર સિદ્દીક [રદી] નું તો નામ આપે લીધું પણ હઝરત ઉમર (રદી) નું લીધું નથી તેથી તેઓનું ઇમાન અને ઇસ્લામ કેવી રીતે સાબીત થયાં તો તેનો પેહલો જવાબ તો એ છે કે હઝરત ઉમર (રદી) આપથી એટલા બધા પછી મુસલમાન થયા હતા કે તે અહીં ફરમાવવાની જરૂર હતી નહીં કેમકે મુસલમાન થવામાં આપનો ચાળીશમો નંબર છે.

અલબત ઓરતોમાં સઉથી પહેલાં ઉમ્મુલ મોમિનીન હઝરત ખદીજા (રદી) ઇમાન લાવ્યાં અને છોકરાઓમાં હઝરત શેરે ખુદા (રદી) સઉથી પહેલાં આપ (સલ) પર ઇમાન લાવ્યા. મરદોમાં હઝરત અબુબકર સિદ્દીક (રદી) સઉથી પહેલાં ઇમાન લાવ્યા છે. તેમાં સવાલ એ ઉઠતો હતો કે હઝરત અલી (રદી) અને હઝરતે સિદ્દીક (રદી) બંનેમાં સઉથી પહેલાં કોણ ઈમાન લાવ્યા તેનો જવાબ મજકૂર હદીસથી જણાય છે કે હઝરત અમીર [રદી] સઉથી પહેલાં ઇમાન અને ઇસ્લામ લાવ્યા હતા.

પણ આ ઠેકાણે એ વાત સાબિત કરવાની કે કોણ પહેલાં ઇસ્લામ લાવ્યો અને કોણ પછી લાવ્યો એ મતલબ નથી. મતલબ તો એટલીજ છે કે શીયા પંથના મહાન આગેવાનોએ બંને ખલીફાઓને માટે જે લખેલું છે કે " (મુસલમાન થવાની) પહેલી ઘડીથીજ તેઓ ઇમાનનો લેશ માત્ર પણ ભાગ રાખતા નહતા અને એ વાતપર ઇમામીયા (શીઆ પંથવાળા) ઓનો એકત્ર મત છે " (મોજતહેદ સઇયદ મોહંમદ સાહેબ લખનવીની લુધ્યાણાના " મજમઉલ બહરૈન " છાપખાનામાં સને ૧૨૮૧ હિ૰ માં છપા-

ચલી કિતાબ ઝુલફુકાર પા૦ ૫૮) તેના મુકાબલામાં પોતે જનાબે અલી (રદી) નો કૌલ અને અકીદો દેખાડી દેવો છે કે તેઓ સાહેબ, એ વાતો ફના ફિસ સિદ્દીક અને ફના ફિલ ફારૂક હતા કે પોતાની ઝાતને તે બંનેની જાતો સરખીજ ગણી અને તેઓનું જેવું ઇસ્લામ અને ઇમાન હતું તેવુંજ પોતાનું ગણ્યું. જો એમ નહીં હોત અને શીઆ પંથના અકીદાઓ મુજબ તેઓ (નઉઝો બિલ્લાહ) કાફિર અને મુર્તદ હોત તો જેમ એક અદના દરજાનો મુસલમાન એમ કહેવાને કુફર ગણે છે કે હું ફિરઓન છું હું નમરૂદ છું તેના કરતાં વધારે બુરૂં. હઝરત મૌલા અલી [રદી] એ વચન કહેવાને ગણતે કે " હું સિદ્દીક છું હું ફારૂક છું. " અને તેથીજ બીજો જવાબ પણ ઉપલી શંકાનો નીકળી આવ્યો કે હઝરત ઉમરનું નામ હઝરત અબુબકરની પેઠે ઇસ્લામ અને ઇમાન લાવવા માટે આપે કેમ નહીં લીધું.

જનાબ કાઝી નૂરૂલ્લાહ શોસ્રી કે જેઓનાં વચનોને આખો શીઆ પંથ આકાશપરથી ઉતરનારી વહી સરખાં ગણે છે. તેઓ પોતાની કિતાબ મજાલિ-

સુલ મોમિનીનમાં ફરમાવે છે કે " જે લોકોએ શીઆઓ ઉપર આરોપ મુકયો છે કે તેઓ અબુબકર અને ઉમરને કાફર માનનારા છે એ એવી તો બેબુનયાદ વાત છે કે તેઓ [એટલે પંથ] ની ઉસૂલની કિતાબોમાં તેની જરાપણ અસર જણાતી નથી." ઉપરના લખાણમાં હું સાબિત કરી આવ્યો કે સઇયદ મોહંમદ મોજતહિદ સાહેબ તો બંને ખલીફાઓના, પહેલી ઘડીથી તેઓની છેલ્લી ઘડી સુધીના કુફ્ર ,ર શીઆ પંથનો એકત્ર મત લખે છે, તેના મુકાબલામાં એવા મહાન કાઝી સાહેબ પોતાની એવી નામીચી કિતાબમાં તે બાબત સખત ના પાડે છે, તેમજ ઉપલી હદીસમાં હઝરત અલી પોતે તેઓને કામેલ ઇમાનવાળા હોવું સાબીત કરી રહ્યા છે.

પહેલા ખલીફા હઝરત અમીરૂલ મોમનીન સઇયદેના અબુબકર સિદ્દીક (રદી)નું કુફ્ર અને દીનથી ફરી જવાની જે પંથમાં આટલી બધી ધુમધામ છે તેઓનીજ મુબારક ઝાતને માટે તેજ પંથમાં કેવી રિવાયતો વર્ણાયલી છે તેના કેટલાક નમુના અત્રે દેખાડું છું. શીઆ પંથવાળા આજે લગભગ હજાર વર્ષથી પોતાના જે મહાન ઇમામને સરમન રાયના ગારમાં

અસલી કુર્આનની સાથે સંતાડી બેઠા છે તેજ ઇમામ અસકરી (અલ) હાલ જે કુર્આન અમારા હાથોમાં છે તેની સૂરએ બકરની તફસીરમાં એક હદીસની રિવાયત એવી રીતે બયાન ફરમાવે છે કે "(જનાબ જિબ્રીલે અમીં (અલ)ની મારફતે) ખુદાપાકે વહી ફરમાવી કે અલ્લાહપાક આપને સલામ ફરમાવે છે, અને ફરમાવે છે કે કુરૈશમાંના કાફિરોએ અને ખાસ કરી અબુજહલે આપને કતલ કરવાનો મજબુત ઠરાવ કીધો છે તેથી આપને જોઇએ કે અલીને પોતાની જગ્યા (બિછાના)પર છોડી અબુબકરને પોતાનો રફીક ઠેરવી સાથે લઇ જાઓ. જો તે (અબુબકર) પોતાનાં વચન [ઇમાન]પર મજબુત રેહશે તો જંનતમાં બલ્કે અઅલા ઇલ્લીઇનમાં તે તમારી સાથેજ રેહશે. ત્યારે આપે અબુબકરથી પુછ્યું કે શું તમે [હિજરતના] આ સફરમાં મારી સાથે થશો ? અને શું તમે એ વાતપર રાજી છો કે કુરૈશના કાફિરો જેવી રીતે મારી કતલ કરવાને મને શોધી રહેલા છે તેવીજ રીતે તેઓ તમને ઢુંઢે ? અને એ વાત પ્રખ્યાતી પામે કે તમેજ મને એ કામ (હિજરત) કરવાપર તત્પર કીધો છે અને તેથી કરીને મારા સોબતી બનવા થકી તમારાપર તરેહતરેહની મુશીબતો આવે ?

[હઝરત] અબુબકરે અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! હું તો તે માણસ છું કે જે આપની મોહબ્બતમાં સોથી ભારે ઇજાઓથી ઘેરાઇ જાઉં અને કીયામતના દહાડા સુધી તેમાં ગુંથાએલો રહું અને તેના બદલામાં આખી દુન્યાનું રાજ્ય મને મળી જાયે તોપણ તે ઇજાઓ ખમવાને હું વધારે સારૂં ગણું છું. મારી જાન, મારો માલ, મારાં બાલબચ્ચાં સૌને આપના ઉપરથી કુર્બાન કરૂં [ઓવારૂં] છું. આપને છોડી હું કયાં જઇશ !

*કફે પા બ હર ઝમીને કે રસદ તો નાઝનીંરા
બ લબે બ્યાલ બોસમ હમા ઉમ્ર આં ઝમીંરા

એ સાંભળી જનાબ રસૂલૂલ્લાહે (સલ) ફરમાવ્યું કે તમે જીભથી જે કહો છો તેમજ તમારા દિલમાં હશે તો તે જાણી ખુદાપાક તમને મારી સાંભળવાની શકિત, મારી જોવાની શકિત તરીકે ગણશે અને તમને મારી સાથે એવો સંબંધ થઇ જશે કે જેવો સંબંધ માથાને શરીર સાથે અનેઆત્માને દેહ સાથે છે " સાંભ-

---

* અર્થ:—આપનાં મોબારક નાજુક પગલાં જે જમીનને લાગી જાય તે જમીનને હું મારી આખી જીંદગી સુધી ચુંબન કરવાના ધ્યાનમાંજ લાગેલો રહું.

ળવાની (સમજ) અને જોવાની શકિત (અસર) એ ગુણો માટે મેં ઉપર લાંબુ વિવેચન કીધું છે તેથી તે અત્રે લખવાની જરૂર નથી. પણ અહીં માથા અને આત્માનો શરીર સાથે સંબંધ દેખાડી જનાબ નબીયે અકરમે (સલ) જે ઉપમા દીધી છે તેનાથીતો સાબિત થઇ ગયું કે હઝરત અબુબકર (રઝી) સંપૂર્ણ રીતે ફનાફિર રસુલ હતા. જેવી રીતે માથા અને પ્રાણ વગર એક સેકંડ પણ શરીરને ચાલે તેમ નથી તેવીજ રીતે દુન્યા અને આખેરતમાં હઝરત સિદ્દીકે અકબર વગર જનાબ રસુલુલ્લાહ (સલ) ને એક સેકંડ પણ ચાલે તેમ નથી અને જાહેર છે કે જ્યારે હઝરત અમીરૂલ મોમિનીન અબુબકરે (રઝી) આ સફરમાં અને તે પછી આખી ઉમર માત્ર આપ (સલ) ને માટેજ સઉ ઇજાઓ બરદાશ કીધી તેથીજ દુન્યામાં પણ તેઓ આપ (સલ.) થી જેવા રીતે જુદા પડયા નહીં તેવીજ રીતે આ દુન્યાને છોડયા પછી પણ ખુદાપાકે આપને કબરમાં પણ પોતાના પ્યારા નબી [સલ.]ના પડખામાંજ રાખ્યા અને કયામતમાં પણ ઈનશાઅલ્લાહ સઉ મુસલમાનો તેઓને આપ (સલ)ની સાથેજ જંનતમાં જોશે.

શીઆ પંથના મહા વિદ્વાન અલ્લામા શૈખ અલી બિન ઇસા અરદબીલી સાહેબ પોતાની પ્રખ્યાત કિતાબ કશફુલ ગુમ્મા ફી મઅરેફતિલ અઇમ્મામાં એક હદીસ એવી રીતે રિવાયત કરે છે કે "હઝરત ઇમામ અબુજઅફર (એટલે ઇમામ બાકિર) અલેહિસ્સલામથી કોઇએ પુછયું કે તરવારના હાથાપર ચાંદી કે સોનાનું પતરૂં ચઢાવવું જાયઝ છે કે નહીં ત્યારે ઇમામ સાહેબે જવાબ દીધો કે અલબત, કેમકે અબુબકર સિદ્દીકની તરવારપર પણ ચાંદીનું પતરૂં ચઢાવેલું હતું, હદીસનો રાવી કહે છે કે તે માણસે અરજ ગુજારી કે શું આપ પણ અબુબકરને, સિદ્દીક કહો છો ? એ સાંભળતાંજ હઝરત ઇમામ સાહેબ ગુસ્સામાં આવી જઈ પોતાની જગ્યાથી ઉછલી પડયા અને ફરમાવ્યું કે "નેઅમસ સિદ્દીક નેઅમસ સિદ્દીક, નેઅમસ સિદ્દીક (એટલે અલબત તેઓ સિદ્દીક છે.) જે કોઈ તેઓને સિદ્દીક નહીં કહે (અને દિલથી નહીં માની તેઓને માટે કંઈ ભુંડા વિચારો રાખે અથવા તેઓને ભુંડું બોલે) ખુદાપાક દુન્યા અને આખેરતમાં તેને સાચવે નહીં" અલ્લાહો અકબર વ લિલ્લાહિલ હમ્દ ! આ રિવાયતનો તો દરેકે દરેક શબ્દ

બએ ત્રણ ત્રણવાર ધ્યાન દઇને વાંચવા લાયક છે. પેહલાં તો એ જાણવું જોઇએ કે હઝરત ઇમામ સાહેબને સવાલ કરનાર શીઆ પંથવાળા શિવાય કોઇ બીજા પંથવાળો નહીં હતો. કારણ કે જો કોઇ બીજા મઝહબનો તે હોત તો "અબુબકરને આપ પણ સિદ્દીક કહો છો ?" એ સવાલ કદી કરતે નહીં જેનાપરથી સાબેત થાય છે કે આ જગ્યાએ હઝરત ઇમામ સાહેબે મજકુર શબ્દો તકીય્યાથી તો કહયાજ નથી. વળી તેના પુછવાથી આપ ગુસ્સામાં આવી પોતાની જગ્યાથી ઉછળી પડયા એથી સાફ જાહેર થાય છે કે આપ ખરા દિલથી હઝરત અબુબકર (રદી)ને એટલા બધા ઉંચા દરજાવાળા માનતા હતા કે એક પાકા સુન્નીને જેટલા ઉંચા દરજાવાળા હઝરત સિદ્દીકે અકબરને માનવું જરૂરનું છે.

કેમકે એક સુન્ની જેવી રીતે કોઇપણ બેઅદબીના શબ્દ હઝરત અબુબકર (રદી)ની શાનમાં બોલાતા સાંભળી શકતો નથી પણ બોલનારની સાથે તરતજ મરવા મારવાને માટે તૈયાર થઇ જાય છે, તેવીજ રીતે આપની જગ્યાથી આપનું ઉછળવું એ શું દેખાડી આપે છે તે વાંચકોપર છુપું નથી. જો તે શીઆની

જગ્યાએ કોઇ કાફિર હોત તો બેશક આપ (રદી) યા તો તેને કતલ કરી નાંખતે અથવા મારતે તો જરૂર. પણ બોલનારને નાહાન અજાણ ગણી આપે ગુસ્સાને દબાવા તેને ત્રણવાર દોરવી દોરવીને જે શબ્દો કહ્યા અને જે વાતની ધમકી દીધી તે ઇમામ સાહેબના ઉપલા શબ્દોપરથીજ જાહેર છે, કે જે કોઇ, હઝરત અબુબકર (રદી)ને ખરાદિલથી સિદદીક માનતો નથી તેના દુન્યા અને આખરતના એ દાવાને કે તે મુસલમાન છે. મોમિન બંદો છે, પોતે ખુદાપાક જુઠાડે છે અને જુઠાડશે. એપરથી પાછો તેજ સવાલ ઉભો થાય છે કે જો હઝરત અબુબકર (રદી)ને સિદદીક માનવા જઇએ છીએ તો તેઓની ખિલાફત સાચી ઠરે છે અને હઝરત અલીયે મુર્તઝા [કરમ]ની ઇમામત અને વસીયે રસુલુલ્લાહ હોવું કે જેનો નહીં માનનાર શીઆ પંથની રૂએ કાફિર ગણાય છે, રદ બાતિલ થાય છે, શીઆ પંથની સઘળી હદીસો કે જેમાં તેઓની બુરાઇઓનું બયાન છે તે તદન ખોટી ઠરે છે, હાલનો કુઆર્ન જરા પણ ફેરફાર વગરનો અને ખરેખરો અસલી સાબેત થાય છે, કેમકે આ કુઆર્ન તેઓનીજ રૂબરૂ એકઠું કરવામાં આવી, હાલમાં છે તેવીજ તર-

તીએ તેની આખી નકલ ઉતારવામાં આવી અને સઘળા સહાબીયોનું બેઇમાન હોવું જાહેર થઈ કુર્આનના ફેરફાર માટે અને બે ચાર સિવાય સઘળા સહાબીયોના કુફર માટે શીઆ પંથનો એકત્ર મત નાશ પામી શીઆ પંથને ઘણોજ ભારે નુકશાન પોંહચે છે.

ખલીફએ સાની હઝરત અમીરૂલ મોમિનીન ઉમરૂલ ફારૂક (રદી) ની મોટાઈઓમાં ઉપર લખેલી હદીસો બસછે, છતાં માત્ર તેઓનાંજ માંનમાં વર્ણાયલી એક હદીસ અહીં વાંચક વર્ગ આગળ રજુ કરૂં છું:-શીઆ પંથના આગેવાન અલ્લામા મુલ્લા બાકિર મજલિસી કે જેઓની કિતાબનું નામ શીઆ સાહેબો એક દહાડામાં જેટલી વખતે લે છે તેટલી વખતે કુર્આનનું નામ તેઓ ભાગ્યેજ લેતા હશે, તેજ કિતાબ બિહારૂલ અનવારની ૧૪મી જિલ્દમાં કે જેનું નામ "કિતાબુસ સમાએ વલ આલમ છે" મસઉદે અયાશીથી રિવાયત કરે છે કે "હઝરત ઇમામ બાકિર અલૈહિસ્સલામથી રિવાયત છે કે જનાબ રસુલુલ્લાહે (સલ) (અલ્લાહપાકથી) દોઆ માંગી કે (ઓ અલ્લાહ!) ઉમર બિન ખત્તાબના મુસલમાન થવાથી અથવા અબુજહલ બિન હોશામના મુસલમાન થવાથી ઇસલામી દીનના માનને વધાર." એ

હદી ને શીઆ પંથના મહાન મોહદ્દદિસો ફઝલ બિન સાદાન સાહેબે, શેખ તમરસી સાહેબે, શેખ તુસી સાહેબે, અલમુલ હુદા સાહેબે અને અલ્લામા શેખ મોફીદ સાહેબે સહીહ હદીસ ગણી છે.

એ વાતથી સઘળા લોકો જાણકાર છે કે જનાબ નબી (સલ.)ને રાત દિવસ એજ ફીકર રહેતી હતી કે ઇસલામ બને તેમ જલ્દી અને સારી પેઠે આખી દુન્યામાં ફેલાઇ જાય. અને ખુદાના આ સાચા દીનમાં બધાજ લોકો દાખલ થઇ જાય. એજ હેતુ પાર પાડવાને રાત દહાડો કોશિશમાં રહેતા હતા છતાં મક્કા શરીફમાં છ વર્ષની મેહનતમાં માત્ર ૩૯ માણસો આપ (સલ.) પર ઇમાન લાવ્યા. છેવટે આ નાંહના ટોળાને જોઇ આપે (સલ.) મજકુર દોઆ એટલાજ માટે માંગી કે અરબોનો કોઇ એવો આગેવાન, મુસલમાન થાય કે જેનો શ્રેષ્ઠ ઓધ્ધો અને મોભો જોઇ બીજા આરબોને પણ એમાં શામેલ થવાનું મન થાય, આ નાંહના ટોળાનો તે મદદગાર થાય અને તેને લીધે ઇસલામની સચ્ચાઇ બધી દુન્યામાં પ્રસરી જાય. જાહેર છે કે આ દોઆ એવી તો ખરી પડી કે આખી દુન્યાએ હઝરત જનાબે ઉમરનીજ સાચી ખિલાફતમાં

તે દીનની સાચ્ચાઈ કેટલી બધી અને કેવી ફેલાઇ તે જોઈ લીધી. જેનાથી કોઈ પણ નકાર કરી શકતું નથી.

ઉપરની દલીલો બારીક નજરે જોવાથી એમ જણાય છે કે અગર જો આખા માણસ વર્ગના અલ્લાહ પાકે કુર્આનમાં બેજ ભાગ ગણેલા છે, મોમિન અને કાફિર. પણ શીઆ મઝહબે, ધર્મની રૂએ માણસોના ત્રણ ભાગ પાડયા છે. (૧) મોમિન (૨) મુસલિમ અને (૩) કાફિર અને તેની વહેંચણી એવી રીતે કરવામાં આવી છે કે જનાબ સઇયદ મોહંમદ સાહેબ જેવા લખનોના મહાન મુજતેહદ પોતાની કિતાબ ઝુલફુકારમાં ફરમાવે છે કે " મોમિન એ શબ્દના મુકાબલામાં ફાસિક શબ્દ વપરાયો છે તેથી ફિસ્ક અને કુફરમાં ફરક માત્ર એટલોજ છે કે કાફિર દુન્યામાં નજિસ (અપવિત્ર) છે અને આખેરતમાં તે હંમેશ જહંનમમાં (બળતો) રહેશે. અને ફાસિકે મઝહબના જરૂરી અકીદા (એટલે હઝરત અલીની ખિલાફત બિલા ફસ્લ અને આપવા વસીએ રસુલુલ્લાહ (સલ) હોવા) થકી નકાર કીધો તેથી તે પણ (કાફિરોની પેઠે) આખેરતમાં તો હંમેશ જહંનમમાંજ રહેશે. અગરજો કલેમએ શહાદત પઢવાને લીધે આ

દુન્યામાં તો મુસલમાનીના સઘળા હુકમો તેને લાગુ પડશે. ” તેથી કરીને કોઈને શક શુબેહ પેદા થાય કે ત્રણે ખલીફાઓ (રદી) ખાસ કરીને જનાબે ઉમરૂલ ફારૂક (રદી) ની સાથે હઝરત મૌલા અલી [કરમ] ની સાહેબઝાદી અને હઝરત ઈમામ હસન અને ઇમામ હોસૈન (રદી) ની બેન હઝરત ઉમ્મે કુલસૂમ [રદી] ને પોતે હઝરત શેરે ખુદાનું, પરણાવી દેવાનું ઈરાન અને રોમન શાહનશાહતની સાથે હઝરત ઉમરે (રદી) કીધેલા જેહાદને મુસલમાનોનો કીધેલો જેહાદ ગણવા છતાં તેઓનું સખતમાં સખત કાફિર હોવાનું, અને બાકીના જેટલા સહાબીયોનું કાફીર થઇ જવાનું બયન અમારી શેઆી કિતાબોમાં છે તેની મતલબ હવે એ જાહેર થઇ કે અહલેબૈતના ઈમામોએ પોતાના વચનોમાં અને તેઓની સાથે વર્તવામાં તેઓને મુસલમાનો ગણેલા છે, તે એવાજ કે માત્ર કલમએ શહાદત તેઓ મોઢે પઢતા હતા, નહીં તો ખરૂં જોતાં અંદરખાનેથી તો તે બધા બેશક કાફિરોજ હતા. અલ્લામા મુલ્લા બાકિર મજલિસી પોતાના રિસાલા રજઇયતમાં હઝરત ઇમામે ગાયબ એટલે શીઆ પંથના ઇમામ મહદી અલૈહિસ્સલામથી રિવાયત કરે છે કે “ (નબી (સલ) ની વફાત

પછી જેટલા સહાબા દીનથી ફરી ગયા હતા) તેઓ (સઘળાઓ) યાહુદીઓના કેહવાથી જાહેરમાં કલેમાઓ પઢતા તે એટલાજ માટે કે રખેને નબી (સલ) કોઇ મુલક અથવા (તો તેની) હોકૂમત તેઓને દેશે, પણ દિલથી તો તેઓ (સઘળા બેશક) કાફિર હતા." એ શંકાનો જવાબ અગર જો ઉપર લખેલી દલીલોથી પણ ખુલ્લી રીતે દેવાયલો સાબિત છે, છતાં કેટલી એક દલીલો શીઆ પંથના આગેવાનોની અત્રે એવી નકલ કરૂં છું કે જેથી એક લેશ માત્ર પણ એવી શંકાઓની ત્યાં ગુંજાશ રહી જાય નહીં:—

(૧)અલ્લામા મુલ્લા અબ્દુલ્લાહ મશહદી સાહેબ પોતાની કિતાબ ઇઝહારે હક્કમાં ફરમાવે છે કે "હિજરત કરવા પહેલાં ઇમાન શરત છે (કે જે વગર હિજરતનો સવાબ મળતોજ નથી) અને "અબૂબકર તો ખુદા બચાવે કોઇ પણ વખત ઇમાનદાર હતાજ નહીં તે એટલે સુધી કે હઝરત અમીરૂલ મોમિનીન (અલી રદી)ની સાથે કંઈ કજીઓ ઉભો થાય." એ શબ્દોને (માનવા તો કયાં પણ) મોઢે ઉચ્ચારવા પણ ઇન્સાફથી ઘણે આઘે છે." એટલે બેશક તેઓને ઇમાનવાળા માનવાજ જોઇએ. (૨) મહાન આગેવાન મુલ્લા અબ્દુલ

જલીલ કિઝવીની સાહેબ પોતાની નામીચી કિતાબ નુકસુલ ફ઼દાએહમાં લખે છે કે "અને (ત્રણે) ખલીફ઼ાઓ (રદી)ની તારીફ઼ો કરવી એમાં અમને (શીઆ પંથવાળાઓને) નકાર કરવાનો નથી. મોહાજિરીન અને અનસાર અને તે લોકો કે જેઓએ સારા કામોમાં તેઓની તાબેદારી કીધી તે સઘળાઓમાં તેઓ સઉથી પેહલા અને આગળથી ઈમાન લાવનારા અને હિજરત કરનારાઓના મહાત્માઓ (બુઝુર્ગો) હતા."

(૩) પછી બીજી જગ્યાએ તેજ કિતાબમાં લખે છે કે "અબુબકર, ઉમર અને બીજા સહાબા (રદી)ની વર્તણુંક વિષે જે બયાન કરવામાં આવ્યું એ ટુંકમાં હતું તફ઼સીલ સાથે હતું નહીં. શીઆ પંથવાળા તેઓને માટે ખિલાફ઼ત અને ઈમામતનો દરજ્જો હોવાની ના પાડે છે કે તેઓ ઈમામતનો દરજ્જો રાખતા ન હતા એનું કારણ એ છે કે અસમત (બેગુનાહ રેહવું) નોસુસીયત (કુર્આન અને નબી (સલ) નો ફ઼રમાન) અને પુષ્કળ ઇલ્મ [જ્ઞાન] તેઓમાં ન હતાં નહીંતો તેઓ (એટલે શીઆ પંથવાળા) તેઓને રસુલ [સલ] ના સહાબીયો [તો બેશક] ગણેજ છે, અને તેઓના દરજ્જાપરથી તેઓને

જરા પણ આમતેમ ખસેડતા નથી." દુન્યા અને આખેરત બંનેમાં તેઓને જનાબ રસુલુલ્લાહ [તલ્લ]ના સહાબીઓજ માનવા એવો ખુલ્લો અકીદો આ શીઆ પંથના આગેવાનનો છે અને શીઆ પંથવાળા બધા મુસલમાનોનો એવોજ અકીદો હોવો જોઈએ. એ બાબત તે તેઓને ફરમાવી રહેલા છે, એમ શું આ લખાણપરથી સિદ્ધ થતું નથી ? અને છેવટના શબ્દોમાં તો કંઇ કસર રહેવા દીધીજ નથી કેમકે તેઓ સાહેબ ફરમાવે છે કે ખબરદાર સઘળા સહાબાઓને તેઓના મહાન દરજ્જાથી જરાપણ હલકા માનશો નહીં અને એજ ખરેખરી શીઆયત અને શીઆપણું છે.

(૪) અલ્લામા તબરિસીએ પોતાની પ્રખ્યાત કિતાબ **એહતેજાજમાં** લખ્યું છે કે "જનાબ ઇમામ બાકિર અલૈહિસ્સલામે ફરમાવ્યું કે હું અબૂબકરની મોટાઈઓની ના પાડતો નથી (ઓ મારા શીઆઓ !) હું ઉમરની મોટાઇઓનો નકાર કરતો નથી પણ (એટલોજ ભેદ ગણું છું કે) અબૂબકર ઉમર કરતાં દરજ્જામાં) વધારે ચઢીઆતા છે." એટલે બીજા કોઇ પણ સહાબીઓ દરજ્જામાં હઝરત અબૂબકર અને હઝરત ઉમર (રદી.) ના કરતાં શ્રેષ્ઠ નથી અલબત એ બનેમાં હઝરત અબૂ-

બકર (રદી.) નો રૂતબો વધારે છે. અને એજ આએહુબ સુંનત જમાતવાળાઓનો અકીદો છે.

ત્રીજા ખલીફા હઝરત અમીરૂલ મોમીનીન ઉસમાન (રદી) ના માટે વધારે નહીલખતાં એજરિવાયતો તરફ વાંચક વર્ગનું ધ્યાન ખેંચું છું. ૧ સહાબીચો (રદી.) જ્યાંસુધી જંનતમાં દાખલ થઇ જાય ત્યાંસુધીના ઇમાન માટે મેં ઉપર એક દલીલ બૈઅતુર રિદવાનની, કુર્આને શરીફની ખુલ્લી આયત અને તેની શીઆપંથની માનીતી તફસીર સાથે શીયાપંથનીજ એક માનીતી હદીસથી નકલ કીધી છે જેમાં હઝરત જનાબ ઉસમાન (રદી.) નું શામેલ હોવું બંને પંથવાળા એકમતે માને છે. છતાં કોઇને શક પેદા થાય કે બૈઅત જે વખતે લેવાઇ તે વખતે તો બંને મઝહબોના માનવા પ્રમાણે હઝરત ઉસમાને ગની (રદી) ત્યાં હાજર હતા નહીં અને તેથી કરીને તેઓ જંનત માટેની મજકૂર બશારતમાં દાખલ ગણાઈ શકે નહીં.

તેનો જવાબ ઘણોજ સાંભળવા લાયક એ છે કે આપની ગેરહાજરીથી આપને એવો તો મોટો લાભ

મળ્યો કે મજકુર બૈઅતમાં હાજર રહેલા એક સહાબીને પણ તે એલકાબ મળ્યો નહીં અને તે એવી રીતે કે મહા વિદ્વાન શીઆ મઝહબની હદીસોના પ્રખ્યાત આગેવાન જનાબ મુલ્લા મોહંમદ બિન યઅકુબ કુલીની સાહેબ પોતાની મશહુર કિતાબ રોઝએ કુલીનીમાં મજકુર બૈઅતના બયાનની હદીસમાં લખે છે કે "જ્યારે ઉસમાન (મક્કામાં) જવાને વાસ્તે નીકળ્યા ત્યારે (ત્યાં પહોંચ્યા પછી) તેઓની મોલાકાત અબાન બિન સઇદની સાથે થઇ કે જેવણે પોતાની સવારીની આગળ તેઓને બેસાડી લીધા અને એવી રીતે (શહેરમાં) દાખલ થયા પછી (મક્કામાં જે કાફિરો હતા) તેઓએ આપની વાત સાંભળી (જે) ઝઘડો (કરવાનો હતો તે) કીધો (એટલે તેઓને કતલ કરી નાંખવાનો ઇરાદો કીધો). એજ દરમ્યાન (તેઓની કતલની ખબર બયાન કરવા) સહલ બિન અમર રસુલુલ્લાહ (સલ) ની પાસે જઇ બેઠા અને ઉસમાન કાફિરોના લશ્કરોમાં થોભ્યા. (જે થોભવા થકી આપની કતલ નક્કી થયલી છે એમ ખચિત ધારીને) ખોદાના રસુલે મુસલમાનોની બૈઅત લીધી અને પોતાનો એક હાથ બીજા હાથપર મારી (પોતાના

એક હાથને હઝરત ઉસમાન (રદી) નો હાથ ગણી) ઉસમાનને માટે (બૈઅત લીધી ઈ૦)"

આ ઠેકાણે, સુબહાનલ્લાહ ! આવી રીતે એક હાથને બીજા હાથપર મારવાથી એક નુકતો બહુજ સારો એ નીકળી આવ્યો કે બૈઅતે રિદવાનની મજકુર આયતમાં એક ફકરો એ પણ છે કે "યદુલ્લાહે ફૌકા અયદીહિમ" એટલે બૈઅત કરતાં જનાબ રસુલુલ્લાહ [સલ] નો જે હાથ બૈઅત કરનારાના હાથપર મુકાય છે તેને ઓ બૈઅત કરનારાઓ ! તમે અલ્લાહનોજ હાથ (ઉપમા તરીકે) સમજશો, જેથી ચોખ્ખું સાબિત થાય છે કે જનાબ રસુલુલ્લાહે (સલ) પોતાના મુબારક હાથને હઝરત ઉસમાન (રદી) નો હાથ ગણી પોતાના બીજા હાથપર મુકયો, તેથી કરીને હઝરત ઉસમાન (રદી) ને "યદુન નબી" એટલે જનાબ રસુલુલ્લાહ (સલ) ના હાથનો ખિતાબ અને કુર્આનમાં ખુદાના રસુલ (સલ) ના હાથને અલ્લાહનો હાથ કહેવાયો છે તેથી હઝરત ઉસમાનના હાથને ખુદાનો હાથ (ઉપમા તરીકે) માની હઝરત ઉસમાન [રદી] ને "યદુલ્લાહ" એટલે અલ્લાહના હાથનો ઇલકાબ દેવામાં આવે તો જરાએ ખોટું નથી.

આખી શીઆ દુન્યામાં હઝરત અમીરૂલ મોમિનીન અલીયે મુરતઝા (કરમ) નાજ ફરમાનો, વચનો, પત્રો અને ભાષણોથી રચાયલી કિતાબ નહુજુલ બલાગતમાં છે કે હઝરત ઉસ્માન (રઝી) ના મુકાબલામાં જ્યારે હુલ્લડખોરો હુમલો લઇ ગયા ત્યારે જનાબે મૌલા અલી (રઝી) હઝરત ઉસમાનની પાસે ગયા અને તેઓને કહ્યું કે "લોકોએ મને એલચી ઠેરવીને આપની પાસે મોકલ્યો છે, પણ ખુદાના સોગન આપને શું કહેવું એ મને સમજમાં આવતું નથી (કેમકે) કોઇ ચીજ હું એવી જાણુતો નથી કે જે આપ નહીં જાણુતા હોવ અને એવી એક પણ વાત હું દેખાડી શકતો નથી જે આપ સમજતા નહીં હોવ, આપ તો તે બધુંએ જાણો છો કે જે અમે જાણીએ છીએ, કોઇ પણ કામ એવું નથી કે જેમાં આપને અમારાથી પાછળ રહ્યા હોવ અને અમે આપને તે કામ દેખાડીએ. જે કંઈ અમે જોયું છે આપે તે સઘળું જાયું છે અને જે કંઇ અમે સાંભળ્યું છે તે બધું આપે સાંભળ્યું છે. રસુલુલ્લાહ [સલ] ની સાથે આપ તેવીજ રીતે રહ્યા છો જેવી રીતે કે અમે રહ્યા છીએ. (કોઇ પણ વાતમાં) કહહાફાના દીકરા (એટલે હઝરત અબુ-

બકર રદી) વધેલા હતા નહીં તેમજ ખત્તાબના દીકરા (હઝરત ઉમર [રદી] પણ આપ કરતાં સાચાં કામો બજાવી લાવવામાં વધેલા નહીં હતા. (અમો સૌ કરતાં જનાબ) રસુલુલ્લાહ (સલ) ની સાથે (સગપણમાં) આપ ઘણાજ પાસે છો. (કેમકે એક પછી એક જનાબ નબી (સલ) ની બે સાહેબઝાદીઓ સાથે પરણી આપ (સલ) ના જમાઇ હોવાની બમણી મોટાઇ આપ ધરાવો છો, જે તેઓને (અને અમને) હાસલ થઈ નહીં ઈા.”

એ ભાષણનો દરેકે દરેક ફકરો સાબિત કરી આપે છે કે હઝરત [સલ] ના એ ચારે ખલીફાઓ (રદી) એક અંગના ચાર જુદા જુદા ભાગો અથવા અવયવો હતા કોઇ એક બીજાથી જુદો હતો નહીં. પણ ખિલાફતની તરતીબની રૂએ જ્યારે જોયું કે એ ચારમાંથી એકને તે ત્રણે ચુંટી પોતાનો ઉપરી બનાવી સૌ આગળ જાહેર કરી દીધું કે એ ખલીફાને તમારે મુસલમાનોનો ઈમામ અને ખલીફો માનવો ત્યારે જેમ હઝરત અલીએ અને અહલે બૈતે (રદિ) પણ તેઓનેજ વડા માન્યા અને બાકીના સઘળા સહાબાઓ (રદી) એ તે ખલીફાને સૌના સરદાર માન્યા તો

અમારે પણ માનવુંજ જોઇએ. તે ખલીફાના ગુજરી ગયા પછી બાકીના બે સાહેબો અને અહલે બૈત (રિદ) અને બાકીના સહાબીયોએ જેવી રીતે બીજા ખલીફા [રદી] ને સૌથી મોટા માન્યા તો અમારે પણ માનવુંજ જાઇએ. અને જાહેર છે કે હઝરત અલી (રદી) અને અહલે બૈતે નબી (સલ) ના દરેક મેંબરે હઝરત અબુબકર અને હઝરત ઉમર (રદી) ની બૈત કરી પોતાના રાત દીવસને ઘણુંજ ખુશીમાં ગાળ્યાં. તેઓને પોતાની દીકરીઓ પરણાવી અને પોતે તેઓનાં ઘરના બૈરાંઓ સાથે પરણ્યા. કદી કોઇ પણ વાતમાં તેઓના મત વિરૂદ્ધ પોતાની નારાજી દેખાડી નહીં. તેઓ પછી હઝરત ઉસમાન (રદી) ની ગજકુર તારીફમાં તો જનાબે મુશકિલકોશા [રદી] એ એવી તો મુશકિલ કોશાઇ કીધી છે કે ઇનસાફીને માટે સુન્ની અને શીઆ પંથમાં પડેલા મતભેદોને મુળથી નાબુદ કરી નાંખ્યા છે અને હઝરત અલી [રદી] ના કુઆન અને હઝરત ઉસમાન (રદી) ના ફેલાયેલા કુઆનની બાબત કોઈ ઝઘડોજ રહેવા દીધો નથી. કેમકે હઝરત મૌલાના શબ્દો, હઝરત મૌલાના દિલી એઅતેકાદો જાહેર કરી રહેલા છે કે કોઇ પણ વાતમા મારામાં અને

આપમાં અને આગલા બંને ખલીફાઓમાં એ; પછી એક ખલીફા બનવા સિવાય અને નબી [સલ] ના જમાઇ હોવાની મોટાઇ વગર બીજી કોઇ તરેહનો ફરકજ નથી. અને એજ મઝહબ અને અકીદો અહેલે સુન્નત જમાતમાં દરેકે દરેક માણસનો છે.

હઝરત અમીરૂલ મોમિનીન અલીયે મુર્તઝા (કરમ) વસીયે રસુલુલ્લાહ [સલ] અને જનાબ નબી (સલ) ના ખલીફા બિલા ફસ્લ* હોવાને પોતે આકીન સાથે માનનારા અને એ બાબતનો પાકો અકીદો રાખનારા હતા કે નહિં અને તેથી કરીને વસીયત અને ખિલાફત બિલાફસ્લને માટે શીઆ પંથમાં જેટલી રિવાયતો આવેલી છે તેનું ખોટાફ કે ખરાપણું પોતે હઝરત જનાબે અમીર (અલ.) ને મોઢે અત્રે જાહેર થઇ જાય તો બધી શંકાઓનો ઇ. અ. તઆલા નાશ થઇ વસીયત અને ખલીફા બિલાફસ્લ હોવાનો ઝગડોજ, ઇનસાફી માણસો આગળ, હંમેશને માટે મટી જશે.

---

*"ખલીફા બિલાફસ્લ" એટલે જનાબ નબી (સલ.) ની વફાત પછી વચ્ચે કોઈ પણ ખલીફા થવા દીધા વગર તરતજ ખિલાફતની પદ્દિનો કબજો લેનાર.

શીઆપંથમાં નહજુલ બલાગત એકત્ર મતે જનાબ અલીયે મુર્તુઝા (કરમ) ના વચનો, ખુત્બાઓ અને પત્રોના સંગ્રહની સઉથી વધારે ખરી અને માતબર કિતાબ મનાય છે, અને તેના સઘળા ખુતબાઓમાં ખુત્બએ શકશકીયા એવો પ્રખ્યાત ખુત્બો મનાય છે કે તેના ખરાપણામાં શકશુબેહ કરવો (અસલી) કુર્આનમાં શકશુબેહ કરવા બરોબર તેઓ માને છે. તેમાં આપ ફરમાવે છે કે જ્યારે, ખોદાના સોગન, ફુલાણા માણુસે (એટલે અબુબકરે) ખિલાફત લઇ લીધી અગર જો તેઓ સારી પેઠે જાણુતા હતા કે ખિલાફતના બંદોબસ્તનો આધાર ફકત મારા પર છે, (દુન્યાની સઘળી મખલુકપર સઘળા ઇલમો, હિકમતો, તદબીરો અને અસરો) મારીજ મારફતે (એવી રીતે) ઉતરે છે કે જેવી રીતે કોઇ ઉંચી ટેકડીપરથી પાણીનો ધોધ નીચે પડે છે. મારી મોટાઇને કોઈ પોંહચી શકતું નથી. જ્યારે મારા એવા દરજ્જાને જાણુવા છતાં તેઓએ પોતે ખિલાફતનો જામો પેહરી લીધો ત્યારે મેં સબ્ર (ધીરજ) નું લુગડું પહેર્યું અને ખિલાફતને માટે કોશિશ કરવી પડતી મેલી, અને તેની તરફ જરાએ વલણુ કીધું

નહીં. કેમજે મેં એ બાબતમાં સારી પેઠે વિચાર કીધો કે મને બે કામોમાંથી એક કામ જરૂર કરવું જોઇએ. યા તો કપાયલા હાથો વડે [એટલે કોઈ પણ મદદગાર ન હોય તેવી હાલતમાં] હુમલો કરવો જોઈએ અથવા તો ધૈર્ય ધરીને [પુરેપુરો સબ્ર કરીને] ચુપ બેસી રહેવું જોઇએ. અને ધીરજ પણ એવા અંધકારવાળા મામલામાં ધરવી જોઇએ (એટલે ખિલાફતના મામલામાં કે જેને માટે ઇસલામી શરીઅતના ઇજમાઅ એટલે સહાબાઓ (રદી.) ના એકત્રમત વગર બીજી કોઇ ખુલ્લી દલીલ નહીં હોય.) અને લોકો ખિલાફતના આ બારીક મસઅલામાં જેમ આંધળાઓ ભટકી જઇ કુવામાં પડી જાય છે તેમ શક શુબેહમાં પડી ગયા છે. અને તેનાપર વિચાર ચલાવી તેનો ફેંસલો કરવાને એટલી લાંબી મુદ્દત જોઇએ કે જેમાં જુવાન ઘરડો થઇ જાય, અને બચ્ચું જુવાનીએ પહોંચી જાય અને ઇમાનવાળો દુઃખ અને દલગીરી ઉઠાવતો રહે તે અહીં સુધી કે પોતાના રબની સાથે જઇને મળે. એ બે વિરૂદ્ધ બાબતોપર વિચાર કરતાં મને ઠીક લાગ્યું કે આવા ગુંચવાડા ભરેલા ખિલાફતના મામલામાં મારે ધીરજ ધરવી એજ અક્કલની

વાત છે. તેથી મેં સબ્ર કીધો અને હુમલો કરી લડાઈ ઉભી કરવાના વિચારને માંડી વાળ્યો. અગર જો એવી રીતે ચુપ બેસવું અને સબ્ર કરવો મારી આંખોમાં તણખલાની પેઠે ખુંચે છે અને મારા ગળામાં હાડકીની પેઠે ખુંચી મારા એશઆરામને તદ્દન બગાડે છે.

ઉપલું લખાણ સારી પેઠે સમજાય એટલા માટે નહજુલ બલાગતની ફારસી ભાષાની શરેહ જે શીઆ પંથના આગેવાન મુલ્લા ફતહુલ્લાહ સાહેબે લખી છે તેનાપરથી અને અરબી ભાષાની આખી દુન્યામાં માતબર ગણાયલી ઇબ્ને મેસમ બહરાનીની શરેહ પરથી, શરેહની ઈબારત મેળવી ઘણું ટુંકમાં લખ્યું છે. જેમાં કેવા ખુલ્લા શબ્દોમાં હઝરત અલી (રદી.) એ પોતે એ વાત કબુલ રાખી છે કે કુર્આન હદીસોથી કે " ગદીરે ખમ " ના બનાવથી કોઈ પણ રીતે ખુલ્લી રીતે એ વાત નક્કી કરવામાં આવી હતીજ નહીં કે જનાબ નબી (સલ) પછી ફલાણો માણસ આપનો ખલીફો બનશે અને એજ વાત અહલેસુન્નત જમાઅત માને છે. સુબહાનલ્લાહ ! અહલે સુન્નત જમાત કેવી પુરેપુરી હઝરત મૌલા અલી રદી) નો તાબેદારી દરેક વાતમાં બજાવી લાવે છે ! ! એટલાજ

માટે આપે કેવી સારી ઉપમા [મિસાલ] દીધી કે જે દલીલો એ બાબતને માટે આવેલી છે તે એવી બારીક છે કે તેઓનાપર વિચાર ચલાવી કંઇ સાર કાઢવામાં હંમેશ ગુમરાહીમાં પડવાની બીક છે, માટે તેવી દલીલોપર વિચાર કરવુંજ માંડી વાળવું બેહતર છે. અલહમ્દો લિલ્લાહ અહલે સુન્નત વલ જમાઅતે એટલાજ માટે એ દલીલોપર વિચાર કરવો માંડી વાળી જેમ જનાબે મૌલા અલીએ હઝરત અબુબકર સિદ્દીકને જનાબ નબી (સલ) ના ખલીફા બિલા ફસ્લ માની તેઓની બૈઅત કરી લીધી તેવીજ પોતાના મૌલાની તાબેદારી કરી હઝરત સિદ્દીક અકબરને બરહક ખલીફા માની લીધા.

એ દલીલોમાં વિચાર કરી ફેંસલો લાવવાને એટલો લાંબો વખત જોઇતો હતો કે જેમાં ૨૦ વર્ષનો જુવાન ૧૦૦ વર્ષનો ઘરડો થઇ જાય, અને ત્યાં સુધી ખિલાફત જેવી દીનની રક્ષા કરનારી જરૂરી વસ્તુને વિલંબમાં પડતી મૂકી અથવા માંહોમાંહે કુસંપ પેદા કરી ઇસ્લામ અને ઇસ્લામીયોનો, દુશ્મનોને હાથે નાશ કરાવાય એને જનાબે અમીરે (અલ) પસંદ નહીં રાખી જેમ ત્રણે ખિલાફતોને પસંદ

રાખી તેમજ આપની તાબેદારીમાં, અલહમ્દોલિલ્લાહ, એવી નાજુક બાબતમાં વિચાર કરવો કે જેને માટે આવા ઈમામો (રદી.) ને આટલો બધો લાંબો વખત જોઈએ, વખતને ફોકટ ગાળવો ગણી અહલે સુન્નત વલ જમાઅત પણ તે ચારેને એક પછી એક બરહક ખલીફા માની પોતાનો અમુલ્ય વખત, ઇસ્લામને પરધર્મીંઓના હુમલાઓથી બચાવવાના કામોમાં ગાળે છે. અને જેમ જનાબે મૌલા અલીએ ખિલાફતને માટે સૌથી સારી ખુલ્લી કીમતી, જેમાં વખત નકામો ગમાવવામાં નહીં આવે તેવી સાદી પણ મજબૂત દલીલ સઘળા સહાબાઓ (રદી) ના એકત્ર મતને માની લીધી હતી તેવીજ રીતે, અલહમ્દો લિલ્લાહ, હરેક ઇનસાફી, અપક્ષપાત માણસ કબૂલ રાખશે કે સુન્નત વલ જમાઅત મુસલમાનોએ બહુજ ઠીક કીધું કે તેજ દલીલને સૌથી સારી, મજબુત અને જેમાં ફોકટમાં તેઓનો કીમતી વખત જાય નહીં તેવી ગણી તેજ દલીલને લઇ લીધી અને બાકીની બધી દલીલોને કોરે મૂકી છે. હઝરત મૌલા અલી (રદી) એ અને બાકીના ઇમામોએ દીનની રક્ષા કરવાને અને ઇસ્લામમાં કુસંપ નહીં ફેલાય તેટલા માટે પોતે જાણી જોઇને

પોતાના હકો, ઉપર લખેલા ખુત્બાના લખાણ પ્રમાણે છોડી દઇ ખિલાફતને માટે કોશિશ કરવી પડતી મૂકી, એ બાબત ધીરજ ધરી તે તરફ જરાએ વલણ કીધું નહીં, જે લખાણથી સાફ જણાય છે કે ખિલાફતની બાબતમાં તેઓએ કદી પણ જરાએ તકીય્યો વાપર્યો નહતો. અને મજકુર લખાણે તકીય્યાને જડ મુળથી નાબુદ કરી નાંખ્યો પણ અફસોસ છે કે ઇમામો (અલ.) પછી શીઆપંથવાળા ખિલાફતને માટે ધીરજ વગરના બની તકીય્યા જેવા નામરદાઇના મસઅલ્લાને દીનનો સૌથી મોટો ફરઝ દેખાડી આડકતરી રીતે સઘળા ઇમામોને માથે એવો મોટો ફરઝ છોડવાનો આરોપ મુકી, અથવા તકીય્યાની તાબેદારીમાં તે સૌથી બહાદુર નરોને આડકતરી રીતે નામરદા સાબેત કરી, ઇસ્લામમાં કુસંપ ફેલાવી પોતાના ઇમામો (અલ) ની પૂરેપૂરી ફજેતી પરધમીંઓ આગળ કરી પોતેજ ઇમામોની પૂરેપૂરી નાફરમાની કરનારા પોતાને સાબેત કરે છે.

મજકુર ખુત્બામાં " કપાયલા હાથો વડે હુમલો કરવો જોઇએ" એની શરેહમાં મુલ્લા ફતહુ-

લ્લાહ સાહેબ જેવા મહા વિદ્વાન શીઆ આલિમ ફરમાવે છે કે " એ શબ્દો અંશારા તરીકે તે ઠેકાણે બોલવામાં આવે છે કે જ્યાં તે બોલનારનો કોઇ મદદગાર અને હિમાયતી નથી એમ જણાવવું હોય. આપે આ શબ્દો એટલાજ માટે ફરમાવ્યા કે આપની ખિજમત ગુજારવાને બાર માણસો કરતાં વધારે માણસો નહીં હતા " બીજા શારેહ ઇબ્ને મૈસમ જેવા શીઆ પંથના આગેવાન એ ફકરાની શરેહ એવી રીતે કરે છે કે " એટલે કોઈ પણ મદદગાર અને હિમાયતી વગર (દુશ્મનનો) મુકાબલો કરવો જાયઝ નથી. "

મજકુર શરેહ અને શેરે ખુદાના કૌલે શીઆ ધર્મવાળાની હ૦ અલી (ક૨૦) ને સર્વ શક્તિમાન (કાદીરે મુતલક) ગણવાની માન્યતાને કેવી બીનપાયદાર સાબીત કરી છે તે ખુલ્લુંજ છે.

છેવટે જનાબ અલી (અલ.) નો એક પત્ર આપની કિતાબ નહજુલ બલાગતથી નકલ કરૂં કે જે પત્ર આપે હઝરત અમીરે મોઆવિયા (રદી.) પર પોતાની ખિલાફતના ખરાપણાની સાબેતીમાં લખ્યો હતો. જેના લખાણુથી વસીયત અને ખિલાફત બિલા ફસ્લનો પોતે

જનાબે અમીર [અલ] નો અકીદો ન હોવો સૂર્ય કરતાં વધારે સાફ રીતે ઈ. અ. તઆલા સાબેત થઇ જશે. પણ કોની આગળ? જેને ખોદા પાકે ખોટી તરફદારીથી દુર રેહવાની સાચી સમજ શકિત આપી હશે. યા અલ્લાહ પાક! એવી સારી સમજ શકિત, અને સમજ્યા પછી સાચી વાતની તાબેદારી, મને અને મારા સઘળા સુંની ભાઇઓ અને શીઆ ભાઇયોને, તારા ફઝલથી, તારા નબીયે પાક અને અહલેબૈત અને સઘળા સહાબા (રદી.) ના તુફૈલમા ઈનાયત કર. આમીન.

કાગળ મજકુરનું લખાણ એવી રીતે છે "બેશક મારી બૈઅત કરનારા તે લોકો છે કે જેઓએ અબુબકર, ઉમર અને ઉસમાનની બૈઅત કીધી હતી અને એ તે લોકો છે કે જેઓ જે વાતપર એકત્ર થઈને બૈઅત કરી લીએ તો જે માણસ તે જમાનામાં હાજર હોય તે માણસ તે વાતથી પોતાનું મ્હોં ફેરવી શકતો નથી. અને જે માણસ તે જમાનામાં હાજર નહીં હોય તે, તેઓના એકમતને રદ બાતિલ ઠેરવી શકતો નથી. અને બેશક (ખિલાફતને માટે એટલે જનાબ નબી (સલ) પછી ખલીફો કોણ થાય એની ચુંટણી

કરવા માટે) શુરા (ઇલેકશન કમીટીની નીમણુંક કરવી) એ માત્ર મોહાજેરીન અને અનસાર (રદી.) નો હક છે. (તેઓના જમાનાના બીજા લોકો અને તેઓ પછી આવનારા કેયામત સુધીના લોકોને, પછી તેઓ શીઆ પંથના હોય કે સુંની પંથના, એ બાબતમાં અભિપ્રાય આપવાનો જરાએ હક નથી, સુબહાનલ્લાહ! જ્યારે તેઓ કોઇ માણસ (ની ખિલાફતપર અને તેને ખલીફો બનાવવા)પર ઇજમાઅ [એટલે ઈત્તેફાક] કરી લીએ (અને એકત્ર થઇ જાય) અને તેને પોતાનો ઇમામ (અમીરૂલ મોમિનીન, ખલીફતુલ મુસ્લેમીન) બનાવી મશહુર કરી દીએ ત્યારે (ખરા યકીનથી) સમજી લેવું અને માની લેવું જોઇએ કે તે [ખોદાપાક]-ની એજ મરજી હતી (અને ખોદા અને રસૂલ (સલ) એમાંજ રાજી છે). જો તેઓ [સઘળા મોહાજેરીન અને અનસાર (રદી.)ના [મજકુર ઇજમાઅના] હોકમ પછી (કોઇની) કંઈ એબ (જોઇને) અથવા [તેના કોઇ કામને પોતાની નાદાનીને લીધે] બિદઅત ગણીને (તે ઇજમાઅથી) કોઇ બહાર નીકળી જાય (એટલે તેઓના એકત્ર મતને કબૂલ નહીં રાખે તો જે (સાચા એકત્ર મત)થી તે નીકળી ગયલો છે તે તરફ (કોશિશ કરીને)

તેને પાછો લાવશો, અને [આ તદ્દન સાચા એકત્ર મતને] જો તેણે કબુલ નહીં રાખ્યો હોય તો તેને કતલ કરી નાંખો, કારણ કે તેણે એવો રસ્તો પકડયો છે (એટલે એવો ખોટો અકીદો માની લીધો છે) કે જે ઇમાનવાળા (એટલે સહાબા જેવા મોમિન બંદા)ઓનો નથી. અને જે ચીજ તરફ તેનું વલણ થયું છે તેનો બદલો ખોદાપાક તેને આપશે."*

અલ્લાહો અકબર, અલ્લાહો અકબર વલિલ્લાહિલ હમ્દ. આ કાગળમાં અહલે સુંનત જમાઅતનો ખિલાફત અને સઘળા સહાબાઓ (રદી.) બાબત એવો કયો અકીદો છે કે જે હઝરત મુશ્કિલ કોશા [કરમ.]એ ખોલીને બયાન કરી દીધો ન હોય, અને પોતાનો તેજ અકીદો છે એ આપે સાફ કબુલ રાખ્યું ન હોય. (૧) અહલે સુંનત જમાઅત પણ એજ માને છે કે હઝરત અલીએ (રદી.) સહાબાનો ઇજમાઅ જોઇ તે ઇજમાઅથી કદી પોતાનું મ્હો ફેરવ્યું નહીં અને ત્રણે ખલીફા મજકુરની બૈઅત

*(૧) "ગદીરે ખમ" માં હઝરત અલી (રદી.) જો ખલીફા નીમાયાની રિવાયત ખરી હોત તો આ પત્રમાં આવી નુકશાનકારક દલીલ લખવા કરતાં સૌથી પહેલાં તે બનાવ નકલ કરવો આપને લાયક હતો.

પોતાની રાજીખુશીથી મજકુર વચન મુજબ કીધી હતી. [૨] અહલે સુંનત જમાઅત પણ એજ માને છે કે જનાબ નબી [સલ] પછી આપનો ખલીફો કોને મુકરર કરવો એ ચુટણીનો હક માત્ર મોહાજેરીન અને અનસારનો-જ છે. બીજા કોઇને એમાં મત આપવાનો જરાએ હક નથી. (૩) અહલે સુંનત જમાઅત પણ એજ માને છે કે જે વાતપર, જે કોઇ બાબત માટે સઘળા સહાબા (રદી.) એકત્ર થઇ જાય તો તે કામ કદી એવું થઇ શકતું નથી કે જેને ખોદા અને જનાબ રસુલ (સલ) નામંજુર રાખે અને તેનાથી નારાજ થાય અને તેથી-જ આગલી ત્રણે ખિલાફતો મકબુલ ખિલાફતો છે. (૩) અહલે સુંનત જમાત પણ એજ માને છે કે જે વાતપર સઘળા સહાબા એકમત હોય અને તે એકમતને માટે મુતવાતર રિવાયત હોય તેને જે નહીં માને તે કાફિર થઈ કતલ કરવાને લાયક છે. (૪) અહલે સુંનત જમાત પણ એજ માને છે કે હઝરત મોઆવિયા અને તેઓના મદદગાર જેટલા સહાબા અને તાબેઇન હતા તેઓને સહાબાની આટલી મોટી જમાઅતનો વધુ મત મંજુર નહીં રાખવાનો જરાએ અખત્યાર નહતો અને એ તેઓની ઇજતેહાદી ભુલ હતી. પણ એથી તેઓ

કાફિર થઇ ગયા નહતા, કારણ કે તેઓ દરેક ઈજતે-હાદની પદ્વી ધરાવનારા હતા.

બીજું કારણ એ કે મુસલમાનની સાથે મુસલમાનને લડાઇ કરવી એ કુફ્ર નથી. ફૌરૂઇ મસઅલામાં લડાઇ કરવાથીજ જો કોઇ કાફિર થઇ જતે તો જેટલા વ્યાજ ખાનારા છે તે બધા કાફિર થઇ જતે. કેમકે "જો (વ્યાજ લેવું દેવું) છોડશો નહિં તો અલ્લાહ અને તેના રસૂલની સાથે લડવા તૈયાર થઇ જાઓ [પારા ૩ જાનો રૂકુઅ ૬]". એ આયત ખુલ્લી રીતે કહી રહેલી છે કે વ્યાજ ખાનારાઓ ખોદા અને તેના રસૂલની સાથે લડાઇ કરી રહેલા છે પણ તેઓને શીઆ અને સુંની પંથ એકેમતે ગુનેહગાર ગણે છે કાફિર ગણતા નથી. વળી કાફી અને તહઝીબ અને તફસીરે કુમીમાં જનાબ ઇમામ જઅફરે સાદિકની પોતાના બાપ ઇમામ બાકિર (અલ)થી રિવાયત છે કે જ્યારે એ આયાત ઉતરી કે "જો મોમિન બંદાઓનાં બે ટોળાં લડતાં હોય તો તેઓ વચ્ચે સુલેહ કરાવી દો. પછી જો એક ટોળું બીજા ટોળાપર (કંઈ) સખતાઇ વાપરે, ત્યારે જે ટોળું સખતાઈ વાપરતું હોય તેની સાથે વઢો; તે એટલે સુધી કે તે ટોળું અલ્લાહના હુકમ તરફ

રજુ કરે" [પારા ૨૬ નો રૂકુઅ ૧૩.] ત્યારે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "બેશક તમારામાંના કેટલાક મારા પછી કુર્આનની તાવીલ કરવામાં (એક બીજા સાથે) કતલ ચલ.વશે, કે જેવી રીતે મેં કુર્આનના ઉતરવા (પછી તેના નહીં માનનારાઓ) પર કતલ ચલાવેલી. કોઇએ પૂછયું કે તેઓ કોણ છે? આપે (સલ) ફરમાવ્યું કે (પોતાના ફાટેલા જોડાને (પોતાને હાથે) ટાંકા મારનાર એટલે અમીરૂલ મોમિનીન (અલીએ મુર્તઝા રઝી.)" એમાં ખુલ્લા શબ્દોમાં જનાબ નબી (સલ) એ ફરમાવી દીધું કે "તમારામાંના કેટલાક કતલ ચલાવશે" અને તે પણ ખરા અર્થોને માટે નહીં પણ બંધબેસ્તા અર્થો કરવામાં એટલે તાવીલ કરવામાં. અને એ વાત તો શીઆ અને સુન્ની બંને ટોળાં માને છે કે તાવીલ કરવામાં અને એજ્તેહાદમાં બની શકે છે કે ભૂલ થાય. અને મુજતહેદો, તેમાં ખાસ કરીને સહાબા જેવા મુજતહેદોની ખતા એટલે ભૂલચુકપર માફીજ એકલી નહીં પણ સવાબ મળે છે. એટલાજ માટે સુંનત જમાતના આલિમો હજરત અલીની સાથે લડનારાઓની ખતાએ ઇજતેહાદી ગણી, જેમ જનાબ નબી (સલ) એ તે

લડનારાઓને "તમારામાંના" ફરમાવી કાફિર નહીં ગણી મુસલમાન ગણ્યા છે, તેમજ તે લડનારાઓને પણ તેઓએ સહાબા અને તાબેઇનમાંજ ગણ્યા છે. જો જનાબ નબી (સલ) હઝરત અલી (રદી)ની સાથે લડનારાઓને કાફિર ગણતે તો એવી રીતે ફરમાવતે કે "તમારામાંના કેટલાએક મારા પછી કુર્આનની તાવીલ કરવામાં મુર્તદો સાથે અને કાફિરો સાથે કતલ ચલાવશે" પણ અલ્હમ્દો લિલ્લાહ આપે (સલ) એમાંનો એક પણ શબ્દ તેઓ માટે નહી વાપરી જ્યારે તેઓને ઇસલામમાં રહેવા દીધા તો હવે બીજા કોઇને શો અખત્યાર કે તેઓને તે હદથી બહાર કાઢી શકે?

વળી પત્ર મજકુરને માટે કોઇને એવી શંકા પેદા થાય કે પોતાની ખિલાફત કબુલ કરાવવા અર્થે અને હઝરત મોઆવિયા (રદી) અને આપના તાબેદારો, આગલા ત્રણે ખલીફાઓ (રદી)ને સાચા ખલીફાઓ માનનારા હતા તેથી કરીને તેઓના વિચારને અનુસરતું આ લખાણ હઝરત મૌલા અલી (અલ)એ લખ્યું હશે, અથવા આપે તકીયો કીધો હશે, ખરૂં જોતાં આપ એ વાતોને ખરા દિલથી માનનારા હતા નહીં,

હઝરત શેરે ખોદાને માટે જ્યારે પણ કોઇ એવા શબ્દો કાઢતો કે અહલે બૈતના અને પોતાના હકો સહાબા (રદી) આગળ જાહેર કરવાને આપ ફલાણા ફલાણા ખલીફા કે સહાબીથી બીતા હતા, અથવા પોતાની બીકને લીધે આપ તકીએયો કરતા હતા એ વાત આપને કેવી નાપસંદ હતી અને તેનો રદિયો આપ કેવા શબ્દોમાં કરતા તે ખુબ વિચારશો.

પ્રખ્યાત શીઆ આગેવાન અલ્લામાં તબરસી સાહેબે પોતાની એહતેજાજમાં, ફદકને માટે આપે જે કાગળ હઝરત અબુબકર (રદી)પર મોકલેલો નકલ કીધો છે તેમાં છે કે “જ્યારે પણ (કોઇ એકત્ર મત ધરાવનારી સાચી વાતમાં) હું કંઇ બોલતો નથી ત્યારે (શીઆ) લોકો કહે છે કે અબુતાલિબનો દીકરો (એટલે હું) મોતથી બી ગયો. (એમ કહેનાર નાદાનોપર) અફસોસ છે [અને ઘણો) અફસોસ છે. (અરે) હું તો પોતે મોત (પર પૂરેપૂરો કબજો ધરાવનાર) છું છતાં (ઓ મારા શીઆઓ !) મારે માટે (તમારામાં) એવી (ખોટી અને નામર્દાઇની) વાતો (કેમ) ફેલાવવામાં આવે છે? (અને મને શેરે ખોદા માનવા છતાં તે વાતોને તમે ખરી માની પોતાના અકીદાઓમાં કેમ

દાખેલ કરી દીધાં છે ?) હુંજ અંધારી ઘોર રાતોમાં (દુશમનોના) લશકરો [નીહારો ચીરીને તે]માં ધસી જનારો છું. અને હુંજ તલવાર અને ભાલાઓનો [ખરેખરો] ધણી છું" આવા ખુલ્લા શબ્દો ફદક જેવી નજીવી બાબત માટે, લાખો માણસપર પૂરેપૂરી સત્તા ધરાવનાર મહાન ખલીફાપર જેઓ લખી મોકલે, અને તકીય્યાનો એવો ખુલ્લો નકાર કરે છતાં દીનના તેવા આગેવાન બહાદુર નરોને માટે તકીય્યા જેવા નામરદાઇના ગુણને ફરજ ઠેરવવાની હિંમત શીઆ પંથવાળાઓ સિવાય, હું ધારૂં છું કે આખી દુન્યામાં કોઇ પણ ધર્મવાળાઓએ પોતાના ધર્મ આગેવાનોને માટે, ધરી હશે નહીં.

ત્યારે જાહેર છે કે તે શંકા કરનાર કે વાંધો ઉઠાવનારને માનવું પડશે કે આપે જે કંઇ મજકુર પત્રમાં લખ્યું છે તેના શબ્દે શબ્દપર આપનો પૂરેપૂરો આકીન હતો અને તેથી કરીને સઘળા સહાબા [રદી] નો ઇજમાઅ [એકત્ર મત]નું શરઇ પાકી ખરી દલીલ હોવું અને તે દલીલથી ખરી મનાયલી આગલી ત્રણે ખિલાફતોનું ખરાપણું સંપુર્ણ રીતે સાબેત થઇ ગયું,

અને એજ અહલે સુંનત વલ જમાઅત મુસલમાનોનો મઝહબ છે. પણ જો વાંધો ઉઠાવનારની ખાતર થોડી વારને માટે, માની લઇએ કે આપ કાગળમાંની એકે વાતને માનનારા નહીં હતા તો ઘણી મોટી મુશકેલી એ આવી પડવાની કે જ્યારે તેરસો વર્ષ પછીના શીઆઓને એ વાતની ખબર હોય કે હઝરત અલી (કરમ) ત્રણે ખિલાફતોને ખોટી ગણનારા હતા તો હઝરત મોઆવિયા (રદી) અને આપના સાથીઓ તો અવશ્ય કરીને એ વાતને જાણનારા હોવાજ જોઇએ. ત્યારે જો શીઆ પંથના માનવા મૂજબ હોત તો હઝરત મોઆવિયા (રદી) મજકુર પત્રનો એવો તો સારો ઉત્તર આપતે કે જેનું ખંડન દુન્યામાં કોઈ કરી શકતે નહીં અને તેની મતલબ એજ હોત કે "હું એટલાજ માટે તો આપને સાચો ખલીફો અને આપની ખિલાફતને સાચી ખિલાફત માનતો નથી, કે જે ત્રણે ખલીફાઓનાં નામો આપે લખ્યાં છે તેઓને આપ પોતે ખરા દિલથી સાચા ખલીફાઓ માનતા નથી અને તેઓને જે લોકોએ ખલીફા ચુંટેલા તે લોકોએ આપના પોતાના અકીદા મુજબ ખોદા અને રસૂલ (સલ)ની નાફરમાની કીધી છે.

તેવાજ નાફરમાનો જો આપને ખલીફા બનાવી આપની ખિલાફતને સાચવે તો તેવી ખિલાફતને આખી દુન્યામાં કોઈ પણ સમજુ માણસ એક મિનિટને માટે પણ સાચી ખિલાફત કબુલ રાખી શકતો નથી. મુરબ્બી સાહેબ ? એ તો આપે પોતાને હાથે પોતાના પગમાં કુવાડીનો ઘા માર્યો છે. જો આગલી ખિલાફતોને આપે પોતે સાચી ખિલાફતો મનજુર રાખી હોત તો આજે મોહાજિરીન અને અનસારના વધુ મત જેવી ખુલ્લી દલીલ આપની ખિલાફતની સચ્ચાઇ વાસ્તે મોજૂદ હોવા છતાં આપની ખિલાફતને કબુલ મંજુર રાખવામાં અમને આડે આવનાર એક પણ દલીલ હોત નહીં. એ માંગણી સ્વીકારવાને અમે તદન નાચાર છીએ કેમ કે જે દલીલ આપે અમારી આગળ રજુ કીધી છે.તે એવી દલીલ છે કે જે વડે આપ પોતે પોતાની ખિલાફતને ખોટી ઠેરવો છો. હવે જો અમે તેને કબુલ નહીં રાખીએ તો તેમાં અમારો શો દોષ ? આખી દુન્યા એ વાતને માને છે કે જે લોકો ખોદા અને રસૂલના સેંકડો હોકમોની નાફરમાની કરનારા અને ખોદા અને રસૂલના હુકમોમાં મનમાં આવે તેવો ફેરફાર કરી તેઓને જુઠાડી, વસીયતને તોડી, કુઆનને તદન બદલી

કાઢી, આપની ખિલાફત બિલાફસ્લને એકવાર નહીં પણ ત્રણ ત્રણ વાર છીનવી લેનારા હોય તેવા જૂઠા અને ખોટા લોકો જે ચીજને સાચવે તે ચીજને પણ ખોટીજ માનવી જોઇએ ”.

જાહેર છે કે સુન્ની કે શીઆ પંથમાં એક રિવાયત પણ એવી નથી કે જેમાં હઝરત મોઆવિયા (રઝી) તરફથી મજકુર મતલબ ધરાવનારૂં કોઇપણ લખાણ આપપર મોકલાયલું સાબેત હોય, જેથી કરીને સાબેત થઇ ગયું કે ૧ ત્રણે ખિલાફતોને હઝરત અલી (રઝી) ખોટી માનનારા હતા, ૨ સહાબાઓ (રઝી)ને એ બાબતમાં ખોટા અને રસૂલ (સલ)ના નાફરમાન ગણનારા હતા, અને ૩ પોતાને રસૂલ (સ) ના વસી અને ખલીફા બિલાફસ્લ માનનારા હતા એમાંની એક પણ બાબત સહાબા (રઝી)ના એટલે ચારે ખલીફા (રઝી)ના જમાનામાં નહીંજ હતી. પણ પાછળથી મુસલમાનોમાં કુસંપ ફેલાવવાને અર્થે **અબ્દુલ્લાહ બિન સબા યાહુદીએ અને તેની યાહુદી** કમેટીએ પોતાને ખરા મોમિન બંદા અને શીઆને પંજતન પાક જાહેર કરી એ ધતીંગ ઉભું કરી અહલેબૈતના ઇમામો (અલ)ને નામે એ બાબત

સેંકડો જૂઠી હદીસો તકીય્યાના આશ્રા હેઠળ ફેલાવી, મુસલમાનોમાં કેયામત સુધીનો કુસંપ ચાલુ કરી દીધો.

શીઆ પંથની દલીલો તપાસતાં પૂરેપૂરી રીતે સાબેત થાય છે કે હઝરત અલી (કરમ) અથવા કોઇ બીજા ઈમામે અહલે બૈત (રદી)ની સાથે હથિયારો વડે લડાઈ ચલાવવાને કોઈએ કુફ્ર ગણ્યો નથી*

* ગુમરાહ કરવામા અને ગુમરાહ થવામાં યાહુદીઓએ કઇ નવાઇ જેવો હિસ્સો મેળવ્યો છે. જેટલા અંબિયા એ લોકો પર ઉપરાચાપરી મોકલાયા તેટલા ભાગ્યેજ કોઇ બીજી કોમપર મોકલાયા હશે પણ એ કોમ સુધરી નહીં. કોઇ પણ સાચા-દીનની ચઢતી જોઇને તેને બગાડવાનું સૌથી સારૂં પગલું એ લોક એવી રીતે ભરતા કે તે દીનમાં પોતે દાખલ થઇ એવી કોશીશ કરતા કે તે દીનવાળા તેઓને પોતાના આગેવાન અને મહાત્મા ગણવા લાગે. પછી ધીમે ધીમે તે પાક દીનના સાચા અકીદાઓમાં મોટો ફેરફાર કરી પછી હરામ હલાલના મસઅ-લાઓમાં હાથ નાંખી છેવટે તે દીનના ખરા આગેવાનો તરફથી તેઓના દિલોમાં અણગમો પેદા કરી પોતેજ આગેવાન બની જતા. ખ્રીસ્તી દીનને પણ એવીજ યાહુદી પાર્ટીએ બગાડયો. તેઓથી શીખીને "સબાઇયા" પાર્ટીએ ઇસ્લામી દીનમાં કુસંપ ફેલાવ્યો. "તોહફએ ઇસ્ના અશરીયા"માં એનો પુરો ઇતિહાસ છે.

વળી એ દલીલપરથી ઈનસાફવાળો સમજુ દરેક માણસ આકીન સાથે સમજી શકશે કે જ્યારે ઈમામોની સાથે હથિયારો વડે લડાઈ કરવી કુફ્ર નથી ત્યારે તેઓની ઈમામતને કબુલ નહીં રાખવાથી અથવા કોઈ વાતમાં વિરૂદ્ધતા દેખાડવાથી કોઇ મુસલમાન કાફેર કેવી રીતે થઇ શકે ? હવે તપાસીએ કે સૈયેદુલ અઇમ્મા હઝરત મૌલા અલી (કરમ) પોતાની સાથે લડનારાઓને પોતે શું ગણતા હતા. નહજુલ બલાગતમાં આપના વચનો છે કે " પણ આપણે તો એવી હાલતમાં સવાર કીધી કે આપણે આપણા ઇસલામી ભાઇઓ સાથે કતલ ચલાવી રહેલા છીએ તે એટલાજ માટે કે તેઓમાં ખોટાશએ અને આડા માર્ગે અને શક શુબેહે અને તાવીલે પગ પેસારો કીધો છે ! એટલે ખરો માર્ગ છોડીને જરૂર વગર તાવીલના ભુલ ભરેલા રસ્તા તરફ તેઓ દોરાયા છે.] " હઝરત જનાબે અમીર (અલ) ના કોલ અને ફરમાનને રદ કરી આપની સાથે લડનારાઓને કાફિર મુર્તદ કહી અને માની પોતાની આકેબત બગાડવાની હિંમત અહલે સુનંત જમાતમાં તો નથી, શીઆને અલીની હિંમત કેમ ચાલતી હશે? સુબહાનલ્લાહ ! જેમ જનાબ નબી (સલ)એ જનાબે

શેરે ખોદા (રદી)ની સાથે લડનારાઓને સહાબીયત- માંથી કાઢી નહીં નાંખ્યા તેજ વચનની તાએદારી કરી હઝરત અમીરૂલ મોમિનીને "આપણા ઇસલામી ભાઇયો"ના એલકાબનો તાજ તેઓને પહેરાવ્યો*

ખુદાપાકના ફઝલથી મજકુર દલીલોપરથી એક વાત બીજી એ નીકળી આવી કે શીઆ પંથમાં એકેમતે જે અકીદો મનાય છે કે "તેઓ (એટલે હઝરત અલી (રદી.) ની સાથે (હથીયારો વડે) લડાઇ કરવી કુફ્ર છે અને માત્ર કોઈ દીના કે

---

* એજ દલીલોપરથી સાબેત થઇ ગયું કે "યઝીદ તેમજ હઝરત ઇમામે હોસેન [રદી] શહીદે કરબલાની સાથે લડનારાઓ કાફિર નથી, પણ ગુન્હેગાર છે, જે સુન્નત જમાઅતનો ખરો મઝહબ છે. (ફિકહે અકબરની મલ્લા અલી કારીની શર્હ પા૦- ૮૮) તેથી કરીને મોહરમના તેહવારોમાં લઅનતોનો જે વરસાદ તેઓપર વરસાવવામાં આવે છે એવા કામોથી મુસલમાનોને દુર રેહવું જોઇએ કારણ કે હદીસોમાં આવેલું છે કે જે લઅનત મુસલમાનપર કરવામાં આવે છે તે લઅનત પાછી લઅનત કરનારાઓના મ્હોંપર પાછી આવે છે. "કરઝન ગેઝિટ" દિલ્હીના એડીટર, મિર્ઝા હયરત સાહેબે ઠીક લખ્યું હતું કે એજ કારણ છે કે લઅનત કરનારાઓના ચેહરાપર "ભકાભક" નુર હમેશ વરસે છે.

દુન્યાની વાતમાં વિરૂદ્ધ થવું ફિસ્ક (એટલે મોટો ગુનો) છે" જે અકીદાને કાઝી નુરૂલ્લાહ શોસ્ત્રી સાહેબે પોતાની પ્રખ્યાત કિતાબ મજાલિસુલ મોમિનીનમાં લખ્યો છે, તેમજ એ બાબત શીઆ પંથમાં જે હદીસ મશહુર છે કે "હરબોકા હરબી" એટલે રસુલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે યા અલી! તમારી સાથે લડનાર મારી સાથે લડાઇ કરનાર સમાન છે. અને જાહેર છે કે જનાબ નબી (સલ) ની સાથે જે લડાઈ કરે તે કાફિર છે. એ બંને વાતો, ઉપર લખેલા હઝરત જનાબે મૌલા અલી (કરમ) નાંજ વચનોથી બાતિલ થઈ ગઇ. વલ હમ્દો લિલ્લાહે અલા ઝાલિક. બીજી રીતે હદીસ મજકુરથી દલીલ પકડી કોઈને કાફિર ગણવું એટલા, માટે પણ ખોટું છે કે શીઆ અને સુન્ની બન્ને પંથોના એકેમતે કુફર સાબેત થવાને કતઇ દલીલ હોવી જોઇએ. અને જાહેર છે કે મજકુર હદીસ કતઇ દલીલ થઈ શકતી નથી તો તેથી કરીને એ હદીસને આધારે લડનારાઓનું કુફર પણ કદી સાબેત થઇ શકતું નથી. રહી ગઇ ખિલાફત અને ઇમામતના મસઅલામાં વિરૂધ્ધ મત હોવાથી સહાબાનું [નઉઝો બિલ્લાહ] ફાસિક હોવું તે પણ

બાતિલ છે કેમકે શીઆ પંથની સાઠ કરતાં વધારે જેટલી શાખાઓ છે, તે શાખાઓનો મતફેર ઘણું કરીને મૂળ ઇમામોને માનવામાં છે. એક શાખા જે ઇમામોને માને છે તેઓને બીજી શાખા ઇમામ માનતી નથી. શીઆ પંથની રૂએ જો ઇમામતને માટે મતફેર રાખવો કુફર હોય તો શીઆ પંથની મજકુર દલીલથી દુન્યામાં એક પણ શીયા પંથનો માણસ મુસલમાન રહી શકતો નથી.

કારણ કે એક શાખા જે ઇમામોને ઇમામ માનતી નથી તે શાખાને માનવું પડશે કે બીજી શાખા જે તેઓને ઇમામ માને છે કાફિર છે. અને ઉપર હદીસોની બહસમાં હું સાબેત કરી આવ્યો કે શીઆ પંથની સઘળી હદીસોના રાવી એકજ શાખાના નથી પણ ઘણા ખરા એક બીજાથી તદન જુદી શાખાના છે તેથી કરીને સાબેત થશે કે આખા શીઆ પંથનો આધાર જે હદીસોપર છે તે બધી કાફિરોની રિવાયત કીધેલી છે અને શીઆ પંથ તેમજ સુન્ની પંથીના એકેમતે કાફિરની રિવાયત દીનમાં કબુલ રાખવી હરામ છે, તેથી કરીને આખા શીઆ પંથની શી દશા થશે તે જાહેર છે. લખવાની જરૂર નથી, તેથી કરીને સાબેત થઇ ગયું કે ઇમામત અને ખિલાફતમાં મતફેર રાખવો કુફર નથી તેમજ ફિસક

પણુ નથી, અને તેમજ એ મસઅલો અકીદાઓના મસઅલાની સાથે સંબંધ ધરાવનાર પણુ નથી, અને એજ મઝહબ અહલે સુન્નત જમાઅતનો છે વળી એ પણુ સાબિત થઇ ગયું કે જ્યારે બીજા ઇમામોના જમાનામાં બીજા ઈમામોની ખિલાફત અને ઈમામત માટે મતફેર રાખવો કુફ્ર કે ફિસ્ક નથી ત્યારે હઝરત અલીયે મુર્તઝા (કરમ) ના જમાનામાં ત્રણે ખલીફા (રદી) અને આપની ઇમામત અને ખિલાફત માટે સહાબાઓ (રદી) માં કંઇ મતભેદ હોય તો તેઓને પણુ કુફ્ર કે ફિસ્ક લાગુ પડવો નહીંજ જોઇએ અને એજ મતલબ મારે સાબેત કરવાની હતી જે એહલે સુન્નત જમાઅતનો મઝહબ છે.

હવે હું શીયા પંથવાળાના ત્રણ મોટા મસઅલાનો એટલે [૧] વસીયતનો (૨) ખિલાફત બિલાફસ્લનો અને (૩) કલેમએ ઇખલાસમાં હઝરતે મઉલાને વસી અને ખલીફા બિલાફસ્લ આપનું નામદઇને દાખેલ કરવાનો તસલ્લીબખ્શ જવાબ શીઆ પંથની પ્રીવી કોનસલ એટલે દરબારે અલીથી મળેલો છેવટનો ચુકાદો આપનાર પત્રથી રજુ કરૂં છું કે જેથી તેને કબુલ મંજુર નહીં રાખવાની તેઓને સત્તા બાકી રહેજ નહીં.

નહજ્જુલ બલાગતના પાના ૧૧૮ માં છે કે જનાબે અમીર [અલી અલે.] એ એક કાગળ આપના તાબાના શહેરોમાં રહેનાર મુસલમાનોપર લખ્યો કે જેમાં આપની અને અહલે સિફફીનની વચ્ચે જે જે કંઇ થયું હતું તે સઘળું વિગતવાર લખ્યું હતું કે અમારૂં કામ એવી રીતે શરૂ થયું કે અમે અને શામીયોની એક કોમમાં લડાઇ થઇ, પણ ખુલ્લી વાત તો એ છે કે આપણો રબ એક છે અને આપણા નબી (સલ.) પણ એકજ છે અને ઇસ્લામે જે કામો કરવાને માટે અમને નોતર્યા છે તે પણ (કાંઇ જુદા નથી) એકજ છે. અલ્લાહ (ની તોહીદ) પર ઈમાન લાવવામાં અને તેના રસુલ (ની રિસાલત અને નોબુવ્વત) ને સાચવવામાં જે બંને બાબતોને શામીઓ માને છે તે બંને બાબતોમાં [કંઈ જરા પણ) તેઓના અકીદામાં અમે વધારવા માંગતા નથી, અને (તેમજ અમે જે બંને વાતોપર જેટલું ઇમાન રાખીએ છીએ તેમાં) તેઓ કંઇ વધારો કરવા ચાહતા નથી. સુબહાનલ્લાહ! શું ઉમદા ફેંસલો છે કે ઈમાન અને ઈસ્લામની જે વાતોપર સઘળા સહાબા અને તાબેઇન અને હઝરત અમીરે મોઆવિયા (રઝી) નું ઇમાન અને અમલ

છે તેજ વાતોપર અમો અહેલે બયતે રસૂલ (સલ૦) નું અને અમારા સાચા શીઆઓનું ઇમાન અને અમલ છે. અમે તે વાતોમાં એક રજકણ બરાબર કંઇ વધાર્યું નથી, વધારવા માંગતા નથી અને વધારવા ઇચ્છશું નહીં. અને એ વાત તો એક અભણ શીઆ કે સુન્ની પણ જાણે છે કે તેઓ એટલે સઘળા સહાબા ત્રણે ખલીફા, હઝરતે મોઆવિયા (રદી૦) અને આપની સાથેનું સઘળું લશ્કર, માત્ર ખુદાની તઉહીદને જનાબ, રસુલુલ્લાહ (સલ.) ની રિસાલત અને નોબુવ્વતને અને હાલ બંને પંથોના હાથમાં જે કુરઆન છે જે સહીહ હદીસો છે તેનેજ માનતા હતા અને ત્રણે ખલીફા (રદી.) ની ખિલાફતોને બરહક જાણતા હતા. એ ચીજો ઉપરાંત વસીયત, ખિલાફત બિલાફસ્લ અને તેના એકરારને કલમએ એખલાસનો એક ભાગ તદન માનતા ન હતા. જેને માટે જનાબે મુરતુઝા અલી (રદી.) ફરમાવે છે કે અમે પણ માત્ર એટલીજ ચીજોને માની તેનાપર વસીયત, ખિલાફત અને તેના એકરારના મસઅલાઓને વધારવા બિલકુલ માંગતા નથી. અલહમ્દો લિલ્લાહ.

પછીના ફકરાઓમાં આપ એવી રીતે ફેંસલો આપે છે કે તેઓ પણ મજકુર બાબતોમાં કંઇ વધા-

રવા માંગતા નથી. એટલે સાફ સાબેત થઇ ગયું કે ઇમાન અને ઇસ્લામની કોઇ પણ વાતમાં તેઓમાં અને અમારામાં જરાએ ફરક નથી. અમે બધા એકજ તરેહનું સરખું ઇમાન અને ઇસલામ રાખનારા છીએ. આવા ખુલ્લા ફેંસલા સાથે પણ હજુ કોઇ ના કહેવાની હિંમત કરશે ? અહેલે બયઅતના ઇમામો (અલ૦) શીઆને અલીના અને સુન્નીઓના ઇમાન અને ઇસલામમાં ઘણોજ મોટો તફાવત માનનારા હતા, અને હઝરતઅલી (રદી.) ને નબી સાહેબ (સલ.) ના વસી અને ખલિફા બિલાફસ્લ અને તેના ઇકરારને કલેમએ ઇખલાસના એક ભાગ અને મજકુર ત્રણે બાબતોને નહીં માનનારને કાફિર માનનારા હતા એવું કોઇ કહેવા ઉભો થશે ? ઇનશાઅલ્લાહો તઆલા કદી નહિં.

શીયા પંથના સઘળા મોટા અકીદાઓ કે જેઓને લીધે શીયા પંથ સુન્ની પંથથી જુદો પડે છે તેઓને ઇસલામમાં ચાલુ કરનાર અબદુલ્લાહ બિન સબા યાહુદી અને તેની યાહુદી પાટી હતી. શીયા પંથના મહાન આગેવાન, હદીસોમાં તેઓના ઘણાજ માતબર માનીતા અને પ્રખ્યાત આલિમ, અબુ અમર કસી પોતાની કીતાબ રિજાલે કશીના પાના ૭૧ માં

લખે છે કે (શીઆઓના) " કેટલાએક આલીમોએ કહ્યું છે કે અબદુલ્લાહ બિન સબા યાહુદી હતો પછી મુસલમાન થયો અને હઝરત અલી (કર.) ની સાથે દોસ્તી બાંધી. જ્યારે તે યાહુદી હતો ત્યારે યુશઅ બિન નૂન (અલ૦) ને માટે ઘોલુ (હદથી વધારે દરજ્જા) નો દાવો રાખતો (અને તે દાવો એ હતો) કે તેઓ હઝરત મુસા (અલે૦) ના વસી છે. પછી (જ્યારે તેણે જાહેરમાં મુસલમાન થવાનો ડોળ ઘાલ્યો અને) જનાબ રસુલુલ્લાહ (સલ.) ની વફાત થઇ ગઈ ત્યારે તેણે હઝરત અલી (રઝી.) ને માટે પણ [પોતાનો] એજ અકીદો હોવાનો દાવો પ્રગટ કીધો. (ઇસલામમાં) એ સૌથી પહેલો માણસ છે કે જે એવા અકીદાવાળો મશહુર થયો કે હઝરત અલી (રઝી. અને તેઓ પછી તેઓની ઓલાદ) ની તાબેદારી કરવી (નબી (સલ.) ની તાબેદારી કરવા જેવી) ફરજ છે (કે જેનો નકાર કરનાર કાફીર થાય છે). અને (તેજ પહેલો શખ્સ છે કે) જેણે અલી (રઝી.) ના દુશમનો (એટલે જે સહાબાઓને શીઆ પંથવાળા અહેલે બૈતની સાથે દુશમની કરનારા માને છે તેઓ) ની સાથે તેને ભારેમાં ભારે અણગમો તિરસ્કાર (બેઝારી)

છે એમ જાહેર કીધું- અને (તેજ પેહલો માણસ છે કે) જેણે (શીઆ પંથના મત પ્રમાણે) હઝરત અલી (રદી.) ના જેટલા (સહાબા (રદી.) વિરૂદ્ધ પક્ષવાળા ગણાએલા છે તેઓની સાથે વિરૂધ્ધતા દેખાડી અને તે (સઘળા વિરૂધ્ધ પક્ષવાળા સહાબા) ઓને તેણે કાફિર થઇ ગયલા માન્યા. અને એજ કારણ છે કે જેને લીધે શીઆ પંથથી વિરૂધ્ધ મત ધરાવનારા (એટલે સુન્નત જમાઅત મુસલમાનો) કહે છે કે મૂળ યાહુદી ધર્મ પાળનારાઓએ શીઆ પંથની સ્થાપના કીધી છે. ”

અલ્લાહની ખાસ કુદરત અને ઇસલામનો મોજિઝો છે કે સુન્નત જમાત આલિમો જે સાચી વાત કોઇ પણ પંથ કે ધર્મવાળાઓ માટે લખે છે કે જે વાત તેઓના ખોટા અકીદાઓને રદ્દ કરનારી હોય તેજ વાત તેજ પંથ અથવા તેજ ધર્મના કોઇ પણ સારા આગેવાનની કલમ કે જીભ વડે ખોદાપાક જરૂર જાહેર કરી પોતાના સાચા નબી (સલ.) ના દીનનેજ ફતેહમંદ રાખે છે. મજકુર મસઅલામાં પણ એવોજ બનાવ બન્યો છે. સુન્નત જમાત આલીમો, હમેશ શીઆ પંથવાળાઓને તેઓની બાખેરત સુધારવા એ

શિખામણ આપતા અને નમ્ર સૂચનાઓ કરતા કે "પ્યારા ભાઇયો ! તમો ઇસલામનો દાવો રાખો છો અને વળી અહેલે બૈતની દોસ્તીનો કંટ્રાકટ તો જાણે કયામત સુધી તમેજ લઇ લીધો છે જે તમને મુબારક થાય, પણ મિત્રો ! ઇસલામપર અને અહેલે બૈતે રસૂલ (અલ.) ની મોહબ્બતપર ચાલવાનો જે રવૈયો તમે ધારણ કીધો છે એ રવૈયો તો હઝરાતે પંજેતને પાક દોવાઝદ (બાર) ઈમામ અને ચાહરદ (ચૌદ) મઅસુમ [અલ]* માંથી કોઇનો નથી, કેમકે એ રવૈયાથી દીને ઇસલામ એક સેકંડ માટે પણ બાકી રહી શકતો નથી. કારણ કે એનો સ્થાપન કરનાર

---

* સુરતના પ્રખ્યાત બુઝુર્ગ હઝરત મૌલાના મૌલવી શેખ ફાઝીલ સાહેબ (રહે૦) ના કાકા મફિલવી પીર મોહંમદ સાહેબે પોતાની કલમી બયાઝ (નોંધપોથી) ના પાના ૧૦૦ માં "અયનુલ અકાયદ" નામની કીતાબથી લખ્યું છે કે "પંજતન પાક, દોવાઝદઃ ઇમામ અને ચહારદઃ મઅસુમ"નેજ અહેલે બૈતના આગેવાનો માનવા અને અહેલે બતમાં બીજા સઘળા ઇમામો અને સાદાતોને તેવાજ બુઝુર્ગ નહીં માનવા, તેમજ "પંજતન"ને તો પાક અને બીજાઓને નાપાક ગણવા એ બેઅદબીયો શીયા પંથની કાઢેલી છે, જે ખોટા અકીદા છે.

અને મુસલમાનોમાં ફેલાવનાર એક યાહુદી અને તેની કાવત્રાબાજ ટોળી હતી. ઇસ્લામી ધર્મના મજકુર કટ્ટા શત્રુ યાહુદીના અને તેની યાહુદી પાર્ટીના પોતાના બનાવી કાઢેલા જુઠા અકીદાઓનું લીસ્ટ નીચે મુજબ જાહેર કરીએ છીએ.

(૧) હઝરત અલી [રદી.] ખોદા છે અને પૂજ્ય (મઅબુદ) છે, એજ અકીદો શીઆ પંથની "નોસેરીય." શાખાનો ખુલ્લી રીતે અને બીજી શીઆ શાખાઓનો છુપી રીતે અથવા આડકત્રી રીતે આજ સુધી છે. [૨] (બાર ઇમામોમાંથી) દરેકે દરેક રીતે દરેકે દરેક ઇમામની તાબેદારી એવી રીતે ફરજ છે કે કોઈ પણ બાબતમાં તેઓની જરા પણ વિરૂધ્ધતા દેખાડવી કુફર છે. (૩) હઝરત અલી [રદી.] જનાબ રસુલુલ્લાહ (સલ૦) ના વસી (એટલે ખલીફા બિલાફસ્લ) છે કે જે અકીદો તે પાર્ટીએ યાહુદી અકીદાપરથી ઘડી કાઢેલો ખુલ્લા શબ્દોમાં, શીઆ પંથના પ્રખ્યાત આલીમો કબુલ રાખે છે. (૪) હઝરત અલી (રદી. અને તેઓ પછી આનારા ૧૧ ઇમામો) ની તાબેદારી દરેકે દરેક વાતમાં ફરજ છે કોઇ પણ રીતે તેનો જરાપણ નકાર કરનાર ચોકખો કાફિર છે. (૫) જનાબ રસુલુલ્લાહ (સલ૦) ના સહા-

બાઓ (રદી.) હઝરત અલી રદી. [અને આપની ઓલાદ] ના કટા દુશમન હતા. (૬) જનાબ નબી (સલ૦) ના સહાબીઓ (જેઓ ખુદાના દોસ્તો અને બોદા તેઓનો છે, રદી યલ્લાહો અનહુમ વ રદુ અનહો કુરઆનમાં જેઓ માટે ખુલ્લા શબ્દોમાં છે ;તેઓ) ને ભારેમાં ભારે તિરસ્કાર સાથે ધિક્કારવા જોઇએ (જેને હાલના ઝમાનામાં શીઆ પંથની બોલીમાં " તબર્રો " કહે છે) (૭) તે સહાબાઓ અને જનાબ નબી (સલ.) ની બીબીયો [રિદ.] ની દોસ્તી અને પ્રીતિને ઠેકાણે દરેક માણુસે તેઓની ભારેમાં ભારે દુશમની પોતાના ખરા અકીદાથી પોતાના મનમાં રાખવી જોઇએ. (૮) દીનના તે સઘળા આગેવાનોને કે જેઓએ પોતાની આબરૂ જાન માલ, બાલબચ્ચાં બધુએ ઈસલામી દીનપરથી ઓવારી આખી દુન્યામાં દીન ફેલાવ્યું તેઓને કાફિર અને કટા કાફિરો માનવા જોઇએ.

આખી દુન્યાના મુસલમાનો જાણે છે કે મજકુર અકીદાઓજ તે અકીદા છે કે જેઓપર આખા શીઆ પંથનો અને તેની દરેકે દરેક શાખાનો આધાર છે અને એજ અકીદાઓને લીધે શીઆ પંથ સુન્ની પંથથી જુદો પડયો છે. પછી જ્યારે મજકુર અકીદાઓ

માટે ઉપર જણાવેલા શીઆ વિદ્વાનોએ કબુલ રાખેલું છે કે એ અકીદાઓ જનાબ રસુલુલ્લાહે (સલ૦) અથવા એમ કહો કે પંજતન પાકે અથવા જનાબ નબી (સલ૦)ના એક પણ સહાબી કે તાબીઇએ ગોઠવી કાઢયા નથી પણ સૌથી પહેલાં મજકુર યાહુદી અને તેની પાર્ટીએજ પ્રગટ કીધા, અને સાથે ખુલ્લા શબ્દોમાં શીઆ પંથના તે આગેવાનોએ કબુલ રાખ્યું કે મજકુર યાહુદી પાર્ટીનું એમ કરવાનું કારણ મુસલમાનોમાં અને દીને ઇસ્લામમાં ફિતુર નાંખવા અને મુસલમાનોને દીનના ખરા માર્ગપરથી ભટકાવ્વા સીવાય બીજું કંઇ હતું નહીં; અને ખોદાપાકની - જાયબ કુદરત એ જોવાની છે કે મજકુર શીઆ વિદ્વાનોના મજકુર લખાણોને શીઆ પંથના કોઇપણ શાખાના કોઈ પણ માતબર અને પ્રખ્યાત વિદ્વાને આજ સુધી રદ બાતેલ ઠેરાવ્યું નથી. જેથી સાબિત થઇ ગયું કે મજકુર વાર્તા એકેમતે શીઆ પંથમાં મનાયલી છે.

હવે હું પીર મશાયખ (રહે૦) નામના એક બુઝુર્ગ કે જેઓ બાદશાહ ઔરંગઝેબ આલમગીરના ઝમાનામાં (અમદાવાદમાં) થયા છે અને એક મોટી કોમ (કે જે મુમનના નામે ઓળખાય છે અને મુંબઈમાં ઘણુ કરી

ગાડી હાંકવાનો તથા પાલનપુર, મહીકાંઠા, કડી પ્રાંત વીગેરે જીલ્લાઓમાં મોટી સંખ્યામાં ખેતીવાડી વીગેરેનો ધંધો કરે છે તે) ને રાહેરાસ્ત તરફ દોરી, ઘણી કીતાબો (જે જુની ઉર્દુ ઝબાન અને ગુજરાતી હરફોમાં છે) લખી આપી છે, તેમના અસહાબાં (રદી૦)ની તારીફના કોલ અહીં રજુ કરૂં છું. એમ તો દરેક બુઝુર્ગે તારીફ કરીછે અને તે સઘળું લખવા બેસીએતો મોટાં મોટાં દફતરો થાય પરંતુ મજકુર બુઝુર્ગનાજ કૌલ, અહીં એટલા માટે લેવામાં આવે છે કે તેમને માનનારે અને તેમની કોશીશથી હીદાયતનો રસ્તો મેળવનાર મુમન કોમમાં થોડીક મુદ્દતથી કેટલાક શીઆઓએ પગ પેસારો કરી, લાલચો વતાવી બહેકાવે છે. જેથી આ રિસાલામાં મજકુર બુઝુર્ગના કૌલ, તેમની લખેલી કીતાબોમાંની "ખુલફાએ રાશેદીન" નામની કીતાબમાંથી થોડાક અહીં આપવા યોગ્ય ધાર્યા છેઃ-

બૈતો

યા ઇલાહી આલમીન કરમ તુ કીજે,
રબ હુમકુ તોફીક નેક તુ દીજે.
સો મૈંભી ઓર સબ મુસલમાના,
તુ કરમ સુ ઈલાહી કર નેકરે શાના.

હમ તાબે હોવે સીદ્દીક અકબર કેરે,
તેરે કરમસુ ઉમેદવાર હમ અનુ કેરે.

× × ×

સુનો દીન કેરે ભાઇ હોઓ સુન્ત જમાતા,
સો એસીતો અનુકી સુન સુન બાતા.
કે ચાર યારી હોઈએ, એસા અકીદા કરના;
સો ખુલફાએ રાશેદીન, સુ નેહ મન ધરના.

(ખુ-ર઼ા-ગ-૩૮)

દોસ્તી ખાતમ નબીજી હો કેરી,
તુ કરમકી નઝર કર ખાલક સવેરી.
હે ઉમેદ કે તોફીક નેક રે આવે,
કે ચાર યારી મુમન બંદારે કેલાવે.
કે ખુલફાએ રાશેદીન કેરા નેહરે આવે,
અને સીફત અનુકી નત દલમાંહે લાવે.
યું ચાતાહે બંદા તેરે કરમસુ સાંહી.
કે ખતરા દલમાં આવેરે નાંહી.
બી હે જે ટોલે દુરીજનો કેરે,
રબ પનાહમાં અનુથી તુ રાખીયો સવેરે.
જે રાફઝી કેહલાતે હે જગ માંહા,
કે શેખેનકી ખુબી અનુ ભાવેરે નાંહા.

અનુ ટોળેથી પનાહ તુ દીજીઓ ઇલ્લાહી,
કે સાફ હોવે દલ. ના આવે ગુમરાહી.
બી ખારજી ટોલા હે જે કેહલાતા,
કે ખુતનો સેતી નાંહે નેહરે લગાતા.
ઇસ ટોલેથી પનાહમાં રબ રાખીઓ સવેરી,
તુ નબીજીકી દોસ્તી દુઆ કબુલને મેરી.

(ખુ-રા-ગ-૧૩૯)

"ખુલફાએ રાશેદીન" તરફ "તબરરો" કરનારના કેવા હાલ થયા છે વીગેરે પીર મશાયખ (રહે૦)ની મજકુર કીતાબથીજ અહીં તેમના કૌલ આપીએ છીએઃ-

ફઝીલત શેખેનકી જાનોરે, ખલીફે નબીકે પેછાનોરે
અદબ કરો અનુ નામારે, જેસા જીસે હોય ઠામારે.
જેથા અદબ ના લાયારે, ભમરોતે તન વે ખાયારે.
દેખતેમાં હાડકે દેખાયારે, ભમરે એસે ગુસેંસુ લગાયેરે,
એસા હુવા ગુસા રબકેરારે, સુનસુન રો મનમાં સવેરારે.
ઓરબી જુબાં થા ચલાતારે, સો શેખેનકુ નેતાથા ચાતારે
દુઆ થાં ભુંડી મંગાતારે, શેખેનકે હકમાં સુનાતારે.
હુવા વે કુત્ત કેરી જાતીરે, સજા પાઇ કરતા જબનાતીરે.

(ખુ-રા-ગ-૭૨)

શેખેનકુ જીસ જે ચલાતારે, બોલ સખ જુંબા થા લાતારે;
સાંપ લાગા દેખા સબ નેનારે, મુંહબાયા ઓસ મુખ મેનારે.

હુઇ એસી અઝાબકી રીતારે, ખલકત દેખ વે લીતારે.
બાકી બુઝે એબ ઇલાહીરે, ઓસ તન જે સખ્તી બનાહીરે.
એક હુવા સુવ્વર સી જાતીરે, બુરી કરતા શેખેનકી બાતીરે
દેખતેમાં સુવ્વર હો ગયારે, નજરૂ દેખ સબુ લયારે.
(ખુ–રા–ગ–૬૬)

એ દેખ રાફઝી સાચી નીશાનીરે, કીસી કીસી તન કુ જાહેર જાનીરે
બરકત બાતમ નબી કેરીરે, પરગટ, બોતના દીસે સવેરીરે.
કહીં કહીં દેખને સબકે માનારે, સબકુ હોવેયું સહી પછાનારે.
છૂપા ઓસતન હોવે અઝાબારે, સહી કર એ મન બુઝો સીતાબારે.
(ખુ–રા–ગ–૬૮)

આ ઉપરાંત આપે ઘણી કીતાબોમાં ખુલા-સાથી બયાન લખેલાં છે. પરંતુ પ્રસ્તાવના જરૂરી બુલાસાના લીધે ઘણીજ વધી જવાથી તે અહીં આપી શકતા નથી. ઇ. અ. કોઈ બીજા મોકાપર તેને રજુ કરશું.

હવે હું છેવટપર આવતાં જણાવીશ કે "વસીલતુન નજાત" એક નાહનકડી બુક છે પરંતુ બેહકેલાઓનાં મ્હોં બંધ કરવા માટે પુરતી છે. રીસાલાનું લખાણ, ઇમામુલ મોહદ્દિસીન વલ મોફસ્સિરીન હઝરત શાહ અબદુલ અઝીઝ સાહેબ મોહદ્દિસે દહેલ્વી (૬૬૦) ની સુપ્રસિધ્ધ ફારસી કિતાબ " ફતાવાએ

અઝીઝી " ના એક ફતવાનું ભાષાંતર છે. આ રિસાલામાં શીઆ પંથવાળાના અકીદા ઉપર એતેરાજ ન કરતાં ફકત એક શીઆ પંથી કે જે હકની તલાશ કરવાનો દાવો કરતો હતો તેના દંદા શીકન જવાબો આપ્યા છે; અને તે પણ ફકત કુરઆન અને ઇમામો (રદી૦) ના કૌલથીજ. મારા મુમનભાઇયો તેમજ બીજા ઇસ્લામી બીરાદરોને મારી નમ્ર વિનંતી છે કે, બીજા પુસ્તકોની જેમ આ રિસાલાને અભરાઈપર ચઢાવી મુકવાના બદલે ધ્યાનપુર્વક વાંચી ઇસ્લામના દુશ્મનોને, અકીદા બગાડી ઇમાનમા ખલલ કરવાનો મોકો આપે નહીં. આ પુસ્તકના કામમાં જનાબ સૈયદ અલી અકબર કાદેરી સાહેબે તથા મોલ્વી ફતેહમહંમદ સાહેબે જે મદદ આપી છે તે માટે તેઓનો ઉપકાર માનું છું.

છેવટે, મારો આ પ્રથમ પરીચય હોઇ ભાષામાં કે પ્રુફ કરેકશનમાં કદાચ ભુલ રહી ગઇ હોય તો તે સંભવીત છે; તે વાંચક વર્ગ મોટા દીલે દરગુજર કરી મારી આ અદના કોશીશને આવકારદાયક ગણશે એવી ઉમ્મીદ છે. વમા તૌફીકી ઇલ્લા બીલ્લાહ

મુનશી ઇબ્રાહીમ પીરમોહંમદ.

૭૮૬

વસીલતુન નજાત.

અલહમ્દો લીલ્લાહ હક્કા હમ્દેહી વસ્સલાતો વસ્સલામો અલા હબીબેહી વ જુનદેહી, અલ્લાહુમ્મા યા મુકલ્લેબલ કોલુબે સબ્બીત કોલુબના અલા દીનેકા. (યાને સર્વે તારીફ અલ્લાહના માટે છે; જેવી તારીફના લાયક ખુદા છે અને દરૂદ અને સલામ તેના હબીબ તથા એમની આલ, અસહાબપર. અય ખુદા, દિલના ફેરવવાવાળા, સાબીત રાખ અમારા દીલોને તારા દીન ઉપર.)

આ રીસાલો લખવાનું કારણ એ છે કે અમારા એક મિત્રે (જે શીઆ મઝહબપર ઘણી મોહબ્બત રાખતો હતો) જાણવા માંગ્યું કે, જે ફીરકો નજાત મેળવવાવાળો છે, તેની સચ્ચાઇ સાબીત કરતી દલીલોના બ્યાનમાં, કેટલીક વાતો લખી આપો. દીન ભલાઇના માટે છે તેથી, અમે એનું કહેવું કબુલ કર્યું અને આ રીસાલો લખી, તેનું નામ "વસીલતુન

નજાત " રાખ્યું. સલામ એના પર હોજો કે જે હીદાયતની પેરવી કરે.

સવાલ—એહલે સુન્નત અને શીઆના વચ્ચે લાંબા **વખતથી મોટો વાદવીવાદ ચાલતો આવે છે. સુન્નીઓ** દાવો કરે છે કે, અમારો મઝહબ સાચો અને કુરઆન તથા હદીસને મળતો છે; શીઆઓની તમામ કીતાબો ખોટી છે અને એહલે બેતના મઝહબ વિષે ફીતનો અને તોહમત મુકવામાં આવ્યું છે. શીઆ **જેમ કહે છે તેમ નથી, પણ હકીકતમાં એહલે બેતનો** એજ મઝહબ હતો, જે અમારો (સુન્નીઓનો) છે.

પેલી તરફ શીઆ પણ એવોજ દાવો કરે છે કે અમારો મઝહબ કુરઆન છે અને અમારો તરીકો હઝરત ઇમામ જાફર સાદીકનો તરીકો છે; વળી તેઓ એહલે સુન્નતની તમામ કીતાબોને ઇતબાર વગરની બતાવે છે. આ બારામાં કુરઆનની આયતોના હવાલાથી, કોઈ એવો સંતોષકારક જવાબ લખવો જોઇયે કે, જેમાં કોઇને દમ મારવાની જગ્યા રહે નહીં, કે કોઈને બહાનું મળે નહીં, જેથી છુટકારો માંગનારાઓ એના પર અમલ કરે અને ખોટા મઝહબથી દુર રહે.

જવાબ—ભાઇ સાહેબ, હરેક ટોળાંની કીતાબો તો એક બાજુએ મુકી દો; પહેલાં હરેક મઝહબની જડની તપાસ કરો અને જ્યારે આપ હરેક મઝહબના મુળથી જાણીતા થઈ જાઓ ત્યારે તેની અસલ બીનાને કુરઆનની આયતોથી સરખાવી જુઓ. પછી જે મઝહબની જડ આપને મજબુત દેખાય, તેને સાચો સમજી તેની કીતાબો પઢો અને અમલ કરો અને જે મઝહબની બીના આપને બાતીલ (ખોટી) માલમ પડે, તેની કીતાબોને શયતાની વસવસાવાળી જાણીને પાણીમાં નાંખી દયો અને કદી પણ તેની પાસે ન જાઓ; તે કીતાબોને ફાડી નાંખો અને યકીન કરી લ્યો કે તે એહલે બેતનો મઝહબ નથી, બલકે શયતાની મઝહબ છે. ત્યારે જાણવું જોઈયે કે એહલે સુન્નતના મઝહબની બીના, હઝરત અબુબકર (રદી.) હઝરત ઉમર (રદી.) હઝરત ઉસમાન (રદી.) અને હઝરત અલી (રદી.) અને તે ઉપરાંત બીજા મોહાજેરીન, અનસાર અને હઝરત (સ.) ના બીજા અસહાબોના, મોમીન, પરહેઝગાર, નેક અને સાચા હોવા પર છે. તેઓ ગણત્રીમાં હઝારો હતા અને તેઓએ જનાબ રસુલે ખુદા (સ.) ની સાથે રહી, ખુદાની રાહમાં જીહાદ

(ધાર્મિક લડાઇ) કીધી તથા નમાઝો પઢી, અને જ્યાં સુધી રસુલે ખુદા (સ.) હયાત રહ્યા, ત્યાં સુધી આ અસહાબો હંમેશા આપની હીમાયત અને મદદમાં રહ્યા, અને જનાબ રસુલે ખુદા (સ.) ની વફાત પછી, પોતાની ખીલાફતના વખતમાં, અદલ ઇનસાફ તથા સચ્ચાઈથી કામ લીધું. તેમજ એહલે બૈતની ખીદમત બજાવી, અને પોતાની એહલે બૈત તરફની મહોબ્બત સાબીત કરી બતાવી. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (રદી.) એ, હંમેશા તેમની સાથે ઉઠ બેઠ રાખી, તેમની સાથે રહી કુફ્ફારોશી જેહાદ કીધી, તેમની પાછળ નમાઝ પઢી અને હંમેશા તેમની મોહબ્બતમાં હર પ્રકારે ખુશી રહ્યા; વળી તેમની વફાત બાદ તેમના હકમાં દુઆએ ખેર કરી અને તેમનાં બહુજ વખાણ કર્યા.

શીઆઓના મઝહબની જડ, આથી ઉલટી વાત ઉપર છે કે, ત્રણ ખલીફા અને હઝરત (સ) ના હઝારો સહાબી બધા કાફીર અને મુનાફીક હતા. કેમકે શીઆ લોકો કહે છે કે, તેઓ સઘળા ઉપલક મનથી ઇમાન લાવ્યા હતા અને હીજરત પણ સર-

દારી તથા દુન્યાના લોભને લઇને કરી હતો. ઉપરાંત તેમની જેટલી ઇબાદતો અને જેહાદ વીગેરે હતાં, તે બધાં ખુદાના માટે નહીં પણ દુન્યાને દેખાડવા માટે હતાં. તેઓએ રસુલે ખુદા (સ.)ની વફાત બાદ, આપના એહલે બૈતને સખ્ત ઈજાઓ અને તકલીફો પહોંચાડી અને હઝરત અલી મુરતુઝાને મદદ કરવાના બદલે તેમનો હક પણ પડાવી લીધો. જનાબ અલી (રદી)એ, તેમની જે પેરવી કરી અને તેમની પાછળ નમાઝ પઢી તે ફકત ખોફ અને તકીયાને લઇને હતી. એટલે સુધી કે આપે પોતાની વ્હાલી બેટીને હઝરત ઉમર (રદી) ના નીકાહમાં પણ તકીયાથી આપ્યાં હતાં, તેમજ પોતાના બેટાઓનાં નામ અબુબકર, ઉમર, ઉસમાન વીગેરે પણ તકીયાના લીધેજ રાખ્યાં હતાં. એ વખતમાં સાચા સહાબીઓ બહુજ થોડા હતા, જેવા કે, અબુઝર, મીકદાદ, અમ્માર, સલમાન, જાબીર અને તે ઉપરાંત બીજા થોડા આદમી.

મહેરબાન ! જ્યારે આપે બંને મઝહબની બીના અને જડ જાણી લીધી તો યાદ રાખવું કે મઝહબે એહલે સુન્નતની બીનાની દલીલોમાં ઘણી કુરઆનની

આયતો મોજુદ છે અને તેમાંની દરેક આયત તે બીનાની સાબીતીયો માટે પુરતી છે. ટુંકમાં, અહીં પર કેટલીક આયતો લખવામાં આવે છે. ખુદાતઆલા ફરમાવે છે " વસ્સાબેકુનલ અવ્વલુના મેનલ મોહાજેરીન વલ અનસારે વલ્ લઝીનત્ તબઉહુમ બે એહસાનીર્ રદેયલ્લા હો અનહુમ વ રદુ અનહો." (સી–૧૧–૩–૨) જે સરસપણું ભોગવનારા યાને જે મુહાજીર (દેશ છોડી જનારા) અને અનસાર (મદદ આપનારા) પહેલાં ઇમાન લાવ્યા અને જેઓ-એ ભલાઇ, યાને ઇમાન તથા તાઅતની સાથે તેમની પેરવી કરી, ખુદા તઆલા તેમનાથી રાજી છે અને તેઓ તેનાથી. વળી ફરમાવે છે "વઅ અદ્દલહુમ જન્ના-તીન તજરી તહતહલ અનહારો." (સી. ૧૧–૩–૨) કે ખુદા તઆલાએ તેમના માટે એવી જન્નતો તૈયાર કરી રાખી છે કે, જેના (ઘરો અથવા ઝાડોની) નીચે નહેરો વહે છે. " ખાલેદીના ફીહા અબદા." (સી ૧૧–૩–૨). આ સર્વે મુહાજીર તથા અનસાર અને તેમની પેરવી કરનાર હંમેશા જન્નતમાં રહેશે. આ આયત બુલંદ અવાજે બોલી રહી છે કે, પહેલાં ઇમાન લાવનારા મોહાજેરીન અને અનસાર બધા

જન્નતી છે, તેમજ તેમની પેરવી કરનારા તમામ, જે તેમના બાદ થયા છે અને જેઓએ તેમનો તરીકો ઇખ્તેયાર કર્યો છે તેઓ પણ જન્નતી છે. આ વાતમાં કંઈ શક નથી કે, જે શખ્સે સૌથી પહેલાં હીજરત કરી તે હજરત અબુબકર સીદ્દીક (રદી) પોતે હતા. કેમકે હીજરતના વખતે, પૈગમ્બરે ખુદા (સ.)ની સાથે આપ પોતે હતા. તે ઉપરાંત હઝરત ઉમર (ર૦), હઝરત ઉસમાન (ર૦), હઝરત અલી (ર૦) અને બીજા અસહાબ (રદી) પણ પહેલાં હીજરત કરનારાઓમાં શામીલ છે. જે શખ્સ હઝરત અબુબકર સીદ્દીક (રદી)ને, પહેલા હીજરત કરવાવાળામાં નહીં ગણે તો, તે નીચેની આયતને ઇનકાર કરવાના સબબથી કાફીર છે. ખુદા પાક ફરમાવે છે. "ઇઝ અખરજ હુલ્ લઝીન કફરૂ સાનેયસનૈને ઇઝ હોમા ફીલ ગારે ઇઝ યકુલો લે સાહેબેહી લા તહઝન ઇન્નલ્લાહા મઅના." (સી. ૧૦–૩. ૧૨.) એટલે જ્યારે કાફરોએ રસુલે ખુદા સલ. ને મક્કા શરીફમાંથી બહાર કાઢી મુકયા, ત્યારે જનાબ રસુલે ખુદા સલ, હ૦ અબુબકર સાથે હતા. જ્યારે બન્ને ગુફામાં હતા તે વખતે રસુલ સલ. પોતાના યારેગાર યાને હઝરત અબુબકર સીદ્દીકથી કહી રહ્યા હતા કે

તમે ગમગીન ન થાઓ, ખુદા અમારા સાથે છે. ફરી પહેલા ઇમાન લાવવાવાળાના પગલે ચાલવાવાળા બેશક મોહાજેરીન અને અનસાર છે. જેઓએ તેમના પછી ઇમાન લાવીને હીજરત અને મુસલમાનોની મદદ કીધી. આ ઉપરાંત ખુદા તઆલા આયત "વસ્સાબે-કુનલ અવ્વલુન"માં (સી. ૧૧-૩-૨) ખબર આપે છે કે તેઓ હંમેશા જન્નતમાં રહેશે અને જ્યારે એમજ છે તો સાબીત થઇ ગયું કે તેઓ બીલકુલ જન્નતી છે. જે શખ્સ તેમને જન્નતી નહીં ગણે તે આ આયતના ઇનકાર કરવાના સબબથી કાફીર થઇ જશે.

ઓ ભાઇ ! અગર આ ઠેકાણે કોઈ શેતાન આ-વીને તમોને બહેકાવી દે કે, કદાચ આ આયતથી તે મોહાજેરીન દેખાડયા હોય, કે જેના માટે શીઆ સારો વિચાર ધરાવે તેમનીજ હીજરત ફકત ખુદાના માટે હતી પણ અબુબકર (૨૦) વીગેરેની નહી. કેમકે તેમની હીજરત દુન્યવી લાલચ માટે હતી, ત્યારે આપ તેના જવાબમાં કહી દો કે, ઓ શયતાન, મલઉન ! તું જુઠું કહે છે. આ વાત હરગીઝ ખરી નથી.

બલકે જેટલા મોહાજેરીનોએ હીજરત કરી હતી, તે ખાસ ખુદાના માટે હતી. જેવી રીતે કે હીજરત પછી, જેહાદના બારામાં જે સૌથી પહેલાં આયત ઉતરી છે તેનાથી અમારો આ દાવો બહુજ સારી રીતે સાબીત થાય છે. ખુદા તઆલાએ ફરમાવ્યું છે કે "ઓઝેના લીલ્લઝીના યોકાતલુના બે અન્નહુમ ઝોલેમુ" (સી. ૧૭ રૂ. ૧૩) યાને જે લોકો લડાઈની ખ્વાહીશ કરે છે (એટલે મોહાજેરીન) તેઓને કુફ્ફારના સાથે જંગ કરવાની એ માટે રજા આપવામાં આવી છે કે તેઓએ કુફ્ફારના હાથેથી ઘણો જુલમ અને સીતમ ખમ્યો હતો. "વ ઈન્નલ્લાહા અલા નસરેહીમ લકદીર" (સી. ૧૭ રૂ. ૧૩) અને ખરેખર ખુદા તઆલા તેમની મદદ અને હીમાયત કરવાને શક્તિવાન છે. "અલ્લઝીના ઉખરેજુ મીન દેયારેહીમ બેગૈરે હકકીન ઈલ્લા અંયકુલુ રબ્બોનલ્લાહો." (સી. ૧૭ રૂ. ૧૩) યાને આ તે લોકો છે કે જેમને પોતાના ઘરોથી નાહક અને જુલમથી કાઢી મુકવામાં આવ્યા. ફક્ત આટલી વાત પર કે તેઓ કહેતા હતા કે "અમારો પરવરદીગાર ખુદા તઆલા છે" યાને તેઓએ કોઈ એવો ગુન્હો નહોતો કર્યો કે જેના

સબબથી કાઢી મુકવાના લાયક થતા, પણ કુફ્ફારોએ ફક્ત તેઓના મુસલમાન હોવાના સબબથી તેમને શહેરથી કાઢી મુકયા. હવે આ આયતથી સાબીત થયું કે સઘળા મોહાજેરીનની હીજરત ખાસ ખુદાના માટે હતી, નહી કે દુન્યાની લાલચ માટે. વળી આ પણ સાબીત થયું કે બધા હીજરત કરનારાઓ ખુદાની મદદ અને હીમાયતના આસરા હેઠળ છે.

ભાઈ સાહેબ, જે શખ્સ કુરઆન પર ઇમાન રાખે છે અને જ્યારે તેને ખાત્રી થઇ ગઇ કે ખુદા તઆલા· એ ફલાણા શખ્સને જન્નતી કહ્યો છે અને વળી એમ પણ કહી દીધું છે કે તે હમેશના માટે જન્નતમાં રહેશે, ત્યારે હવે મજકુર શખ્સના માટે કોઇપણ એતેરાજ ટકી શકશે નહી. કેમકે ખુદા તઆલા ગેબનો જાણવાવાળો છે અને જાણે છે કે મારા ફલાણા અમુક બંદાથી, ફલાણા અમુક વખતમાં, નેક કામ અને ફલાણા અમુક વખતમાં ખોટાં કામ થશે. આ બધી વાતો ફરી જાણવા છતાંજ ખુદા તઆલા તેના માટે ફરમાવે છે કે મેં તે શખ્સને જન્નતી બનાવી દીધો. તો તેની વચમાં તમામ ખતાઓના બખ્શી દેવાની તરફ ઇશારો થઈ જવાનું સાબીત

થઇ ગયું. અને જ્યારે તેમ છે તો તે શખ્સના હકમાં બીજા લોકોએ તાઅનો મારવો, હકીકતમાં ખુદાવંદ તઆલા પર એતેરાજ કરવા બરોબર છે. જ્યારે એતેરાજ કરવાવાળો કહે છે કે આ શખ્સ ખોટો છે ત્યારે ખુદાવંદ તઆલાએ એને જન્નતી કેમ બનાવી દીધો ? અને આ ખુલ્લી બાબત છે કે આવી બાબતમાં એતેરાજ કરવો કુફ્ર છે. જે બંદાને ખુદા તઆલાએ જન્નતી ફરમાવ્યો છે, તે ખચીત જન્નતી છે. કોઇનો એતેરાજ કરવો તેના હકમાં કોઇ રીતે નુકસાન પહોંચાડી શકતો નથી, તેમજ તેને દોઝખી પણ બનાવી શકતો નથી. પરંતુ તેના પર એતેરાજ કરવાવાળો બેશક કાફીર છે. બસ જે અમોએ ઉપર જણાવ્યું તેનાથી શૈતાનોના તમામ વહેમો દુર થઇ જાય છે અને કોઇ જરૂરત રહેતી નથી કે તેમના જવાબની તરફ ખયાલ કરવો પડે; પણ સવાલ કરનારની તસલ્લી માટે શૈતાનો પર કાંકરા નાંખવામાં આવે છે.

ઓ ભાઇ ! જો શૈતાન તમારી પાસે આવીને તમારા દીલમાં આ વસવસો નાખવા માંગે કે ખુદા

તઆલા સુરે અનફાલમાં, જંગે બદરના કીસ્સામાં ફર-
માવે છે કે "યા ઐયોહલ્ લઝીન આમનુ ઇઝા લકી-
તુમુલ લઝીન કફરૂ જહફન ફલા તોવલ્લુહુમુલ
અદબાર" (સી. ૯ રૂ. ૧૬) યાને અય મુસલમાનો!
જ્યારે તમારો કુફફારોથી સામનો થઇ જાય, તો તે-
ઓની લડાઇથી પીઠ ફેરવશો નહી. "વમેંયોવલ્લેહીમ
યવમએઝીન દોબોરહુ ઇલ્લા મુતહરરેફલ લે કીતાલીન
અવ મુતહૈયેઝન એલા ફેઅતીન ફકદ બાઆ બેગદબીમ
મીનલ્લાહે વમાવાહો જહુન્નમ" (સી. ૯ રૂ. ૧૬)
યાને તે શખ્સના સિવાય જે લડાઇના દાવપેચ કરતાં
અથવા લશકરમાં જઇ મળવા માટે નાસે છે, જે કોઇ
પણ તે દિવસે લડાઇથી પીઠ ફેરવશે તે બેશક ખુદા
તઆલાના ગઝબમાં સપડાઇ જશે, અને તેના નતી-
જામાં તેનું ઠેકાણું જહુન્નમ થશે. જેવી રીતે કે જંગે
ઓહદ અને જંગે હુનેનમાં અસહાબો ભાગી ગયા
હતા. તો આપ તેના જવાબમાં કહી દો કે અરે અ-
ક્કલના આંધળા! બદરની લડાઇમાં જે આયત ઉતર-
વાનું મુકામ છે ત્યાં કોઇ અસહાબ નાસી ગયા ન-
હોતા બલકે ત્યાં તો તમામ અસહાબ સાબીત કદમ
રહ્યા હતા. જેમકે ખુદા તઆલા ફરમાવે છે કે "વલ-

કદ નસર કુમુલ્લાહો બે બદરીંવ વઅનતુમ અઝીલ્લતુન." (સી. ૪ રૂ. ૪) યાને અય ઇમાનવાળાઓ! બદરની લડાઇમાં ખુદા તઆલાએ તમારી મદદ કરી (તે પણ) એવી હાલતમાં કે તમારી સંખ્યા ઓછી હોવાના સબબથી કુફ્ફારોની નઝરમાં તમે ઝલીલ દેખાતા હતા. અને વળી ખુદા તઆલા બદરનાજ કીસ્સામાં ફરમાવે છે કે "ઇઝયુહી રબ્બોકા એલલ મલાએકતે અન્ની માઅકુમ." (સી. ૯ રૂ. ૧૬) યાને અય પેયગમબર (સલ.) એ વખત યાદ કરો કે જ્યારે તમારા પરવરદીગારે ફીરીશતાના તરફ વહી મોકલી કે ખરેખર "હું તમારા સાથે છું," "ફસબ્બેતુલ લઝોના આમનુ." (સી. ૯ રૂ. ૧૬) તમો મુસલમાનોને સાબીત કદમ રાખો. ઉપરાંત ઉપરની આયત કુફ્ર વિષે દલીલ નથી આપતી બલકે કુફ્ફારોથી નાસવું હરામ છે અને ખુદા તઆલાના ઇખ્તીયારમાં છે કે જે કોઇ લડાઇથી નાસે તેને અઝાબ કરે અથવા બખશે. જેમકે જંગે ઓહદમાંથી અસહાબોનું નાસવું થયું તો ખુદા તઆલાએ તે નાસવાના ગુનાહને માફ કરી દીધો. જેમકે ખુદા તઆલા ફરમાવે છે કે "વલકદ અફૂલ્લાહો અનકુમ." યાને બેશક અલ્લાહે

તમોને માફ કરી દીધા. હવે મજકુર એતેરાજ કે જે અસહાબો પર નાસવાનો છે, તે કુરઆને મજીદની આયતથી ટકી શકતો નથી. હુનેનની લડાઈના દીવસે અસહાબ શરૂઆતમાં તો બેશક નાહસી ગયા હતા પણ જ્યારે હઝરત અબ્બાસે અવાજ કર્યો કે "યા એબાદલ્લાહ હાઝા રસુલુલ્લાહ." યાને અય ખુદના બંદાઓ આ ખુદાના રસુલ છે, ત્યારે અસહાબો, એ અવાજ સાંભળતાંજ પાછા આવ્યા અને લડાઇ માટે તુટી પડયા અને બહુજ સખત લડાઈ થઇ અને તેમની તોબાહ કબુલ થઇ અને તેઓ હર તરેહથી ખુદાના દીનના મદદગાર હતા. એ માટે ખુદા તઆલાએ પોતાના વાયદા "વલયન સુરન્નલ્લાહો મેંયનસોરોહુ" (સી. ૧૭ રૂ. ૧૩) યાને અલબત ખુદા મદદ કરે છે તેની, જે મદદ કરે છે અલ્લાહના દીનની; તે માફક તેમની મદદ કરી અને તેમના માટે ગેબી મદદ યાને ફીરીશ્તાઓ મોકલ્યા અને તસલ્લી આપવા માટે તેઓને ખુશખબરી આપવા આયત ઉતરી, કે જે ખરા ઇમાનવાળાઓ માટે ખાસ કરીને છે. જેમકે ખુદા તઆલા ફરમાવે છે "લકદ નસરકોમુલ્લાહો ફી મવાતેના કસીરતીંવ વયૌમા હુનૈનીન" (સી. ૧૦ રૂ. ૧૦)

યાને અય, મુસલમાનો! ખુદા તઆલાએ ઘણી લડાઈ-ઓમાં ખાસ કરીને હુનૈનની લડાઈમાં તમારી મદદ કરી છે. ફરી ખુદા તઆલા ફરમાવે છે "સુમ્મા અન ઝલલ્લાહો સકીનતહુ અલા રસુલેહી વ અલલ મોઅ-મેનીન." (સી. ૧૦ રૂ. ૧૦) યાને ફરી ખુદા તઆલાએ પોતાના પયગમ્બર સલ. અને તે મુસલમાનો ઉપર પણ પોતાના તરફથી શાન્તિ અને તસલ્લી નાઝીલ ફરમાવી, જેઓએ હઝરત અબ્બાસનો આવાઝ સાંભળ-તાંજ પાછા આવી, ખોએલું પાછું મેળવવા માટે સખ્ત લડાઈ કીધી. ફરી ખુદા તઆલા ફરમાવે છે કે "વ અનઝલા જુનુદલ્લમ તરવહા." (સી. ૧૦ રૂ. ૧૦) યાને અય સહાબો, ખુદા તઆલાએ તમારી મદદના માટે ફીરીશ્તાઓના લશકરને મોકલ્યું જેને તમો પો-તાની આંખોથી જોતા હતા. "વઅઝ ઝબલ લઝીન કફરૂ." (સી. ૧૦ રૂ. ૧૦) અને કુફફારોને સજા કરી યાને તેઓને હાર આપી. એ મારા દોસ્ત! જરા ખયાલ કરો કે જે લોકોને ખુદાની મદદ આટલી બધી મળે અને જ્યારે જરા પણ તેઓ નાઉમેદ થાય છે ત્યારે તેઓની મદદ માટે ફીરીશ્તા આવે અને ખુદા તરફથી તેમના પર તસલ્લી નાઝીલ થાય, ત્યારે શું

મુસલમાનોનું આવુંજ કામ છે કે રહેમત અને છુટ-કારાની બધી આયતોને બાજુએ મુકી દઇ તેને તાઅ-ના અને મલામતનું નીશાન બનાવે ! ખુદા તઆલા તેવા શેતાનના ફરેબથી બચાવે.

ઓ મારા દોસ્તો ! અને અગર શેતાન તમારા પાસે આવી એવો ફરેબ આપે કે કદાચ તેઓ મુના-ફિક હોય, કેમકે એ વખતમાં મુનાફિક પણ મોજુદ હતા અને મુનાફિકોનું બ્યાન કુરાને મજીદમાં ઘણા ઠેકાણે આવ્યું છે.

ત્યારે તેનો જવાબ એમ આપો કે બેશક તે વ-ખતમાં મુનાફિક મોજુદ હતા પણ તે જમાનામાં મુનાફિક તે લોક હત કે જે મદીનાની આજુબાજુ જંગલમાં રહેવાવાળા અથવા થોડાક મદીનાના અંદર રહેનાર શખ્સો હતા અને મક્કાવાળા એટલે મો-હાજેરીન અને અનસારમાંથી કે જેમનું ઇમાન અને મદદ કુરઆની નસ (ખુલ્લા હુકમ) થી સાબીત છે. તેમાંથી કોઇ મુનાફીક હતા નહિ. જેમકે ખુદા તઆ-લા ફરમાવે છે કે "વમીમ મન હોલકુમ મીનલ આઅરાબે મુનાફેકુન." (સી. ૧૧ રૂ. ૨) યાને અય મ-

દીનાવાળા, જેઓ તમારી આસપાસ જંગલમાં રહે છે તેઓમાંથો કેટલાક મુનાફિક છે. "વમીન અહલીલ મદીનતે મરદુ અલન નીફાકે લાતાઅ્લમોહુમ નહનો નાઅ્લમોહુમ." (સી. ૧૧ રૂ. ૨) કેટલાક મદીનાવાળાઓને ડોઘલાપણુની આદત પડી ગઇ છે. અય હમારા પેગમ્બર તમો તેમને નથી ઓળખતા કેમકે તમો ગૈબના જાણુવાવાળા નથી પણ હમો તેઓને ઓળખીયે છીએ. ફરી ખુદા તઆલા તેમને જુદા કરી ફરમાવે છે "માકાનલ્લાહો લેયઝરલ મોઅ્મેનીન અલા મા અનતુમ અલૈહે હત્તા યમીઝલ ખબીસા મીનત્ તૈયેબે." (સી. ૪ રૂ. ૯) ખુદા તઆલાને કદી મુનાસીબ નથી કે મુસલમાનોને એવીજ હાલત પર મુકી રાખે કે જેવી હાલતમાં તમો છો. યાને મુસલમાન અને મુનાફીક બધા એમજ સેળભેળ નહિ રહેશે બલકે ખુદા, પલીદ અને નાપાક ટોળાને પાક અને નેક ટોળાથી યાને મુસલમાનોથી જુદા કરી નાખશે. બસ, ખુદા તાઅલાએ આ બન્ને ટોળામાં ફરક કર્યો અને રસુલુલ્લાહ સલ. ને તેમના હાલથી જાણીતા કરી દીધા અને હ૦ રસુલુલ્લાહે, હઝરત હુજેફા બીન યમાન રદી. કે જે એક ઇજ્જતવાળા સહાબી છે, તે-

ઓને જાણીતા કર્યા. પરંતુ બીજા લોકો ઉપર એટલા માટે જાહેર ન કીધું કે તે મુનાફીકોની ઔલ્લાદો જે સચ્ચાઇથી ઇમાન લાવી પકકા મુસલમાન થયા હતા, તેઓ લોકોની નજરોમાં પોતાના બાપના નીફાકના લીધે ઝલીલ અને રૂસવા ન થાય. આ છતાં પણ ઘણા મુનાફીકો ડોઘલાપણાની નીશાનીઓના સબબથી બદનામ થયા અને બધા લોકોએ તેમને જાણી લીધા. પણ ખુદા તઆલાએ કુરઆન શરીફમાં એવી રીતે તેમની બુરાઇઓ જાહેર કરી અને તેમના બારામાં અજાબના સખ્ત વાયદા બ્યાન કર્યા કે જેનાથી તેમનું મુનાફીક થવું બહુ સારી રીતે સાબીત થયું અને જે સહાબો માટે સુન્નીઓ સારો એતેકાદ ધરાવે છે, તેમાંથી કોઇ મુનાફીક નહોતા. જેવી રીતે કે ખુદા તઆલા મુનાફીકોના બારામાં ફરમાવે છે. “ ફઇંયતુબુ યકા ખૈરલ લહુમ ” (સી. ૧૦ રૂ. ૧૬) યાને અગર મુનાફીક પોતાના નીફાક (ડોઘલાપણાથી) તોબા કરે તો તેમના હકમાં બહુ સારૂં છે. “ વઇંયતવલ્લવ યોઅઝઝીબ હોમુલ્લાહો અઝાબન અલીમન ફીદ્દુન્યા વલ આખેરતે ” (સી. ૧૦ રૂ. ૧૬) યાને જો તેઓ તોબાથી મોહું ફેરવે અને પોતાના નીફાક પર

કદમ જમાવી રાખે તો ખુદા તઆલા તેમને દુન્યા અને આખરતમાં સખત અજાબ કરશે. "વમા લહુમ ફીલ અરદે મીંવ વલીયું વલા નસીર" (સી. ૧૦ રૂ. ૧૬) યાને તેમનો જમીંપર ન તો કોઇ હીમાયતી હશે ન મદદગાર હશે. એટલે કે જમીનમાં કોઇ તેની હીમાયત નહીં કરે. પરંતુ અહીં તો ખુદા તઆલા મહાજરીનના હકમાં આ બુરાઇના બરખીલાફ ખુલ્લી તારીફ બયાન કરે છે અને તેમને મદદનો વાયદો આપે છે કે જેવી રીતે આગલી આયતમાં મહાજરીનના માટે અમો આ આયત શરીફ બતાવી ગયા છીએ. "વઇન્નલ્લાહા અલ્લા નસરેહીમ લકદીર" [સી. ૧૭ રૂ. ૧૩] ખુદા તઆલા મુહાજેરીનની હીમાયત અને પુરેપુરી મદદ કરવા શક્તિવાન છે. યાને તેમની મદદ કરશે અને આ આયતમાં પણ તેજ મુહાજેરીનનો જીક્ર છે. "વલયન સોરન્નલ્લાહો મૈંયનસોરોહુ." [સી. ૧૭ રૂ. ૧૩] યાને જે શખ્સ ખુદા તઆલાની મદદ કરે છે, તેને ખુદા તઆલા જરૂર મદદ કરશે અને તેમાં જરા પણ શક નથી કે ખુદા તઆલાએ તે તમામ અસહાબોની, જે રસુલે ખુદા સલ. ના બાદ બાકી રહ્યા અને ખાસ કરીને ખુલફાએ

શેદીનની મદદ કરી, તેઓએ હજારો મુશરેક અને મુરતદોને કત્લ કર્યા. કૈસર અને કસરાના મુલક ઉલટ પલટ કરી નાખ્યા, અને તમામ અસહાબોએ ખુલફા· એ રાશેદીનની મદદ કરી. તો હવે જણાઈ ગયું કે હ, અબુબકર, હ૦ ઉમર અને હ૦ ઉસમાન [રદી૦] એ ત્રણે ખલીફાઓ મુહાજેરીન ફીસબીલીલ્લાહમાંથી છે. કેમકે ખુદા તઆલાએ મુહાજેરીનોને જે મદદ આપવાનો વાયદો કર્યો હતો તે તેમના હકમાં બહુજ સારી રીતે પુરો કર્યો અને વળી એ પણ સાબીત થયું કે બીજા અસહાબો પણ ખુદાના દીનના પુરેપુરા મદદગાર હતા કેમકે અગર તેઓ મુનાફીક હોત તો કોઇપણ તેમનો હાથ પકડત નહિ અને દુન્યામાં કોઇ તેમનો યાર કે મદદગાર થાત નહિં. તે સાથે આ પણ જાહેર થઈ ગયું કે કુરઆનના મુનકીર, જેઓ એમ કહે છે કે રસુલે ખુદા સલ. ની વફાતના બાદ હઝરત અલી રદી. એ ખીલાફતનો દાવો કર્યો અને મુહાજેરીન અને અનસારના ઘરે જઇ પોતાન. હકના પુરાવા માટે ફર્યા કીધું, પણ અસહાબોમાંથી કોઇએ તેમની તરફદારી ન કરી અને તેમને મદદ ન આપી; તેમનું આ કહેવું બીલકુલ જુઠું છે અને

આ આયતથી ખુલ્લી રીતે ઇનકાર કરવા જેવું છે. કેમકે આ આયતમાં ખુદા તઆલાએ મુહાજેરીનની મદદનો વાયદો કર્યો છે અને આમાં જરાપણ શક નથી કે હઝરત અલી રઝ પહેલા મુહાજેરીનના સરદાર હતા અને જ્યારે આવી રીતે છે તો આ બનવા જોગ નથી કે કોઇ આપણી મદદ ન કરે. ત્યારે જાણી લીધું કે જે લોકો હઝરત અલી રઝ ના માટે આવી રીતે કહે છે કે તેમની કોઇએ મદદ ન કરી તેવું કહેનારા ખુલમ-ખુલ્લા હઝરત અલી રઝના દુશ્મન છે. કેમકે આપના હકમાં મુનાફીકોની આયત પઢે છે, અને કહે છે. "વમા લહુમ ફીલ અરદેમીંવ વલીયુંવ વલાનસીર." [સી. ૧૦ રૂ. ૧૬] મુનાફીકોનો જમીનપર નતો કોઇ હીમાયતી રહેશે અને મદદગાર. આ આયતો જોવાથી સાફ જાહેર થઈ ગયું કે અગર હઝરત અલી રઝ ના કોઈ દોસ્ત છે તો સુન્નીઓજ છે કેમકે તેઓ હઝરત અલી [રદી૦] ને મુનાફીક કહેતા નથી. બલકે આ વાત કબુલ કરે છે કે અગર આપ ખીલાફત મેળવવા માટે ઉભા થતે અને એનો ઈરાદો રાખત અથવા રસુલે ખુદા સલ. થી પોતાના માટે કોઇ શબ્દો સાંભળત તો બેશક આપનો હક સાબીત થઇ જાત, ને તમામ અસહાબ

આપની મદદ માટે તૈયાર થઇ જાત, જેવી રીતે કે મુહાજેરીનના બારામાં જાહીર થયું. ત્યારે સાબીત થયું કે હઝરત અલી ર૦ એ હઝરત અબાબકર સીદ્દીકની ખીલાફતને બરહક સમજી આપનાથી બેત કરી અને હંમેશા આપના મદદગાર રહ્યા.

અઝીજે મન! ઉપર લખેલી હકીકત તો જોઇ લીધી. હવે આ પણ સાંભળી લ્યો કે ખુદાતઆલા મુનફેકોની ફજેતી અને રૂસવાઇના બારામાં શું ફરમાવે છે? ખુદાતઆલા ફરમાવે છે. "લઇલ્લમ યનતહીલ મુનાફેકુન વલલઝીન ફ્રી કોલુબેહીમ મરદું વલ મુરજેકુના ફ્રીલ મદીનતે લનુગરીયન્નકા બેહીમ સુમ્મા લા યુજાવેરૂનકા ફીહા ઇલ્લા કલીલમ મલઉનીન. [સી. ૨૨ રૂ. ૫] યાને કે અગર મુનાફીક અને તે લોકો જેના દીલોમાં ઇમાનની કમજોરી વીગેરેની બીમારી છે, અને મદીનામાં ઇસલામી લશકરમાં અચઓ અને ખોટી ખબરો ફેલાવનારાઓ પોતાના કામોથી દુર ન રહ્યા તો અય પયગમ્બર, અમે તેમના ઉપર તમોને ગાલીબ કરીશું અને તે તમારા પડોસીઓમાં ઘણીજ થોડી મુદ્દત રહેશે યાને તેઓને

મદીના શહેરથી બહુજ જલદી ઝલીલ અને ખ્વાર કરી કાઢી મુકવામાં આવશે. "અયનમા સોકેફુ ઓખેઝુ વકુત્તેલુ તકતીલા." [સી. ૨૨ રૂ. ૫] યાને તે મુનાફીક લોકો કોઇ પણ જગ્યાએ મળશે ત્યાંથી ગીરફ્તાર કરવામાં આવશે, અને બહુજ બેઈજતીના મોતે માર્યા જશે. આ આયતથી સાબીત થયું કે જે લોકોએ નીફાક [ડોઘલાપણા]થી તોબા કરી ન હતી, તેમનામાંથી એક પણ માણુસ મદીનામાં બાકી રહેવા પામ્યો નહિ, બલકે તે સઘળા તબાહ અને બરબાદ થઇ ગયા, અને મુસલમાનોના હાથથી મારી નાખવામાં આવ્યા. તેનાથી જણાયું કે રસુલે ખુદા સલ. ની વફાત બાદ જે અસહાબ મદીનામાં બાકી રહ્યા તે સઘળાઓ ખુદાના દીનના મદદગાર હતા અને હકને ચાહવાવાળા અને સાચ્ચા મુસલમાન હતા અને જ્યારે આ હકીકત છે તો, જે વાતપર તે લોકોએ ઇત્તેફાક કર્યો, જરૂર તે વાત બીલકુલ હકપર હતી નહી કે જુલમ અને ઝલાલતપર.

અય મારા દોસ્ત ! જ્યારે આપ મુનાફેકોની ખોટી વાતોનો અંજામ જાણી ગયા ત્યારે હવે તેનાથી ઉલટું મુહાજેરીનની થોડીક તારીફ પણ સાંભળી લ્યો. ખુદા

તઆલા ફરમાવે છે. "વલલઝીન હાજરૂ ફીલ્લાહે મીમબાઅદેમા ઝોલેમુ લનોબઽવેઅન્નહુમ ફીદ્ દુન્યા હસનતન. [સી. ૧૪ રૂ ૧૨] યાને જે લોકોએ એના બાદ કે જ્યારે મક્કાના કુફ્ફારોએ તેમનાપર જુલ્મ કર્યો, ત્યારે ખુદા તઆલાના રસ્તામાં હીજરત કરી. અમો દુન્યામાં તેમને એક ખુબીવાળા શહેર યાને મદીના તૈયબામાં જગ્યા આપશું. " વલ અજરૂલ આખેરતે અકબર" [સી. ૧૪ રૂ. ૧૨] અને આખરતનો સવાબ તો એનાથી ઘણોજ વધારે છે. અગર કોઈ શખ્સ કુરઆનપર પુરી રીતે ઇમાન રાખતો હોય, તો તેના તમામ શૈતાની ખ્યાલો દુર કરવાને માટે ફક્ત આ એકજ આયત પુરતી છે. કેમકે આ આયતમાં મુહાજેરીનથી ખુદા તઆલાએ બે વાયદા કર્યા છે. એક દુન્યાના માટે અને બીજો આખેરતના માટે. આમાં જરા પણ શક નથી કે દુન્યાનો વાયદો પુરો થઈ ચુકયો અને તમામ અસહાબોને મદીનામાં જગ્યા મળી અને ખચીત તે ત્રણે ખલીફા જેઓ પોતાની જીંદગીના જમાનામાં પણ ત્યાંજ રહ્યા અને વફાતના બાદ પણ ત્યાંજ દફન થયા. જેવી રીતે કે હઝરત અબુબકર સીદદીક અને હઝરત ઉમર ર૦ તો જનાબ હ-

ઝરત રસુલે ખુદા સલ. ના રોઝા મુબારીકમાંજ દફન થયા અને હઝરત ઉસમાન રદી. જન્નતુલ બકીયામાં દફન થયા. અગર આ અસહાબો મુનાફીક [ખુદાની પંનાહ] હોય તો આ આયતથી કે જે અમો હમણાંજ મુનાફીકોના જીકરમાં બયાન કરી આવ્યા છીએ, ખુદા તઆલા પોતાના હબીબે પાક અલે. ને તેમનાપર ગાલીબ કરત અને તેઓને મદીના શરીફથી કાઢી મુકવામાં આવત, યાતો કેદ કરી બહુજ બદનામીના સાથે કત્લ કરવામાં આવત. ઈમામત અને ખીલાફત તો બાજુએ રહી પણ કોઇ તેમની વાત પણ સાંભળવાને ખુશી ન રહેત. બસ, હવે આ હકીકત સુર્યની રોશની પેઠે જાહેર થઇ ગઇ કે આ મુહાજેરીન અસહાબ ખુદાની રાહમાં ફીદા થવાવાળા અને બચીત જન્નતી છે અને બીજા વાયદાની રૂએ આખેરતમાં તેમને જે સવાબ અને અજર થશે, તે બહુ મોટો છે. એજ અંદાજપર જે બીજા અસહાબો રસુલે ખુદા સલ. ની વફાતના બાદ મદીનામાં બાકી રહી ગયા હતા, તેઓ બધા ખુદાના દીનના મદદગાર અને પાકા ઇમાનવાળા હતા અને કુરઆનની આયતથી સાબીત થાય છે કે તેમના ખ્યાલમાં પણ બીલકુલ નીફાક નહતો. હવે જ્યારે

એમ છે તો એટલું તો જરૂર કે જે વાતપર તેઓએ રસુલે ખુદા સલ. ના બાદ ઇત્તેફાક કર્યો તે પણ બીલકુલ હીદાયતનો રસ્તો હતો. ઇમાનવાળાનું કામ નથી કે એ આ તમામ કુરઆનના ખુલ્લા હુકમો હોવા છતાં, એ અસહાબોમાંથી કોઈ એકપર એઅતેરાજ અને બદગુમાની કરે. વળી આ તમામ જવાબો સાંભળી લેવાના બાદ પણ શૈતાન તમારા પાસે આવે અને આવી રીતે વસવસો નાખવા માગે, કે રસુલે ખુદા સલ. ની વફાતના બાદ કદાચ ત્રણ ખલીફાઓથી તેમની ખીલાફતના જમાનામાં કંઇને કંઇ શરીયતના વીરૂધ જાહેર થયું હશે, કે જેથી શીઆ લોકો ધોકા અને વહેમમાં પડી ગયા. ત્યારે આપ તેને આવી રીતે જવાબ આપો કે, અય ઈબલીસ લઇન! તું જુઠો છે. તેઓએ શરીઅતના વીરૂધ કોઇ કામ કર્યું નથી બલકે તેઓએ પોતાની ખીલાફતના જમાનામાં જે કાંઇ કર્યું તે ફક્ત શરીયતના હુકમને જારી કરવા માટે કર્યું. હઠધર્મી અને ફીસાદની બીનાપર તેઓએ કદી કોઇ કામ કર્યું નથી. જેમકે અગાઉની આયતમાં લડાઇનો હુકમ બયાન કરી આવ્યા છીએ. મુહાજેરીનની તારીફમાં ફરમાવે છે. "અલ્લઝીન ઇમ મક્કન્નાહુમ ફી-

લઅરદે અકામુસ્સલાતા વઆતવુઝ્ ઝકાતા વ અમરૂ બીલ માઅરૂફે વ નહવ અનીલ્ મુનકરે." [સી. ૧૭ રૂ. ૧૩] યાને મુહાજેરીનની સીફ્ત અને હાલત આ છે કે અગર અમો, તેમને જમીનમાં પુરી તાકત અને કામીલ મજબુતી આપીશું તો તેઓ નમાજ પઢશે અને જકાત આપતા રહેશે અને લોકોને શરીઅતનો હુકમ કરી તેમને શરીઅતના વીરૂધ વાતોથી રોકતા રહેશે. જ્યારે ખુદા તઆલા આવી રીતે ફરમાવે છે તો અક્કલના નજદીક આ વાત માનવા જેવી નથી કે ત્રણ ખલીફાઓની પુરી તાકતના જમાનામાં તેમનાથી જુલમ અને ફીસાદ જાહેર થયો ! હવે સાબીત થયું કે તેમના ઉપર જુલમનું તોહમત મેલવું આ આયતને ખુલ્લમ ખુલ્લા ઇનકાર કરવા જેવું છે. [ખુદા અમોને આવી વાતોથી બચાવે.)

અય મારા ભાઇ ! ફરી પણ કોઇ શખ્સ આવો ફરેબ આપે કે કુરઆને શરીફમાં આયત છે. " યા ઐયોહલ્લઝીન આમનુ મૈંયરતદ્દા મીનકુમ અનદીને- હી ફસૌફ યાતીયલ્લાહો બે કૌમીય્યોહીબ્બોહુમ વ યો- હીબ્બુનહુ અઝીલ્લતીન અલલ મોઅ્મેનીન અઇઝ્ઝતીન

અલલ કાફેરીન." [સી. ૬ રૂ. ૧૨] યાને અય ઇમાનવાળાઓ! અગર તમારામાંથી કોઇ શખ્સ પોતાના દીને ઇસલામથી મોઢું ફેરવી નાખે અને દીનથી ફરી જવાનું કરે તો ખુદા તઆલા એક એવું ટોળું લાવશે, યાને મુરતદોના સામે મુકાબલો કરવાને માટે એક એવું ટોળું ઉભું કરશે કે ખુદા તઆલા તેમને દોસ્ત રાખતો હશે અને તેઓ ખુદાને દોસ્ત રાખતા હશે. તે મુસલમાનોપર મહેરબાન થશે અને કાફીરો ઉપર બહુજ સખ્તીથી ગાલીબ થશે. "યુજાહેદુના ફીસબીલીલ્લાહે વલા યખાફુન લોમતા લાઇમ." [સી. ૬ રૂ. ૧૨] યાને મુરતદ લોકોથી ખુદાની રાહમાં જેહાદ કરશે અને કોઇ બુરાઇ કરવાવાળાની બુરાઇથી ડરશે નહિ. કેમકે ખુદા ન કરે ને અગર અસહાબોમાંથી કોઇ એક પણ દીનથી ફરી ગયા હોત તો બીજા કામીલ ઇમાનવાળા મુસલમાન તેની સાથે જરૂર જેહાદ કરત અને તેમને મારી નાખત. આમાં શક નથી કે ત્રણ ખલીફાઓના સાથે કોઇ પાકા ઇમાનવાળા મુસલમાને લડાઇ નથી કરી બલકે તેનાથી ઉલટુ હઝરત અલી અને અબુજર જેવા કામીલ ઇમાનવાળા મુસલમાનોએ તેમની પેરવી ઇખત્યાર કરી. હવે

સારી રીતે જાહીર થઇ ગયું કે આ અસહાબ કામીલ ઈમાનવાળા મુસલમાન અને બચીત જન્નતી અને અલ્લાહની રાહપર હીજરત કરવાવાળા છે અને તેમની તારીફમાં બેશુમાર અને અગણીત આયતો કુરઆનમાં આવી છે અને "અ અદ્દલ્લાહોલહુમ જન્નાતીન તજરી મીન તહતેહલ અનહારો ખાલેદીના ફીહા" (સી. ૧૦ રૂ. ૧૭) (યાને ખુદા તઆલાએ તેમના માટે જન્નતો તૈયાર કરી રાખી છે કે જેના ઝાડો નીચે નહેરો જારી છે. એ તમામ મોહાજેરીનો અને અનસાર અને તેમની પેરવી કરવાવાળા બધા લોકો જન્નતમાં હમેશાં રહેશે.) આ તેમનાજ ગુણ અને તારીફ છે અને એ પણ જાહેર થઇ ગયું કે તમામ મોહાજેરીનો અને અનસાર બીલકુલ હકપર અને પુરા ઇમાનદાર હતા અને તેમનું હળીમળી સંપથી રહેવું, ખુદા તઆલાની દરગાહમાં કબુલ અને પસંદ થએલ છે. જ્યારે આવી હકીકત છે તો કોઈને તેમનાપર તાઅનો કરવો જાએઝ થશે નહિ. બલકે ઇમાનવાળાઓનું તો આ કામ છે કે, તેમના હકમાં રાત અને દીવસ મગફેરતની દુઆ કરતા રહે અને જે કોઇ દુઆએ ખેર કરવાના બદલે તેમના હ-

કમાં તાના કરે અને તેમનાથી અદાવત અને કીનો રાખે તે બેશક કાફીર અને મુસલમાનોની જમાતથી ખારીજ છે. જેવી રીતે કે ખુદા તઆલાએ કુરઆને શરીફમાં મુસલમાનોને ત્રણ કીસમોમાં જુદા કરી નાખ્યા છે. એક કીસમ તો નીચેની આયતમાં બયાન થઇ છે કે "લીલ ફુકરાઈલ મુહાજેરીનલ લઝીના ઉખરેજુ મીન દીયારે હીમ વ અમવાલેહીમ યબતગુના ફઝલમ મીનલ્લાહે વ રીદવાન વ યન સોરૂનલ્લાહા વ રસુલહુ." (સી. ૨૮ રૂ. ૪) યાને ગનીમતનો માલ તે ફકીરો, મુહાજેરીનો માટે છે કે જેઓને પોતાના ઘરો અને પોતાની દોલતોથી અલગ કરી નાખવામાં આવ્યા. તેઓ ખુદાની બક્ષિસ અને ખુશી મેળવવા ઇચ્છતા હતા અને ખુદાના દીન અને તેના રસુલ સલ. ના મદદગાર હતા, યાને તેઓની હીજરત ખાસ ખુદા અને તેના રસુલ સલ. ની રઝામંદી અને ખુશનુદી મેળવવા અને ખુદાના દીનને મદદ અને ફતેહ આપવાને માટે હતી પણ કોઈ દુન્યવી લાલચને માટે નહતી. "ઉલાએકા હુમુસસાદેકુન" (સી. ૨૬ રૂ. ૧૪) યાને આ લોકોજ કોલ અને કામના બહુ સાચા છે.

બીજી કીસમ એ છે કે જેનો અહેવાલ ખુદા ત-

આલ્લા આ આયતમાં ફરમાવે છે. "વલલઝીના તબૌ-વઉદ્દહારા વલઇમાનામીન કબલેહીમ." [સી. ૨૮ રૂ. ૪] યાને ગનીમતનો માલ તે લોકોના માટે છે જે મોહાજેરીનના હીજરત કરી આવવાના પહેલાંજ મ-દીના શરીફમાં જગા મેળવવાવાળા છે. "યોહીબ્બુન મન હાજરા ઈલૈહીમ" [સી. ૨૮ રૂ. ૪] યાને તેઓ હીજરત કરી આવનારાઓને દોસ્ત સમજે છે, એટલે મદીનાવાળાઓ હીજરત કરી આવનારા મોહાજેરીનો-થી દોસ્તી રાખે છે. "વલા યજેદુના ફી સોદુરેહીમ હાજતમ મીમ્માઉતુ." [સી. ૨૮ રૂ. ૪] અને આ લોકો પોતાના દીલોમાં તે ચીઝથી કોઇ તરાહનો હસદ અને ઝગો રાખતા ન હતા, અને જે તેઓને આપવામાં આવે છે, યાને રસુલે ખુદા સલ. જે કંઇ મોહાજેરોને અતા ફરમાવે છે, આ લોકો તેને ખુશીના સાથે કબુલ કરી લેતા. "વયુસેરૂન અલા અનફોસેહીમ વ લવ કાના બેહીમ ખસાસા." [સી. ૨૮ રૂ. ૪] યાને અન-સાર પોતાના મતલબને બાજુએ મુકી મુહાજે-રીનને પોતાની જાત કરતાં વધારે પસંદ કરતા હતા. યાને અનસારોને માલની જરૂરત રહે છે પણ તે પોતાના મોટા દીલના સબબથી એવુંજ ચાહે છે કે

મોહાજેરીનોની ઉમેદો પુરી થાય અને તમામ માલ તેમનામાંજ વહેંચી અપાય. "વ મૈંયૂક શોહ્હા નફ્સેહી ફઉલાએકા હોમુલ મુફલેહુન." [સી. ૨૮ રૂ. ૪] અને જેને પોતાના મનની લાલચથી બચાવવામાં આવ્યા હતા તેજ ટોળું નજાત મેળવવાવાળું છે.

અય મારા દોસ્ત! આ આયતમાં ખુદા તઆલાએ અનસારોની તારીફ ફક્ત આ બીનાપર કરી છે કે મોહાજેરીનની મોહબ્બત તેમની રગેરગમાં પહોંચી ગઇ હતી અને તેઓ મોહાજેરીનની ખીદમતના માટે ખરા દીલથી તૈયાર હતા અને એજ સબબ છે કે ખુદા તઆલાએ નજાત અને છુટકારાના હકદાર તેમને બનાવ્યા છે. બસ, જે કોઇને પોતાની નજાત અને છુટકારો મેળવવો હોય, તેને લાજીમ છે કે અનસારની માફક મોહાજેરીનની મોહબ્બતને પોતાના દીલમાં રાખે અને તેમની અદાવત અને દુશ્મનીને દીલથી દુર કરીને તેમના હકમાં દુઆએ ખેર કરતો રહે કે જેથી તેનો સંબંધ ત્રીજી કીસમના મુસલમાનો સાથે થાય. જેવી રીતે કે ખુદા તઆલા ત્રીજા પ્રકારના મુસલમાનોનો જીકર કરે છે કે "વલ્લઝીન જાઉ મીમ બાઅ્દેહીમ

યકુલુન." [સી. ૨૮ રૂ. ૪] યાને ગનીમતનો માલ તે લોકોના માટે પણ છે કે જે મોહાજેરીન વ અનસારના બાદ આવ્યા અને જેમનો હરરોજનો આ વજીફો છે. "રબ્બનગફીરલના વલે ઇખવાનેનલ લજીન સબકુના બીલ ઇમાન" (સી-૨૮-રૂ-૪) યાને કે ખુદાતઆલા અમોને અને અમારા તે ભાઇઓને જે ઇમાન લાવવામાં અમારાથી પહેલા થઇ ગયા, પોતાની બખશીશના સાયા હેઠળ લઇ લે "વલા તજઅલ, ફીકોલુબેના ગીલ્લલલીલ્ લજીન આમનુ." (સી-૨૯-રૂ-૪) અને અમારા દીલમાં તે લોકોની તરફથી જે ઇમાન લાવી ચુકયા છે, કીનો અને અદાવત ન નાખ અને તે લોક અસહાબોના હકમાં દુવાએ ખૈર કરીને કહે છે કે ખુદાતઆલા અમારા દીલોને અસહાબોના બુગઝ અને કીનાથી પાક કરી નાખ. "રબ્બના ઈન્નકા રઉફુર રહીમ." (સી-૨૮-રૂ-૪) યાને ખુદાવંદ તઆલા તુ બેશક અમારા પર મહેરબાન અને રહેમ કરવાવાળો છે. અમારી આ દુવાને કબુલ કરી લે. બસ, આ આયતથી બહુજ સારી રીતે સાબીત થયું કે મુસલમાનોને અસહાબોના હકમાં દુવાએ ખૈર કરવી અને તેમની અદાવત અને દુશમની દીલથી

કાઢી નાખવી અને તેમના માટે કોઇ તરેહથી પણ જબાંદરાજી નહી કરવી જોઈયે. જેથી કે તેમનો હશર બહેલે ઇસલામનાજ ટોળામાં થાય નહીતો મુસલમાનોનાં ત્રણે ટોળાંથી ખારીજ (બહાર) થઇ જશે.

બસ, સુન્નત જમાતનો મજહબી બીનાનો ખુલાસો આ છે અને ખુદાનો શુકર છે કે આ બીના એવી મજબુત અને મુસતકીમ છે કે અગર તમામ જીન અને ઈનસાન એકઠા થઈને આ બીનાને ઉખાડવા માંગે તો ઉખાડવું તો બાજુએ રહ્યું, પણ હલાવી શકશે નહી. કેમકે આ બીનાને હલાવવું તે વખતે થઇ શકશે કે જેવી રીતે સુન્નીયોએ હજરત રસુલે ખુદા સલ.ના અસહાબ યાને મહાજેરીન વ અનસાર અને બીજા અસહાબોના ઈમાનની સાબીતીમાં ખુલ્લી આયતો કાયમ કરેલી છે અને શૈતાની વસવસાને એવા તરીકા પર રદ કરેલ છે, કે તે બીલકુલ ઉડતી ધુળની માફક છીનભીન થઇ ગયો છે અને તેનો કોઇ અસર બાકી રહી નથી. એવીજ રીતે અગર વીરૂદ્ધવાળા શીઆ પણ પોતાના દાવામાં સાચા હોય તો, તે મજબુત અને મુસતકીમ આયતો કે જેમાં હેરફેર

કરવાની જરા પણ ગુંજાયશ ન હોય તેવી આયતોથી તમામ મહાજેરીનોને કુફ્ર વ નીફાકના સબુતમાં કાયમ કરે, ત્યાર પછી કીતાબી અને ઇલમી સવાલ જવાઓને કામમાં લાવે, નહીતો ખાલી બકબકાટ કરવો અને કુરાનની ખુલ્લી આયતોના મુનકીર થવું પોતાના માટે દોજખની આગ ખરીદવા અને ત્રીજી કીસમના મુસલમાનોથી ખારીજ થવા સમાન છે. હવે આ તો ખાત્રીપૂર્વક છે કે કુરઆન શરીફમાં મહાજેરીન વ અનસારને મુનાફીક અને કાફીર બતાવનાર કોઈ પણ આયત છેજ નહીં. ભલા જે લોકોની તારીફો અને સીફતો ખુદા તઆલાએ દરેક ઠેકાણે કરેલી છે અને જેના ઈમાન અને પરેજગારીએ જેહાદ અને નમાઝ વીગેરેનો ઠેકઠેકાણે જીકર કરેલો હોય, અને જેઓને " વકુલ્લો વઅદલ્લાહુલ, હુસના " [સી–૫ ર–૧૦] યાને હરેકથી વાયદો ભલાઇનો ખુદા તઆલાએ કર્યો છે. એનો વાયદો આપેલો હોય અને હંમેશા જન્નતમાં રહેવાની ગવાહી આપેલી હોય અને હંમેશા ન્યામતોમાં રહેવાની ખુશખબરી સંભળાવવામાં આવી હોય, તો પછી ખુદાતઆલા તેઓને કેવી રીતે કાફીર વ મુનાફીક કહેવા લાગે ! (ખુદા બચાવે કુફ્ર વ

ખીલાફથી) હવે જાણી શકાયું કે મુનાફીકોના મજહબની જડ કુરઆનની આયતો પર નથી, બલકે તેમના મજહબની બીના ખોટા કીસ્સાઓ, કલપીત વીચારો અને વહેમી ખ્યાલો પર છે અને કુરઆન શરીફ તે કીસ્સાઓને ખોટા અને બાતીલ કરવાવાળું અને તે ખ્યાલોને દુનીઆંથી નાબુદ કરવાવાળું છે. જ્યારે આ હકીકત છે તો સાબીત થઇ ગયું કે તેમનો મજહબ અહલે બેતના મઝહબના માફક નથી કેમકે અહલેબેતનો મઝહબ કુરઆન ખીલાફ થઈ શકતો નથી. તેથી એ પણ જણાયું કે અહલેબેતનો મઝહબ સુન્નીયોના મઝહબના બરાબર છે, જે બીલકુલ કુરઆન શરીફની માફક છે.

ભાઈ સાહેબ ! અગર હવે પણ કોઇ વસવસો બાકી રહ્યો હોય તો સાંભળો કે હ૦ ઇમામ જૈનુલ આબેદીન અલી ઈબને હુસૈન રદી. સહીફએ કામેલામાં જે શીઆઓની નજીક ઘણીજ મોતેબર હોવાના સાથે ચાલુ છે અને તેના પર શીયાઓ અમલ કરે છે. તેમાં હ૦ જૈનુલ આબેદીન (અલે૦) શું ફરમાવે છે. " અલ્લાહુમ્મા વ અતબા ઉર રોસોલે વ મુસદકેકુહુમ મીન

અહલીલ અરદે બીલ ગયબે ઇન્હા મોઆરજતે હીલ મોઆનેદીના લહુમ બીતૂતકઝીબે વલ ઇશતીયાકે ઇલલ મુરસલીના કમાફ્દલતહુમ બે હકાએકીલ ઇ- માને ફી કુલ્લે દહરીંવ વ જમાનીન અરસલતા ફીહે રસુલોં વ અકમતા લે અહલેહી દલીલમ મીલૂલદુન આદમા ઇલા મોહમમદીન સલ૦ મીન અઈમમતીલ- હુદા વ કાદતે અહલીતૂ તુકા અલા જમીએહેમુસૂ સ- લામો ફ્જકુરહુમ મીનક, બે મગફેરતીંવ વ રીદવાન.” ઉપલી ઇબારતની મતલબ એ છે કે. ખુદાવંદા, તમામ પેગમ્બરોના અસહાબો કે જેઓ કાફીરોના જુઠ માનવા વખતે પોતાના નબીઓપર ઇમાન લાવ્યા અને તેઓની સચ્ચાઈ બયાન કરી, તેઓને બખશીસ અને રજામંદી- થી યાદ કર અને જયારે કે જનાબ રસુલે ખુદા સલ. ના અસહાબ, તમામ પેગમ્બરોના અસહાબોપર ફજી- લત રાખે છે, યાને જેવી રીતે હજરત મોહમ્મદ સલ. નબીયોના સરદાર છે તેવી રીતે, આપના અસહાબો પણ તમામ પેગમ્બરોના અસહાબોના સરદાર છે. તે કારણસર ઇમામ જૈનુલ આબેદીન તેમના હકમાં ખાસ કરીને દુઆ ફરમાવે છે કે, “ અલ્લાહુમ્મા વ અસ- હાબા મોહમ્મદીન સલ. ખાસ્સતન ” યાને ખુદાવંદા,

મોહમ્મદ સલ. ના અસહાબોપર ખાસ કરીને નત્રાજીશ-કર અને તેમને પોતાની મગફેરત અને ખુશનુદીના સાથે યાદ કર. તેના બાદ અસહાબોની તારીફની જગ્યા-પર આપ ફરમાવે છે કે “ વલ્લજીના આહસનુરસહા-બતા. ” યાને કે ખુદાવંદા, તે લોકોને પણ મગફેરત અને ખુશનુદીના સાથે યાદ કર, જેઓએ રસુલેખુદા સલ. ની મહોબ્બતથી બહુ સારો ફાયદો હાંસીલ કર્યો અને નેક સોહબત રાખી. “ વલ્લજીના અબલઉલ બલા અલહસના ફી નસરેહી.” યાને વળી અય ખુદાવંદા, તે લોકોને પણ મગફેરત ને રજામંદીના સાથે યાદ કર કે, જેઓએ રસુલે ખુદા સલ. ની હીમાયતમાં નેકીના સાથે તાબેદારી કરી. “ વકનફુહો. ” યાને આપને પો-તાના વચમાં લઈ લીધા અને દુશમનોથી આપની હી-ફાજત કરી. “ અસરઉ ઇલા વફાદતેહી વસાબકુ ઇલા દાઅવતેહી. ” યાને જેઓ તેમની ખીદમતમાં હાજર થવામાં પહેલા થઇ ગયા. “ વસતજાબુ લહુ હૈસો અસમઆહુમ હુજજતા રેસાલતેહી. ” યાને જેઓએ રસુલે ખુદા સલ. ની દાઅવત દીલોજાનથી કબુલ કરી. જ્યારે આપે પોતાની રીસાલતની દલીલો યાને કુર-આન મજીદના હુકમો તેમને સંભળાવ્યા. “ વફારકુલ

અઝવાજા વલ ઔલાદ ફીઇઝહારે કલેમતેહી." યાને જેઓએ આપનો દીનનો કલમો જાહેર કરવામાં પોતાની બીબીયો અને ઔલાદને છોડી દીધી. યાને ખુદાની ખુશનુદી અને ઇસલામને જાહેર કરવાની ગરજથી હીજરત કરી, ન કે દુન્યાની લાલચ વીગેરેના સબબથી. "વકાતલુલ આબાઅ વલ અબનાઅ ફી તસબીતે નુબુવતેહી વનતસરૂએહી." અને જે લોકોએ આપની નબુવતને મજબુત બનાવવાની ગરજથી પોતાના બાપ અને બેટાની સાથે મુકાબલો કર્યો અને રસુલે ખુદા સલ. ની ખીદમત કરવા તથા આપની મદદ કરવાના સબબથી કુફારપર ગાલીબ આવ્યા. પછી જે શખસને અકલે દીનનો કઇપણ હીસ્સો હાંસીલ થયો હોય તેનાથી છુપું નથી રહી શકતું કે ઉપર લખેલી બધી તારીફ અસહાબ, મોહાજેરીનો અને અનસારમાં મળી આવે છે. કેમકે આ અસહાબોએ ખુદાના દીનની મદદ અને હીમાયતમાં બીલકુલ પાછા રહ્યા નહી તેઓએ પોતાના બાપ અને ભાઇઓની ખુનરેજી કરીને ઈસલામને મજબુત કર્યો. દરેક લડાઇમાં હાજર રહ્યા. દીનના દુશમનો ઉપર જાહેર રીતે ફતેહ હાંસીલ કરી. ફક્ત જાબીર અબુજર રદી. વીગેરે કેટલાક આદમા

યોએ બધી લડાઇઓને ફતેહ કરી, તમામ કુફારોને મારીને ગલબો હાસીલ નથી કર્યો. બદરની લડાઈમાં ત્રણુસોતેર, ઓહદની લડાઇમાં એક હઝાર, હુનેનની લડાઈમાં બાર હજાર, તબુકની લડાઇમાં ત્રીસ હજાર અને એવીજ રીતે બીજી ઘણી લડાઇઓમાં હજારો અસહાબો હાજર થતા અને ખુદાના દીનની મદદ અને હીમાયત કરતા હતા અને ખુદા તઆલા તરફથી તેઓને ફતેહ અને કુંવતની બખશીસ વતી હતી. હવે સાબીત થયું કે ઇમામ જૈનુલ આબેદીન (અલે.) ના મજહબના પ્રમાણે તમામ અસહાબ મગફુર અને જન્નતી તેમજ હરેક રીતે સના અને તારીફને લાયક છે અને જયારે ઇમામ જૈનુલ આબેદીન અલે. નો આ કોલ છે તો તેનાથી સાબીત થયું કે શીયાઓના મજહબની જડ કે જે તેઓ અસહાબોની ગણુતરીમાં ફરક કરી ફક્ત થોડાકોનેજ અસહાબ ગણે છે, તે બીલકુલ ઉખડી ગઈ. હવે જાહીર થઈ ગયું કે શીયાઓ અસહાબોની ગણુતરી જેવી રીતે દેખાડે છે તે અહલે બેતનો કોલ નથી. બલકે તે એક શૈયતાની ફરેબ છે. જેનાથી બચવા માટે ખુદા તઆલાથી પનાહ માંગવી જોઇએ. ઉપરાંત ઇમામ જૈનુલ આબેદીન અલે. ફરમાવે

છે કે "વ મન કાનુ મુનતંવીના અલા મોહુબ્બતેહી." યાને ખુદાવંદા, તે લોકોને પણ મગફેરત અને ખુશનુદીથી યાદ કર કે જે રસુલે ખુદા સલ. ની મહોબતમાં ગરદીદા યાને આપના આશીક અને ચાહવાવાળા હતા. "યરજુન તીજારતલ લનતબુરાફી મવદ્દતેહી." યાને તે આપની મહોબતમાં એ નફાના ઉમેદવાર હતા, કે જેમાં ખોટ અને નુકશાનની જરા પણ ફીકર નહતી. મતલબ આ છે, કે રસુલે ખુદા સલ. ના અસહાબોએ હઝરત સલ. ની મહોબત અને દોસ્તી આખેરતના માટે ઈખતીયાર કરી હતી અને જ્યારે એવું છે તો તેમના હકમાં તે દોસ્તી દરેક પ્રકારે નફો અને ફાયદો પહોંચાડનાર થાય નહીં કે ખોટ અને નુકશાનનું મુળ થઇ પડે." વલ લઝીના હઝરત હોમુલ અશાએરો ઇઝ તઅલ્લકુ બે ઉરવતેહી." યાને ખુદાવંદા તે લોકોને મગફેરત અને ખુશનુદીથી યાદ કર, કેમકે જ્યારે તેઓએ તેમના કુટુંબ અને કબીલાવાળાઓને છોડી દીધા હતા જ્યારે તેઓ રસુલે ખુદા સલ. ના હીદાયતના ટોળામાં સામીલ થયા હતા. "વનતફત મીન હુમુલ કરાબાતો ઈઝ સકનુ ફી ઝીલ્લે કરાબતેહી." યાને જેમના સગાઈના રસ્તા નાબુદ થઇ ગયા હતા, જ્યારે

તેઓ હઝરત સલ. ના કરાબતના સાયામાં રહેવા લાગ્યા. યાને જ્યારે અસહાબ રસુલે ખુદા સલ. પર ઈમાન લાવ્યા અને આપની ખીદમતના માટે તૈયાર થઇ ગયા ત્યારે તમામ અરબના કુફ્ફાર તેમની અદાવતના માટે ઉભા થયા અને કરાબતના તમામ રસ્તાને તોડી નાખ્યા. " ફ્લા તનસાલહુમ અલાહુમ્મા તરકુલક, વફીક " તો ખુદાવંદા, તેઓએ જે ચીજને તરક કરી છે તેનો બદલો તેમને આપવા ભુલીશ નહીં એટલે તેમને તેમની હીજરત અને ખુદાના દીનની મદદ અને હીમાયતનો બદલો જરૂર આપજે. " વઅરદેહીમ મીરૂ રીદવાનેકા, " યાને એ ખુદાવંદા, તેના સબબથી કે જેઓએ ખલકતને તારી વહદાનીયત અને યકતાઈ અને તારી ઇબાદત પર ભેગા કર્યા છે તેઓને બદલો આપજે. "વકાનુ મઅ, રસુલેકા દુઆ તલલકા વઇલૈકા " યાને આ સબબથી પણ તેઓને નેક બદલો આપજે કે તેઓ તારા રસુલ સલ. ના સાથે રહી ફકત તારીજ રઝામંદીના માટે ખલકતને તારી વહદાનીયત અને ઈબાદતની તરફ બોલાવતા હતા. યાને જેવી રીતે રસુલે ખુદા સલ. ની ફૈઝ મહોબતથી ખુદ કામીલ થઈ ગયા હતા, તેવીજ રીતે ફકત અલ્લાહના માટે બીજાઓને

પણ ખુદાના દીન તરફ બોલવતા હતા. અને ઘણા લોકોને ખેંચીને દીને ઇસલામમાં ભેગા કર્યા એટલે કે હજારો મરદ અને ઔરત તેમની કોશીશથી ઇસલામના ટોળામાં સાર્મિલ થઇ ગયાં હતાં. આથી જે શખ્સ કુરઆનના તરીકા અને અહલેબેતના મજહબનો તાલીબ અને ખાહીશમંદ છે તે આ જગ્યા પર ગોર કરીને શૈતાની વસવસાથી અને ફરેબથી તરતજ તોબા કરીને કુરઆનના તરીકા (સુન્નત જમાત) પર આવી જશે. કેમકે રસુલે ખુદા સલ.ની જીંદગીમાં અને આપની વફાતના બાદ જે લોકોએ ખલકતને દીને ઇસલામના તરફ બોલાવ્યાં તે બધા અસહાબો હતા, નહી કે ફક્ત અબુઝર અને અમ્માર યા બીજા કેટલાક આદમી જે તમામ મુલકોમાં કુફર રદ કરવા માટે ફરતા અને ખલકતે ખુદાને હીદાયતની તાલીમથી માલામાલ કરતા ફરતા હતા. આવી વાત તો કોઇ બેવકુફથી બેવકુફ પણ નહી કહી શકે, તો પછી જે શખ્સ કુરઆનને માનવાનો દાવો કરતા હોય તે કેમ કહી શકે ! “ વશફુરહુમ અલાહીજરતેહીમ ફીકા દીયારા કૌમે હીમ ” યાને ખુદાવંદા તેઓને તેનો બદલો આપજે કે તેઓએ તારી રાહમાં પોતાની કોમ-

નાં શહેરો છોડયાં. " વખોરૂજેહીમ મીન સઆતીલ મઆશે ઇલાઝીકેહી." યાને એ ખુદાવંદા તેઓને પણ તેનો બદલો આપજે કે તેઓ પોતાની સારી રીતે મળતી રોજીને મૂકી મુશ્કેલીની રોઝી તરફ્ નીકળી આવ્યા, યાને તેઓએ પોતાનાં ઘરો અને એશઆરામના સામાનોને મૂકી દઇ હીજરત કરી સફરની મુસીબતની તંગીમાં આવી પડયા. " વમન નેઅલામન કસ સરતા ફી એઅજાઝે દીનેકા મીમ મજલુમેહીમ " યાને એ ખુદાવંદા તે લોકો પર મહેરબાની કર કે જેઓથી તેં પોતાના દીનને ગાલીબ કરવાને માટે પોતાના તાબેદાર અને ફરમાબરદારોની જમાઅતને રાત અને દીવસ તરક્કી આપી, યાને મજલુમ અસહાબો પર અહેસાન કર. મતલબ આ છે કે શરૂઆતમાં તો અસહાબ મજલુમ હતા, તેના બાદ તેઓએ હીજરત કરી અને તેઓએ એક પછી એક ઉપરાઉપરી ફતેહો હાંસીલ કરી તો તેના સબબથી દીને ઇસલામની ફતેહ થઇ અને બેશુમાર લોકો મુસલમાન થયા. " અલ્લાહુમ્મા વ અવસીલ ઇલત તાબેઇના લહુમ બે એહસાનીલ્ લઝીના યકુલુના રબ્બનગ ફીરલના વલે ઇખવાનેનલલઝીના સબકુના બીલ ઇમાને

ખૈરા જઝાએકા." યાને ખુદાવંદા, તે તાબેઈન અસહા-બોને પોતાના પાસેથી સારો બદલો આપ જેઓએ નેકીના સાથે તેમની પેરવી કરી અને બહુજ સારી રીતે તેમનો તરીકો ઈખતીયાર કર્યો અને રાત દીવસ આ દુઆ કરે છે કે "અય અમારા પરવર દીગાર તું અમોને અને અમારા તે ભાઇઓને બખશી દે જેઓ ઈમાનમાં અમારાથી પહેલાં થઇ ગયા," યાને તે લોક અસહાબોના હકમાં દુઆએ મગફેરત કરે છે. ઇમામ જૈનુલ આબેદીન અલે૦ નોજ આ કલામ આ વાતની તરફ ઇશારો કરે છે કે ત્રીજા પ્રકારના મુસ-લમાનો તેજ લોક છે, કે જે અસહાબોના હકમાં દુ-વાએ ખૈર કરતા રહે છે અને તેમાંથી કોઇનો કીનો પોતાના દીલમાં રાખતા નથી બલકે તેમની મગફે-રતના બારામાં ઈમામ જૈનુલ આબેદીન અલે. ની દુવા પણ મોજુદ છે. જ્યારે એવુંજ છે તો એ લોક બખશાએલા અને ખૈરો બરકતવાળા ફીરકાના પૈરવ છે, ન કે તેમના વીરૂધ.

અય મારા ભાઇ, હવે જરા આ પણ સાંભળી લો કે ઇમામ અલે. તાબેઈનની તારીફ વ તોસીફમાં શું

ફરમાવે છે કે "અલલઝીના કસદુ હુજજતહુમ." યાને ખુદાવંદા તે તાબેઈનને પણ સારો બદલો આપ કે જેઓ અસહાબોના તરીકા અને તેમના પગલે ચાલવાનો ઇરાદો રાખે છે. "વ તહરરવ વીજહતહુમ" અને જેઓ તેમનીજ તરફ ધ્યાન આપે છે, અને સમજીને તેમની રાહપર ચાલે છે. 'વમઝવ અલા શાકેલતેહીમ" અને જેઓ અસહાબોના તરીકા અને મજહબના પૈરવ હોય છે. "વલમ યસીગહુમ" મહોમ્મદ મુસતુફા સલ્લ. નો મરતબો તમામ નબીયોથી વધારે છે ને નબીયોના બાદ તમામ ઇનસાનોમાં બુજુરગી અસહાબોની છે અને અસહાબોમાંથી સૌથી વધારે બુજુરગીવાળા હ૦ અબુબકર સીદીક અને તેમના બાદ હ૦ ઉમર પછી હ૦ ઉસમાન અને હ૦ અલી રદી૦ છે. તેમના બાદ બીજા અસહાબો છે. બાદ અસહાબોને જોવા "રૈબુન ફી બસીરતેહીમ" અને જેઓને અસહાબોના દીલની બીનઇમાં કોઈ તરેના શકે રોકાવટ કરી નહીં યાને તાબેઇનોએ આમાં જરા પણ શક નહી કર્યો કે અસહાબ દીલી રોશનાઇ અને હીદાયતપર હતા. "વલમ યખતલીજહુમ શકકુન ફી કફવે આસારેહીમ" અને જેઓએ અસહાબોની ની-

શાનીઓની તાબેદારીના બારામાં કોઇ તરેહના શક અને વસવસાને દીલમાં નહીં લાવ્યા, યાને તેઓએ અસહાબોને હકક રસ્તાપર સમજી લીધા બાદ તેમની પેરવી કરી અને તેમનો હકક ખરો હોવામાં કોઇ તરેહનો શક કર્યો નહીં. "વલઇતેમામે બેહીદાયતે મનારેહીમ." અને જેઓએ અસહાબોની હીદાયત અને તેમના ખરા અને રોશન તરીકાવાળા કે જેઓ તાબેઈન ગણાય છે તેઓનો મરતબો બીજાઓ કરતાં વધારે છે, તેમની તાબેદારીમાં કદી શક અને શુબાહને દાખલ થવા દીધો નહી; યાને તેઓએ અસહાબોને સચ્ચાઇ વ હીદાયતનાજ રસ્તાપર સમજીને તેમની તાબેદારી ઇખતીયાર કરી હતી. "મુકાને ફીના વ મુવાજેરીના લહુન." અને જેઓ અસહાબોની મદદ અને હીમાયતમાં બહુજ જોશ દેખાડતા હતા, યાને અગર કોઈ બેદીન યા ગુમરાહ અસહાબોની પાક જનાબમાં કોઇ તરાહનો એતરાજ કરે છે તો તાબેઇન જવાબ આપીને તે તાનાને દુર કરે છે. આ બોલોથી તે તમામ શૈતાની વસવસા જે શીયા, અસહાબ કીરામપર લગાડે છે તે બાતીલ થઇ ગયા. ઇમામ જૈનુલ આબેદીન અલે ના કોલથી સાબીત થયું કે અસહાબોની

શાનમાં ખરાબ બકવું અને તોહમત મુકવું તે ઈમાનવાળાઓનું કામ નથી, બલકે ઇમાનવાળાનો તરીકો તે તોહમતોનો જવાબ આપવો અને રદ કરવો કે જે બેદીન અસહાબોના બારામાં કરે છે તે છે અને આમાં શક નથી કે આ ખુબી સુન્નીઓના સીવાય કોઇ બીજા ફીરકામાં મળી શકતી નથી. રાફ્જીઓ તો પોતાના ફસાદી ગુમાનના સબબથી તે પાક અને બુજુરગીવાળા અસહાબોની તરફ હઝારો તાના કરે છે અને એવીજ રીતે ખારજી જે હ૦ અલીને નથી માનતા ને તેમની પાક શાનમાં ખોટું બકે છે. તે પણ અસહાબોની બુરાઇ કરવામાં રાફ્જીઓથી કંઇ કમ નથી. "ખજલહુમલ્લ.હો તઆલા" યાને ખુદા એ બેઉ ફીરકાને ઝલીલો રૂસવા કરે! બસ, હવે તો જણાયું કે નજાત પામવાવાળો ફીરકો સુન્નીઓનોજ છે, નહીં કે તેમના વીરૂદ્ધવાળાઓ. "યદીનુના દીન હુમ" અને તાબેઇનને પણ સારો બદલો આપ, જે અસહાબોના દીન પર એતેકાદ રાખે છે "વયહ્દત દુનાં બેહદયેહીમ" અને અસહાબોના તરીકા પર ચાલે છે. "યત તકેફુના અલેહીમ" અને જે તેમનાથી મોહબત રાખે છે યાને અસહાબોની હીમાયત અને

મદદ પર એક મત છે અને જે બદદીન શેયતાન આવી શંકા પેદા કરે છે, તેને જવાબ આપીને પોતાની જમાતથી બહાર કાઢી મુકે છે. " વલા યતૂતહે મુનહુમ ફીમાઅહદવ ઇલૈહીમ " અને જે ચીજ અસહાબોએ તેમના પાસે પહોંચાડી છે, તેમના પર તોહમત લગાડતા નથી. યાને દીનના હુકમો અને રસુલે ખુદા સલ૦ ની હદીસો જે અસહાબોથી તેમના પાસે પહોંચી છે તેમાં અસહાબોની તરફ કોઇ તોહમત લગાડતા નથી. મતલબ આ છે કે અસહાબોને સાચું અને ખરૂં કહેવાવાળા સમજીને તેમની તમામ રીવાયતો અને હદીસોને કબુલ કરી, તેના પર અમલ કરે છે. અહીંથી સુન્નીઓના તે હદીસોની કીતાબોની સાબેતી મળે છે કે જે અહેલેબેત અને બીજા અસહાબોથી રીવાયત છે અને જાહીર થાય છે કે તમામ મોઅતેબર અને મકબુલ અને હજરત ઇમામ જૈનુલ આબેદીન અલે૦ નો મજહબ છે. વળી આ પણ જાહેર થઇ ગયું કે શીઆઓ અને ખારજીયોની રીવાયતો અસહાબોથી મરવી (રીવાયત થએલ) નથી. હજરત ઇમામ જૈનુલ આબેદીનના નજદીક બીલકુલ હડહડતું જુઠું છે અને શીઆઓ કેટલીક રીવાયતોને આજે

એહલેબેન અથવા અસહાબોની તરફ મનસુબ કરે છે અને જ્યારે તે રીવાયતો હજરત ઇમામ જૈનુલ્ આબેદીન અલે૦ ના મજહબ અને કુરઆન શરીફના વીરૂદ્ધ નીકળશે તો ખુલ્લુ થઈ જશે કે આ કોલ એહલેબેતનેઃ તેમજ અસહાબે કીરામનો નથી, બલકે કોઇ જુઠા અને ફરેબીએ ઈમામોના માથે લગાડી દીધો છે. બસ, તેથી હજરત ઇમામ જૈનુલ આબેદીન અલે૦ ના કોલના મુતાબીક શીયાઓની તમામ કીતાબો અને રીવાયતો બીલકુલ જુઠી સાબીત થઈ. અહલે ઇસ્લામ અને કુરઆન વ એહલેબેતના દોસ્તીવાળાને તેમનાથી દુર રહેવું ફરજ છે. અય નજાતને ચાહવાવાળા મુસલમાનો ! અલ્લાહનો કલામ અને હજરત ઇમામ જૈનુલ આબેદીન અલે૦ ના બોલોમાંથી અહી જેટલુ જાહેર કર્યું છે અને અગર કોઇ હક રસ્તાનો તલબ કરવાવાળો હોય તો તેના માટે આમાંથી ફકત એકજ બોલ પુરતો છે અને અગર કોઇ કમબખ્તને આખરતનો હક રસ્તો નસીબ ન થયો અને તે, ખતમલ્લાહો અલા કુલુબેહીલ, (યાને ખુદાએ તેમના દીલો પર મહેર કરી દીધી) પોતેજ કુફ્રના રસ્તા પર જમી રહયો અને કુરઆનનો ઇનકાર કરવાના

સબબથી પોતાને દોજખનો હકદાર બનાવ્યો, તો તેનાથી મુસલમાનોના તરીકામાં સવાલ જવાબ કરવાથી શું ફાયદો થશે! "વલ્લાહુલ હાદી, વ અલા કરમેહી એઅતેમાદી, સુબહાન રબ્બેકા રબ્બીલ ઇઝ્ઝતે અમ્મા યસેફુન, વસલામુન અલલ મુરસલીન વલહમ્દોલીલ્લાહે રબ્બીલઆલમીન," યાને અલ્લાહ હીદાયત કરવાવાળો છે ને તેના કરમ પર મને ભરોસો છે. પાક છે પરવરદીગાર જે બુજરગીવાળો છે, તેનાથી કે જે કાફેર લોકો બયાન કરે છે અને સલામ હોજો પયગમબરો પર અને તારીફ સાબીત છે અલ્લાહના માટે કે જે સારી જહાનને પાળવાવાળો છે.